RNI No.-GUJGUJ/2015/69143
Year : 7 Issue No : 6 Date : 01-01-2022 Saturday
Editor - Gagjibhai G. Sutariya

Place of Publication : S. P. Ring Road,
Vaisnodevi Circle, Ahmedabad - 382481


સમસ્ત પાટીદારની એકતાનું ધામ



# સરદારધામ

વર્ષ-૭ • અંક-૬ • જાન્યુઆરી, ૨૦૨૨

એક વિચાર






કાલુપુર બેંક

# ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.

સ્થાપના : ૧૯૭૦

મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેંક

સહકારથી સિધ્ધિ

## MSME ધિરાણ

7.50*%

₹ ૧ કરોડ સુધીના ધિરાણ માટે
(રેટીંગ આધારીત)

## એક્સ્પોર્ટ માટે ધિરાણ

7.50*%



## વેપાર મિત્ર ધિરાણ યોજના

નાના અને મધ્યમ ટ્રેડીંગ કરતાં વેપારીઓ માટેનું ધિરાણ

- માસિક સ્ટોક અને બુક ડેબ્ટ સ્ટેટમેન્ટ આપવામાં રાહત.
- ઓવરડ્રાફ્ટ ધિરાણની સગવડ
- પ્રોપર્ટીના વેલ્યુશનના ૭૦% સુધીનું ધિરાણ

7.50*%
રૂ.૧ કરોડ સુધીનું ધિરાણ

@ design copper

7378309191 (MISSED CALL) • 1800 233 99999 (TOLL FREE) • www.kalupurbank.com

* શરતોને આધિન
* વ્યાજના દર વખતોવખતના ફેરફારને આધિન

હેડ ઓફિસ : ''કાલુપુર બેંક ભવન'', આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.

ફોન નં.: ૨૭૫૮૨૦૨૦ થી ૨૭૫૮૨૦૨૬
E-mail : info@kalupurbank.com

Network
62 Branches
62 ATMs

મિશન-૨૦૨૬ અંતર્ગત

# સરદારધામનાં 5 લક્ષ્ય બિંદુઓ

## બિલ્ડિંગ પ્રોજેક્ટ

(અંતર્ગત ૧૦૦૦ કરોડના ખર્ચે ૧૦૦૦૦ દીકરા-દીકરીઓ
માટે પરવડે તેવા સુવિધાયુક્ત છાત્રાલયનું (ઈન્સ્ટિટ્યૂટ) નિર્માણ કરવું)

## GPSC / UPSC
## Defence / Judiciary
## સિવિલ સર્વિસ કેન્દ્ર

(અંતર્ગત ૧૦૦૦૦ દીકરા-દીકરીઓને વહીવટી સેવામાં મોકલવા)

## ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ (GPBS) ૨૦૧૮-૨૦-૨૨-૨૪-૨૬

## ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન (GPBO)

(પ્રથમ હરોળના ૧૦૦૦૦ ઉદ્યોગપતિઓનું સંગઠન)

## યુવા તેજ/તેજસ્વિની સંગઠન

(અંતર્ગત ૧૦૦૦૦૦ થી વધુ રાષ્ટ્રપ્રેમી યુવાઓનું સંગઠન)

સમસ્ત પાટીદારની એકતાનું ધામ
**સરદારધામ**
વિશ્વ પાટીદાર સમાજ

તંત્રી
ગગજી સુતરિયા

પરામર્શક સમિતિ
**એચ. એસ. પટેલ** (IAS, Retd.)
સી.ઈ.ઓ., સરદારધામ

**ટી.જી. ઝાલાવાડિયા**
માનદમંત્રી

સહતંત્રી
ડૉ. જાગૃતિ જે. પટેલ
ઉપપ્રમુખ,સરદારધામ,
કન્વીનર, દીકરી સ્વાવલંબન યોજના

સંપાદક
કૃષ્ણકાંત જે. પટેલ

જાહેર ખબર વિભાગ :
7575001428

નોંધ
આ માસિકમાં છપાતા લેખ, જાહેરાત અને માહિતી જે તે લેખક કે કંપનીના છે તેની સાથે તંત્રી કે સંસ્થા સહમત છે તેવું માનવું નહીં. સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન. ન્યાયતંત્ર અમદાવાદ

મુખ્ય કાર્યાલય
સરદારધામ
એસ. પી. રીંગ રોડ,
વૈષ્ણોદેવી સર્કલ,
અમદાવાદ-૩૮૨૪૨૧
ફોન : ૭૫૭૫૦૦૧૫૪૮/૯૬/૯૭, ૭૫૭૫૦૦૧૪૨૮/૩૮
ઇ-મેલ: info. sardardham@gmail.com
વેબસાઇટ : www.sardardham.org
ટ્રસ્ટ રજી. નં. ઈ/૨૦૯૨૪/અમદાવાદ

Printed, Published by **GAGJIBHAI G. Sutariya** on behalf of **SARDARDHAM** and **Published from** Near Royal Heights, S.P. Ring Road, Vaishnodevi Circle, Ahmedabad-382421
**Editor-GAGJIBHAI G. Sutariya**

# તંત્રીલેખ

**મારા વ્હાલા બંધુ-ભગિનીઓ,**

યુવાધનમાં ગ્રામ્ય સમાજના દીકરા-દીકરીઓ ખૂબ મોટા પ્રમાણમાં ગ્રેજ્યુએટ થઈ રહ્યા છે. તેમાંય self-finance કૉલેજો ચાલુ થવાથી ઈચ્છિત દરેક વિદ્યાર્થી એન્જિ.,કોમર્સ, BCA, MBA, આર્ટસ અને અન્ય પેરામેડિકલ ફેકલ્ટીમાં એડમિશન સહેલાઈથી મેળવી શકે છે. તેથી લાખોની સંખ્યામાં પાટીદાર યુવાનો ડિગ્રી મળ્યા પછી સમાજ તરફ મીટ માંડે તે સ્વાભાવિક છે. આવા સમયે સમાજે પણ સમયની માંગ સ્વીકારી આગામી ૧૦ વર્ષ માટે યુવાશક્તિના વિકાસમાં તમામ શક્તિ કામે લગાડી દેવી જોઈએ.

જેમાં મુખ્યત્વે સરકારી અર્ધસરકારી, નોકરીઓ માટે તાલીમ અને વિદ્યાર્થીઓને પરવડે તેવી રહેવાની,જમવાની અને વિના મૂલ્યે તાલીમની સુવિધા પૂરી પાડવી જોઈએ. આ ક્ષણે એ જણાવીએ કે સરદારધામ દ્વારા દીકરીઓ માટે વિનામૂલ્યે રહેવા,જમવા અને તાલીમની વ્યવસ્થા રાખેલ છે સને ૧૬-૧૭ થી માંડી આજ સુધીમાં ૨૦ હજાર દીકરા-દીકરીઓને વિનામૂલ્યે તાલીમ આપી છે. રહેવા-જમવાની સગવડ પૂરી પાડી છે. પરિણામ સ્વરૂપે ૯૦૦ દીકરા-દીકરીઓ વર્ગ-૧-૨-૩ માં પસંદગી પામી સરકારી સેવામાં જોડાયા, જેમાં ૧૫ ડે.કલેક્ટર, ૮ ડી.વાય.એસ.પી, રાજ્યવેરા આસિસ્ટન્ટ કમિશ્નર વગેરે જેવી પોસ્ટ પર પસંદગી પામ્યા છે.

તદ્ઉપરાંત યુવાવર્ગને ઉદ્યોગ સાહસિક બનાવવા સરકાર સાથે સંકલન કરી નવા ઉદ્યોગ-ધંધા શરૂ કરવાની તાલીમ આપવી જોઈએ. સરદારધામે આની શરૂઆત વર્ષ ૧૭-૧૮ થી શરૂ કરેલ છે. તેના પરિપાકરૂપે મોટી સંખ્યામાં યુવાનોને તાલીમ આપવામાં આવે છે. તદ્ઉપરાંત યુવા-ઉદ્યોગપતિઓને પ્લેટફોર્મ આપી ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઑર્ગેનાઈઝેશનની સ્થાપના કરી અરસ-પરસ ધંધા-રોજગાર આપી શકે તેવી નિઃશુલ્ક સગવડ મહેસાણા, રાજકોટ સુરત, ભાવનગર, વડોદરા, અમદાવાદ,મુંબઈ વગેરે શહેરોમાં સેવાઓ શરૂ કરી છે.

તદ્ઉપરાંત ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ ૨૦૧૮માં મહાત્મા મંદિર ખાતે, ૨૦૨૦ માં ગાંધીનગર હેલિપેડ ગ્રાઉન્ડમાં અગાઉ કરતા છ ગણી વિશાળ તેમજ ૨૦૨૨ માં સુરત ખાતે પછીથી ૨૦૨૪માં રાજકોટ અને ૨૦૨૬માં ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ અમેરિકા ખાતે યોજાવાની છે.

આમ યુવાનો માટે ધંધો, રોજગાર અને નોકરી માટે આવતા ૧૦ વર્ષ માટે અન્ય બાબતો ગૌણ રાખી રોકાણ કરીએ તો સમાજની અને રાષ્ટ્રની ઉન્નતિ થશે તે નિર્વિવાદ છે.

આપનો કલ્યાણ મિત્ર,
**ગગજી સુતરિયા**

**૭૩મા પ્રજાસત્તાક દિવસની શુભકામનાઓ**

# અનુક્રમણિકા


| શીર્ષક | લેખક | પાના નં. |
|---|---|---|
| સંઘર્ષ સે સફલતા કી ઓર... મોટીવેશનલ પ્રોગ્રામ -૪ | ટીમ સરદારધામ | ૬ |
| પ્રમુખની નિમણૂક | રાજમોહન ગાંધી | ૧૧ |
| GPBS-૨૦૨૨ પ્રમોશનલ પ્રોગ્રામ-૬ રાજકોટ | ટીમ સરદારધામ | ૧૫ |
| નૂતનવર્ષ સ્નેહમિલન અને GPBS-૨૦૨૨ પ્રમોશનલ પ્રોગ્રામ-૮ અંકલેશ્વર | ટીમ સરદારધામ | ૧૯ |
| લોકોપયોગી માર્ગદર્શન | એચ. એસ. પટેલ | ૨૨ |
| સંકલ્પોનો નવો વેરિયન્ટ | વૃંદા મનજીત | ૨૪ |
| અહિંસા | સ્વામી સચ્ચિદાનંદ | ૩૦ |
| ખળ ખળ વહેતી કવિતા | પદ્મશ્રી ગુણવંત શાહ | ૩૭ |
| સુખ દુઃખ મનમાં ન આણીયે | સુધા મૂર્તિ | ૪૧ |
| પ્રાંતિક ભાષાઓ | ગાંધીજી | ૪૩ |


## ટીમ સરદારધામ


**અમદાવાદ ઝોન**
નટુભાઈ એમ. પટેલ - ઉપપ્રમુખ
CA વી. વી. પટેલ - ઉપપ્રમુખ
રવજીભાઈ પી. વસાણી - ઉપપ્રમુખ
રમેશભાઈ બી. મેશિયા - ઉપપ્રમુખ
આનંદભાઈ એ. પટેલ - ઉપપ્રમુખ
નાગજીભાઈ એન. શિંગાળા - ઉપપ્રમુખ
પ્રો.ડો. જાગૃતિબેન જે. પટેલ - ઉપપ્રમુખ
CA બી. કે. પટેલ - માનદ્મંત્રી
જગદીશભાઈ વી. ભુવા - ચીફ ફાઈનાન્સ સેક્રેટરી
ટી. જી. ઝાલાવાડિયા - માનદ્મંત્રી / ચેરમેન સિવિલ સર્વિસ કેન્દ્ર
કાંતિભાઈ એલ. ગઢિયા - એડવાઈઝર
દિલીપભાઈ એમ. પટેલ (નેતાજી) - એડવાઈઝર
ગોવિંદભાઈ જી. વરમોરા - એડવાઈઝર
કાંતિભાઈ એન. પટેલ (રામ) - એડવાઈઝર
પ્રસન્નભાઈ એન. પોલરા - ફાઈનાન્સ સેક્રેટરી
કે. આઈ. પટેલ - મંત્રી
અબજીભાઈ કે. ધોળુ - મંત્રી
સંજયભાઈ કે. સાવલિયા - મંત્રી
ભરતભાઈ એચ. રાદડિયા - મંત્રી
કરસનભાઈ જી. પટેલ - મંત્રી
મંગળદાસ જે. પટેલ - મંત્રી
મહેન્દ્રભાઈ જે. વાડદોરિયા - મંત્રી
પ્રકાશભાઈ પી. વરમોરા - મંત્રી
મનોજભાઈ ટી. ડોબરિયા - મંત્રી
એફ. સી. પટેલ - મંત્રી
રામભાઈ એમ. શેલડિયા-પ્રોજેક્ટ ચેરમેન - ફેઝ-૨

**મધ્ય ગુજરાત ઝોન**
પારૂલભાઈ એલ. કાકડિયા - ઉપપ્રમુખ
રમેશભાઈ એ. પટેલ - ફાઈનાન્સ સેક્રેટરી
દુષ્યંતભાઈ આર. પટેલ - એડવાઈઝર
શ્રી નારાયણભાઈ વી. પટેલ - એડવાઈઝર
ઘનશ્યામભાઈ સી. બોરડ - મંત્રી
વિપુલભાઈ વી. ગજેરા - મંત્રી
ઘનશ્યામભાઈ જે. પટેલ - મંત્રી
હસમુખભાઈ વી. કોઠિયા - મંત્રી
કાંતિભાઈ વી. ભુવા - મંત્રી

**દક્ષિણ ગુજરાત ઝોન**
દિયાળભાઈ કે. વાઘાણી - ઉપપ્રમુખ
મનહરભાઈ જે. સાચપરા - ઉપપ્રમુખ
કેશુભાઈ એચ. ગોટી - એડવાઈઝર
રામજીભાઈ એસ. ઈટાળિયા - એડવાઈઝર
ગોરધનભાઈ આર. આસોદરિયા - એડવાઈઝર
હરેશભાઈ ડી. પરવાડિયા - મંત્રી
રવજીભાઈ પી. મોણપરા - પ્રોજેક્ટ ચેરમેન
જસમતભાઈ એન. વિડીયા - પ્રોજેક્ટ વાઈસ ચેરમેન
સુરેશભાઈ એ. પટેલ - પ્રોજેક્ટ વાઈસ ચેરમેન
ધીરૂભાઈ વી. માલવિયા - પ્રોજેક્ટ ઈન્ચાર્જ

**સૌરાષ્ટ્ર ઝોન**
પરેશભાઈ એમ. ગજેરા - ઉપપ્રમુખ
વલ્લભભાઈ એમ. સતાણી- ફાઈનાન્સ સેક્રેટરી
નાથાભાઈ એમ. કાલરિયા - એડવાઈઝર
જગજીવનભાઈ આર. સખીયા - એડવાઈઝર

**સૌરાષ્ટ્ર ઝોન**
મહેન્દ્રભાઈ વી. ગજેરા - મંત્રી
મહેન્દ્રભાઈ ફળદુ - મંત્રી

**મુંબઈ ઝોન**
કાનજીભાઈ કે. પટણી - એડવાઈઝર
કાંતિભાઈ એમ. ભાવાણી - મંત્રી

**દિલ્હી**
શ્રી ભાઈલાલભાઈ પટેલ - એડવાઈઝર
શ્રી ધનજીભાઈ પટેલ - મંત્રી

**સી.ઈ.ઓ.**
એચ. એસ. પટેલ, IAS (Retd.)

**સિવિલ સર્વિસ કેન્દ્ર**
સી. એલ. મીના, IAS (Retd.) ડાયરેક્ટર

**કન્વીનર - યુથ GPBO**
ભાવિનભાઈ આર. પટેલ

**પ્રમુખ સેવક**
ગગજી સુતરિયા

-ટીમ સરદારધામ

# સંઘર્ષ સે સફલતા કી ઓર...
# મોટીવેશનલ પ્રોગ્રામ -૪

મિશન-૨૦૨૬ અંતર્ગત સરદારધામ સમસ્ત પાટીદાર સમાજની યુવાશક્તિના સર્વાંગી વિકાસ માટે તેના નિર્ધાર કરેલા ૫ લક્ષ્યબિંદુઓને કેન્દ્રસ્થાને રાખીને કામગીરી કરે છે. સમસ્ત પાટીદાર સમાજના યુવાનોના વિકાસ અર્થે યોગ્ય માર્ગદર્શન મળી રહે તેવા શુભ આશયથી ખ્યાતનામ મોટીવેશનલ સ્પીકર્સ તેમજ જેમણે શૂન્યમાંથી સર્જન કર્યુ હોય તેવા અનુભવી બિઝનેસમેનને પોતાના અનુભવની પ્રેરણાદાયી વાતો કરવા તથા રાહ ચીંધવા માટે મોટીવેશનલ પ્રોગ્રામ્સનું અવારનવાર આયોજન કરવામાં આવે છે. તા.૪-૧૨-૨૧ ના રોજ સરદારધામના સ્થાપક ટ્રસ્ટી તથા બાન લેબ્સ પ્રા.લી. ના એમ.ડી. શ્રી મૌલેશભાઇ ઉકાણીના મોટીવેશનલ પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. સરદારધામના પટેલ બ્રધર્સ ઓડિટોરિયમમાં ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઇઝેશનના યુવા બિઝનેસમેન તેમજ જે વિદ્યાર્થીઓને બિઝનેસમેન થવાની મહેચ્છા હોય તેવા યુવાનોને ધંધાકીય માર્ગદર્શન આપવા મૌલેશભાઇએ પોતાના અનુભવના



ભાથામાંથી વિચારો રજૂ કર્યા. આ મોટીવેશનલ પ્રોગ્રામમાં શ્રી મૌલેશભાઈ ઉકાણી અને તેમના ધર્મપત્નિ સોનલબેન ઉકાણી તેમની સુપુત્રી કુ.રાધા, પ્રમુખસેવક શ્રી ગગજીભાઈ સુતરિયા, મંત્રી CA શ્રી બી.કે.પટેલ, શ્રી ટી.જી.ઝાલાવાડિયા, શ્રી પ્રકાશભાઈ વરમોરા, સી.ઈ.ઓ શ્રી એચ.એસ.પટેલ, સૌરાષ્ટ્ર ઝોનના, હોદ્દેદારો, ટીમ GPBO યુથના સભ્યો તથા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહ્યા હતા.



પ્રોગ્રામના પ્રારંભે સરદારધામના પ્રમુખસેવક શ્રી ગગજીભાઈ સુતરિયાએ ઉપસ્થિત સૌ મહેમાનો, હોદ્દેદારો તથા આમંત્રિતોને વાણીપુષ્પોથી આવકાર્યા. પોતાના તેમણે વક્તવ્યમાં જણાવ્યું કે સરદારધામનો વિચાર ૨૦૧૨માં તપોભૂમિ ઉત્તરાખંડમાં આવ્યો હતો. તેની સ્થાપના ૨૦૧૩ માં કરી ૨૦૧૪ માં ભૂમિપૂજન કર્યું. આ સંસ્થાના માધ્યમથી પાટીદાર સમાજનો એક ભવ્ય ઇતિહાસ લખાશે. આપણે સૌ તેના સાક્ષી હોઈશું. સરદાર સાહેબના વૈચારિક વારસદાર હોવાના નાતે તેમના ચીંધેલા રસ્તે તેમના સપનાં સાકાર કરવા માટે સૌ સાથે મળીને કટિબધ્ધ અને સંકલ્પબધ્ધ થઈએ. સરદારધામ ૨૧ મી સદીમાં દુનિયામાં પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા તથા નોકરી ઉદ્યોગ બને રોજગાર માટેનું ધામ એટલે સરદારધામ. આ સંસ્થા તેના ૫ લક્ષ્યબિંદુઓ અંતર્ગત જે કામગીરી કરે છે, તે વિગતવાર સમજાવ્યું. GPSC-



UPSC,GPBO ,GPBSની સમાજને ઉપયોગી દ્વારા સરદારધામની ૧૦ હજાર દીકરા-દીકરીઓને પરવડે તેવા છાત્રાલયનું નિર્માણ કરવું તથા સરદારધામ યુવા તેજ-તેજસ્વિની રાષ્ટ્રવાદી સેવા તથા સમાજના સર્વાંગી વિકાસ માટેની કામગીરી વર્ણવી. દીકરી દત્તક યોજના વિશે જણાવ્યું કે સંસ્થામાં સરદારધામમાં રહેતી દીકરીઓને દત્તક લઈને આખા વર્ષના ખર્ચ અંદાજે મળી રૂ.૫૧,૦૦૦ થાય છે. આ રીતે ૨૦૨૬ સુધી પંચવર્ષીય યોજના ચાલશે. આ સરદારસાહેબના નામ સાથે જોડાયેલું સેવાનું ધામ સરદારધામ છે. આપણે સરદાર સાહેબ અને સમાજ પર ભરોસો રાખીને કામ કરીએ છીએ અને આપણને તેમાં સફળતા મળે છે.



સરદારધામના માનદ્ મંત્રી CA શ્રી બી.કે.પટેલે સંસ્થાનો આંતરિક વહીવટ આદર્શ રીતે ચાલે છે તે અંગે માહિતી આપી. સરદારધામના માનદ્મંત્રી તથા સિવિલ સર્વિસ સેન્ટરના ચેરમેન શ્રી ટી.જી.ઝાલાવાડિયાએ સરદારધામમાં કાર્યરત સિવિલ સર્વિસ સેન્ટર, કેળવણીધામના સિવિલ સર્વિસ સેન્ટર તથા સરદારધામે શરૂ કરેલ સંસ્થાઓ કચ્છ-ભુજમાં શરૂ થયેલા સિવિલ સર્વિસ સેન્ટર,દિલ્હી ખાતે તાજેતરમાં શરૂ કરેલા સિવિલ સર્વિસ સેન્ટરમાં વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે હાલ ચાલતી વિવિધ પ્રવૃત્તિઓથી સૌને વાકેફ કર્યા. સરદારધામ તથા કેળવણીધામ દ્વારા સરકારી વહીવટ તંત્રમાં મોકલેલા પાટીદાર સમાજના દીકરા-દીકરીઓની અલગ-અલગ વિભાગ વિશે વિસ્તૃત માહિતી આપી પરીક્ષા વિશે કેન્દ્રમાં પ્રવેશ મેળવવાની રીત, તાલીમ વિશે ફીના માળખા વિશે સમજાવ્યું. તાજેતરમાં લેવાયેલી પરીક્ષાઓ અને તેના આવી ગયેલા પરીણામો તેમજ બાકી પરિણામો વિશે તથા શરૂ થનાર ફાઉન્ડેશન કલાસિસ માટેની વિગતો આપી. સૌરાષ્ટ્રના કન્વીનર કૌશિકભાઇ રાદડિયાએ મોટીવેશનલ સ્પીકર શ્રી મૌલેશભાઇ ઉકાણીએ બિઝનેસ ક્ષેત્રે મેળવેલ સફળતા વિશે માહિતી આપી. તેમની કંપની વિશે પરિચય કરાવ્યો. શ્રી મૌલેશભાઇ ઉકાણીની સુપુત્રી કુ.રાધાને યુ.એસ માં યંગ ડિઝાઇનર એવોર્ડ મળ્યો તેની ડોક્યુમેન્ટરી સૌએ નિહાળી, ત્યારબાદ કુ.રાધાએ



તે એવોર્ડ વિશેના પોતાના પ્રતિભાવો રજૂ કરી ઉપસ્થિત યુવા વિદ્યાર્થી ભાઇ-બહેનોને પ્રોત્સાહિત કર્યા. પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે તક આપણી આજુબાજુ જ રહેલી છે. તેને શોધીને ઝડપી લઈને આગળ વધવાથી સફળતા મળે છે.

સરદારધામના સ્થાપક ટ્રસ્ટી અને બાન લેબ્સ પ્રા.લી. ના એમ.ડી શ્રી મૌલેશભાઇ ઉકાણીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં સરદારધામના પવિત્ર પટાંગણમાં મોટીવેશનલ પ્રોગ્રામ-૪ માં ઉપસ્થિત સૌને આવકાર્યા. રમૂજી વાત સાથે પોતાના પ્રવચનની શરૂઆત કરી. પોતે ધો-૧૨ માં ૨ વખત નિષ્ફળ થયા પછી કેમેસ્ટ્રીના વિષય સાથે B.Sc. થયા તે અંગે પોતાના અનુભવો વર્ણવ્યા. નિષ્ફળ થનારને નાસીપાસ થયા વિના પુરુષાર્થ કરવાથી તેજ વિષય કે ક્ષેત્રમાં સફળતા મળે છે. તેમણે જણાવ્યું કે ડુ ઓર ડાય નહીં પરંતુ ડુ બિફોર ડાય. ડુ વ્હાય ડાય? ૧૯૬૬ માં ભારતીય ઔષધ નિર્માણના નામથી પોતાના પિતાશ્રી ડાહ્યાભાઇએ કંપની શરૂ કરેલી. ફક્ત રૂ. ૧૬૦૦૦ની રકમથી બે રૂમમાં આ આયુર્વેદિક કંપની શરૂઆત કરી. ૧૯૮૭માં જો B.Sc. પૂરું કર્યું ૧૯૮૯માં હું આ કંપનીમાં જોડાયો. અમારી કંપનીમાં મને ક્રમશ દરેક પ્રકારની કામગીરી કરવાનો અનુભવ થયો. આજે પરફ્યુમ, કોસ્મેટિકની આયુર્વેદિક ઔષધીઓનું ઉત્પાદન કરીએ છીએ અને એક નવી પેટ્રોલિયમ પ્રોડ્ક્ટ બનાવીએ છીએ. ગયા જન્મના પુણ્યથી માનવ જીવન મળે છે અને ઈશ્વરની કૃપાથી જ પાટીદાર સમાજમાં જન્મ મળે છે. આપણને પાટીદાર હોવાનો ગર્વ છે. એક સંતે પ્રશ્ન પૂછ્યો કે સૌથી પવિત્ર બિંદુ કયું? ને બધાના ઉત્તરો બાદ સંતે કહ્યું કે જે ખેડૂત ખેતરમાં પુરુષાર્થ કરે છે તેવા ખેડૂતના પ્રસ્વેદ બિંદુ સૌથી પવિત્ર બિંદુ છે આપણે સૌ આવી મહેનત કરનાર પાટીદાર સમાજમાં જન્મ્યા છીએ તે આપણા માટે સૌભાગ્ય તથા ગૌરવની વાત છે. કારણ કે આ પાટીદાર પાસે સંપ,શક્તિ, ત્યાગ, સમર્પણ અને પુરુષાર્થ છે. એટલે અન્ય સમાજના લોકો પાટીદાર સાથે વ્યવસાય કરવા માટે હંમેશાં તત્પર હોય છે.





જિન તુફાનોમેં લોગોકે આશોયાને ઉડ જાતે હૈ,
ઉનમે પાટીદાર અપને કપડે સુખાતે હૈ.

પાટીદાર અને સંઘર્ષ એકબીજાના પર્યાય છે. સરદારધામની મુલાકાત બાદ હું ગગજીભાઇ અને સમગ્ર ટીમને લાખ લાખ વંદન કરૂં છું. સંસ્થાનું સંચાલન કરવું એ ખૂબ જ અઘરૂં છે પરંતુ આ ટીમ આ NGO નું સરસ સંચાલન કરે છે તેમને ખૂબ ખૂબ અભિનંદન. કિસીને ફૂલ સે પૂછા કિ તુમ્હેં તોડા ગયા તો દર્દ નહીં હુઆ. ફૂલને કહા કિ તોડનેવાલા ઈતના ખુશ થા કિ મૈં મેરા દર્દ ભૂલ ગયા. આ પંકતિઓ ગગજીભાઇને સમર્પિત કરું છું. GPBS વિશે પોતાના અભિપ્રાય આપતા જણાવ્યું કે સૌને સાથે મળી વિકસવા માટે પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે છે આવો સૌ સાથે મળી નિર્માણ કરીએ. જેમ એક દીવો બીજા દીવાને પ્રગટાવીને અંધકાર દૂર કરે છે તેમ સરદારધામ આ પ્રકારની કામગીરી કરે છે. એકની સાથે એકને જોડવાથી બે નહીં પણ અગિયાર બનાવી શકાય તે પ્રકારે અહીં કામગીરી થાય છે. અલગ-અલગ દ્રષ્ટાંતો દ્વારા ઉપસ્થિત સૌને પોતાના ક્ષેત્રમાં આગળ વધવા તથા વિકાસ કરવા માટે પોતાના અનુભવના ભાથામાંથી ખૂબ સારી વાતો કરી. પાટીદાર સમાજ વિશે શાયરીમાં જણાવ્યું કે,

**મંદિરમેં હાથ જોડે જાતે હૈં,**
**મસ્જિદમેં હાથ ફેલાયે જાતે હૈં,**
**પાટીદાર એસા પરિવાર હૈ ,**
**જહાં પે હાથ મિલાયે જાતે હૈ.**
**જીવનમાં ત્રણ શબ્દો યાદ રાખવા જણાવ્યું,**



**જી એટલે જીવવું.**
**વ એટલે વધવું.**
**ન એટલે નષ્ટ થવું.**

આપણે કેમ અને કેવી રીતે કયા પ્રકારે જીવવું અને કેમ વધવું તે આપણા હાથમાં છે. જેણે કામ કરવું હોય તેનામાં ઉત્સાહ હોવો જોઇએ તો જ વિકાસ થાય. આપણે આપણી જાતે જ ઘણું શીખવાનું છે. આપણું સરવૈયું આપણે જાતે જ તૈયાર કરવાનું હોય છે. તેમાં આપણા કીમતી સમયનો વધારેમાં વધારે ઉપયોગ કરવો. સૌએ સાથે મળી એકબીજાને ઉપયોગી થવું. સંઘર્ષ કરવો તથા આગળ વધવું તે માટે દીર્ઘદ્રષ્ટિ રાખવી. ત્રણ પ્રકારના બળદની વાર્તાનું ઉદાહરણ આપી વિકાસ કેવી રીતે કરવો સમજાવ્યું કે ઉપસ્થિત સૌને સરદારધામમાં જે તક મળી છે તે માટે અભિનંદન પાઠવ્યા. તથા સૌને સફળ થવા માટે ઇશ્વરને પ્રાર્થના કરી. પોતાના પુસ્તકમાં જે દ્રષ્ટાંત આપેલા છે તેમાંથી બોધ લઈને આગળ વધવા માટેની વાતો કરી. શ્રધ્ધા સાથે રાખીને આગળ વધવા જણાવ્યું. આપણે જે ક્ષેત્રમાં વિકસવા માગતા હોય તેના સિવાય અન્ય કોઇ વિચાર કે સપના ન આવવા જોઇએ. જેઓ જીવનમાં પુરુષાર્થ કરીને પ્રેરણાદાયી જીવન જીવ્યા છે તેમના જીવનમાંથી કાંઇક શીખવા માટે સૌને જણાવી પોતાની આમંત્રિત કરી સન્માનિત કરવા બદલ ટીમ સરદારધામનો આભાર માન્યો.



ઉપસ્થિત GPBO યુવા બિઝનેસમેને પૂછેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપી આગળ વધવા માટે શુભેચ્છાઓ પાઠવી કાર્યક્રમના અંતે સરદારધામના મંત્રી અને સ્થાપક ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઇ વરમોરાએ ઉપસ્થિત સૌનો આભાર માની કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી. સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન શ્રી ભાનુચંદ્ર આર.પટેલ ખૂબ જ સરસ રીતે કરી સૌને પ્રભાવિત કર્યા.




**રાજમોહન ગાંધી**

જાણીતા રાજનીતિજ્ઞ અને ગાંધીજીના પૌત્ર


# પ્રમુખની નિમણૂક

સન ૧૯૩૮ની આખરમાં સુભાષે જાહેર કર્યું કે પોતે કોંગ્રેસ પ્રમુખ તરીકે બીજા વરસે પણ ચાલુ રહેવા ઈચ્છે છે. પહેલી વખત પણ સુભાષની પસંદગી વલ્લભભાઈને ગમી ન હતી. આ વખતે તેમણે વાંધો ઉઠાવ્યો. આ પ્રત્યાઘાતમાં થોડું અંગત તત્વ પણ હતું. વિઠ્ઠલભાઈના વસિયતનામામાં સુભાષે ભજવેલા ભાગ અંગે વલ્લભભાઈને જાગેલી કુશંકાઓ હજી શમી ન હતી અને સુભાષની કાર્યક્ષમતા અંગે પણ તેમનો અભિપ્રાય સારો ન હતો. બીમાર પડેલા રાજેન્દ્રપ્રસાદને સન ૧૯૩૮ના જુલાઈના પત્રમાં વલ્લભભાઈ લખે છેઃ " જવાહરલાલ ઓછામાં ઓછા ચાર મહિના યુરોપમાં રહેશે. તમે છ મહિના માટે જવાના છો. અને અમારે એવા પ્રમુખ જોડે કામ પાડવાનું છે કે જેને પોતાના કામની કશી સમજ નથી." વસિયતનામાની બાબત ઊભી થઈ ન હોત અથવા સુભાષની આવડત માટે સારો અભિપ્રાય હોત તોપણ સુભાષની ફરી વરણીનો વલ્લભભાઈએ વિરોધ કર્યો હોત.

સુભાષ જોડેના તેમના મતભેદ અતિશય તીવ્ર હતા. હિટલરના જોખમ સામે બ્રિટનની નબળાઈનો લાભ ઉઠાવવા માટે સુભાષ અતિશય આતુર હતા. વલ્લભભાઈ તેના વિરોધી હતા. સુભાષને લાગતું હતું કે અંગ્રેજોને હાંકી કાઢવા માટે સામૂહિક સત્યાગ્રહનો સમય



પાકી ગયો છે. પ્રાંતોમાં પોતાની સત્તાની જમાવટ કરી લેવી તે સન ૧૯૩૯માં કોંગ્રેસનું મુખ્ય કામ છે, તેવો વલ્લભભાઈનો મત હતો. આસામમાં લીગની આગેવાની તળેની સંયુક્ત સરકાર ભાંગી પડી ત્યારે આસામ ધારાસભાના ૧૦૮ સભ્યોમાં કોંગ્રેસની ૩૩ બેઠક હતી. સુભાષ કોંગ્રેસ પ્રધાનમંડળ સ્થાપવાની તરફેણમાં હતા. કોંગ્રેસ પાર્લમેન્ટરી બોર્ડના સભાસદ રાજેન્દ્રપ્રસાદ આસામનો હવાલો સંભાળતા હતા. તે અને આઝાદ આ ખ્યાલથી વિરુદ્ધ હતા. વલ્લભભાઈએ સુભાષને ટેકો આપ્યો. સન ૧૯૩૮માં ગોપીનાથ બારડોલોઈની રાહબળી તળે કોંગ્રેસી પ્રધાનમંડળ સ્થપાયું, જામ્યું અને તેના બળમાં વધારો થયો. છતાં સન ૧૯૩૮ની આખરમાં તમામ કોંગ્રેસી સરકારો પાછી ખેંચી લેવા અને અંગ્રેજ સરકાર સામે જુદ્ધ જગાવવા માટે સુભાષ તૈયાર થયા હતા. વલ્લભભાઈને આ માર્ગ બિનજરૂરી અને શાણપણ વિહોણો જણાતો હતો.બીજો મુદ્દો ગાંધીજી અંગે હતો. ગાંધીજીને પડતા મૂકી શકાશે તેવું સુભાષને લાગતું હતું. પણ સરદારની માન્યતા એવી હતી કે ગાંધીજી વગર છળે જ નહીં. છેલ્લી વાત એ હતી કે સન ૧૯૩૮માં સુભાષનો કોંગ્રેસ પ્રમુખનો હોદ્દો માત્ર બંધારણીય વડા તરીકેનો હતો પણ હવે પછી કોંગ્રેસ પ્રમુખ તરીકે પોતાના હાથમાં સક્રિય અને નિર્ણાયક સત્તા રાખવાનો તેમનો ઈરાદો હતો. આ બાબતમાં વલ્લભભાઈના ખ્યાલો સન ૧૯૩૬ની આખરમાં અસંદિગ્ધ ભાષામાં સ્પષ્ટ કરવામાં આવ્યા હતા અને તેમાં કશો ફેર પડ્યો ન હતો. આ વિચારો સુભાષના ખ્યાલથી તદ્દન વિરુદ્ધ દિશાના હતા.

બોઝના ટેકેદારો જે વલણ અપનાવી રહ્યા હતા તેનો હેવાલ આઝાદ પાસેથી જાણવા મળ્યા પછી સુભાષની ઉમેદવારી માટે વલ્લભભાઈનું આકર્ષણ ઓછું થયું.

તેઓ મારી પાસે આવ્યા. આવતા વરસ માટે પ્રમુખપદ સ્વીકારવા માટે મેં ભારપૂર્વક ના પડી હતી, તેનાથી તેઓ ઘણા દિલગીર હતા, તેવું તેઓએ કહ્યું. મારા નકારને કારણે સરદાર પટેલ પ્રમુખ બનશે તેવો તેમને ડર હતો.

તમે સમાજવાદ અને ઉદ્દામવાદના વિરોધી છો અને સમવાયી તંત્રના ઉગ્ર વિરોધી નથી. તમે હિંદુ – મુસ્લિમ એકતાના વિરોધી છો. આ બધાં જોખમ નિવારવા માટે સુભાષબાબુના નામની દરખાસ્ત મૂકવી જરૂરી બની જાય છે, તેવું તેમણે કહ્યું.

આઝાદના હેવાલથી વલ્લભભાઈને માઠું લાગ્યું. કેટલીક પ્રાંતિક સમિતિઓએ તેમના નામની દરખાસ્ત મૂકી હોવા છતાં, પ્રમુખપદ માટે ઉમેદવારી કરવાની તેમની ઈચ્છા ન હતી. તેમના માટે કહેવાતું હતું તેવાં અભિપ્રાયો અને વલણ પણ તેઓ ધરાવતા ન હતા. રાજેન્દ્રપ્રસાદને તેમણે આઝાદના કાગળની નકલ મોકલી અને સાથે પત્રમાં લખ્યું કે "ફરીથી ચૂંટાઈ આવવા માટે તે (સુભાષ)આટલી હલકી, નીચ કક્ષાએ ઊતરશે તેવો મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો." ગાંધીજી પણ સુભાષ ફરી ચૂંટાઈ આવે તેમાં નાખુશ હતા. "સુભાષ કલકત્તામાં જર્મન કોન્સલના સંપર્કમાં છે અને કંઈક ગોઠવણ અંગે વાટાઘાટો ચલાવે છે," તેવો હેવાલ મળવાથી કદાચ ગાંધીજીનું વલણ ઘડાયું હશે. મુંબઈમાં કાયદા પ્રધાન મુનશીને અંગ્રેજ સરકારના કેન્દ્રીય ગુપ્તચર ખાતાએ આવો હેવાલ આપ્યો હતો, અને મુનશીએ તે મહાત્માજીને મોકલ્યો હતો. ગાંધીજીને કદાચ લાગ્યું હશે કે વિશ્વયુદ્ધ શરૂ થાય તો સુભાષ બોઝ એવું વલણ લેશે કે જેને ટેકો આપી શકાય નહીં. "મુસોલિની માટેનો સુભાષનો આદરભાવ" ઘણા લોકો જાણતા હતા.

છેવટે ગાંધીજીએ સુભાષને ફરી વખત ઉમેદવારી ન કરવાની સલાહ આપી અને જવાહરલાલે પણ તેવી જ સલાહ આપી. પણ સુભાષ મક્કમ હતા. "ગાંધીજીનું અંતર કહેતું હતું કે મૌલાના પ્રમુખ બને તો કદાચ કોમવાદી સ્થિતિમાં સુધારો થાય." તેમણે આઝાદનો વિચાર કર્યો. વલ્લભભાઈએ આ વાતને ટેકો આપ્યો. પહેલાં તો આઝાદે ના પાડી પણ જાન્યુઆરીની અધવચ્ચે બારડોલીમાં ગાંધીજી અને સરદાર જોડે ચર્ચા કર્યા પછી તેમણે પોતાનો વિચાર બદલ્યો. રાજેન્દ્રપ્રસાદને વલ્લભભાઈએ લખ્યું, "જવાબદારી ઉપાડી લેવા માટે અમે મૌલાનાસાહેબને સમજાવી શક્યા છીએ... ઘણો વખત અચકાયા પછી તેમણે આ વાત

કબૂલ રાખી છે.'' આઝાદે હા પાડ્યા પછી વલ્લભભાઈએ પોતાની ઉમેદવારી વિધિસર પાછી ખેંચી લીધી. પણ બારડોલીથી મુંબઈ ગયેલા આઝાદે ફરી પાછો મત બદલ્યો. ''પોતાને મુક્ત કરવા માટે તે ફરી પાછા ગાંધીજી પાસે દોડી આવ્યા.'' કલકત્તાના રહેવાસી આઝાદને લાગ્યું કે ''બીજા બંગાળી જોડે સ્પર્ધા કરવી, તે અજુગતું અને કદાચ અણગમતું થઈ પડશે.''

ચૂંટણી અગાઉ એક અઠવાડિયા પહેલાં પટ્ટાભિસીતારામૈય્યાની ઉમેદવારી જાહેર કરવામાં આવી પણ સુભાષની પ્રતિષ્ઠા કે પ્રભાવ તેમની પાસે હતાં નહીં. આંધ્રની પ્રાંતિક સમિતિએ તેમના નામની દરખાસ્ત મૂકી હતી. વલ્લભભાઈ અને આઝાદ બંને ખસી ગયા હોવાથી સુભાષ સામે આ એક જ વિકલ્પ બાકી રહેતો હતો. ગાંધીજીના આગ્રહથી વલ્લભભાઈ, રાજેન્દ્રપ્રસાદ અને કારોબારીના અન્ય પાંચ સભાસદોએ પટ્ટાભિને ચૂંટી કાઢવાનો અનુરોધ કરતું નિવેદન બહાર પાડ્યું.

ગાંધીજીએ વલ્લભભાઈને ઉમેદવાર તરીકે ઊભા રાખ્યા હોત તો કદાચ બોઝ ચૂંટણીમાંથી ખસી ગયા હોત. પણ કેવળ પટ્ટાભિ જ મેદાનમાં હોવાથી કોંગ્રેસના ખેરખાંઓને હરાવી શકાશે તેવો સંભવ તેમને દેખાયો. પટ્ટાભિ તરફી નિવેદન સામે તેમણે પહેલો હલ્લો કર્યો. તેમાં કેવળ વલ્લભભાઈનો જ નિર્દેશ કર્યો. ''સરદાર પટેલ અને બીજા આગેવાનો'' નૈતિક જોરતલબી માટે દોષિત હતા. ''કારોબારીના સભાસદો સંગઠિત રીતે કોઈનો પક્ષ લે તે ગેરવાજબી ગણાય'' તેવું સુભાષે જાહેર કર્યું. તેમણે અત્યંત ગલીચ અને બિનપાયાદાર આક્ષેપ મૂક્યોઃ ''આવતા વરસ દરમિયાન બ્રિટિશ સરકાર અને કોંગ્રેસના રૂઢિચુસ્ત જૂથ વચ્ચે સમવાયી યોજના અંગે કશુંક સમાધાન કરી લેવામાં આવશે, તેવું ઘણા લોકો માને છે.''


આ આક્ષેપ ઘાતક હતો, કારણ કે ઈંગ્લેડ અને જર્મની વચ્ચે યુદ્ધ જાગવાની સંભાવના અને કેન્દ્રમાં સત્તાને ચીટકી રહેવાની બ્રિટનની તમન્નાને કારણે હિન્દુસ્તાનનો લોકમત બ્રિટનના ઉગ્ર વિરોધ તરફ ઝૂકી રહ્યો હતો. સમવાયી ધારાસભામાં ત્રીજા ભાગની બેઠકો દેશી રાજ્યોને આપવાની ગોઠવણને લીધે વલ્લભભાઈ, રાજાજી અને રાજેન્દ્રપ્રસાદ સમવાયી યોજનાના મક્કમ વિરોધીઓ હોવાને કારણે આ આક્ષેપ તદ્દન ખોટો હતો. રાજકોટના ઠાકોર અને તેમના સહાયક રાજાઓની ''સત્તા માર્યાદિત'' કરવા માટેના સંઘર્ષમાં ખૂંચી ગયેલા વલ્લભભાઈને રાજાઓ અને નવાબોની તરફદારી કરતી સમવાયી ધારાસભા માટે કશી કૂણી લાગણી હોઈ શકે નહીં. અત્યાર સુધી પ્રમુખપદ અંગેના ઝઘડાથી વેગળા રહેનાર જવાહરલાલે પણ જાહેરમાં કહ્યું કે '' સમવાય તરફી હોવાનું કલંક અન્યાયી છે.'' સુભાષના નિવેદનને આશ્ચર્યજનક ગણાવીને વલ્લભભાઈએ કહ્યું કે '' ફેડરેશનની તરફદારી કરે તેવો કોઈ સભાસદ કારોબારીમાં હોવાનું પોતે જાણતા નથી.'' પોતે અને કારોબારીના સભાસદો પ્રતિનિધિઓને માર્ગદર્શન આપવાનો પૂરેપૂરો અધિકાર ધરાવે છે'' તેવો દાવો પણ તેમણે કર્યો.

પણ પ્રતિનિધિઓએ વલ્લભભાઈનું માર્ગદર્શન સ્વીકાર્યું નહીં અને ગાંધીજીના વિચારોથી પણ તેઓ દોરવાયા નહીં. જાન્યુઆરીની ૨૯મી તારીખે ૧૫૮૦ વિરુદ્ધ ૧૩૭૫ મતે સુભાષ ફરી ચૂંટાઈ આવ્યા. તેમનું વ્યક્તિત્વ, અંગ્રેજો સામે વધારે આવેગપૂર્વક લડવાની રાષ્ટ્રવ્યાપી ભાવના અને કેટલાંક પ્રાદેશિક પરિબળોને કારણે આ ''બળવાખોર'' પ્રમુખ ગાંધીજી અને વલ્લભભાઈને હરાવી શક્યા.

કોંગ્રેસ પાસે હવે ત્રણ વિકલ્પ હતા. મહાત્માજીની રાહબરી છોડીને ચૂંટાયેલા પ્રમુખના હાથમાં સુકાન સોંપી દેવું, ગાંધીજીનું નેતૃત્વ સ્વીકારીને સુભાષ બંધારણીય વડા તરીકે કામ કરે તેવું દબાણ કરવું, અથવા આ બેમાંથી વચલો રસ્તો શોધવો. ગાંધીજીને પડતા મૂકવાનું અશક્ય હતું. સુભાષે જાતે જ કહ્યું કે, ''મોવડીમંડળ તરફ અણગમો ધરાવવા છતાં મોટા ભાગના કોંગ્રેસીઓ મહાત્મા ગાંધીને તજી દેવા તૈયાર નથી.'' બીજો વિકલ્પ સુભાષે નકારી કાઢ્યો અને વચલો રસ્તો શોધવાની મહેનત કરી. સુભાષ માત્ર શોભાનું પૂતળું બનવા તૈયાર ન હતા, તેમ વલ્લભભાઈ અને ગાંધીજી વચલા રસ્તા માટે તૈયાર ન હતા.

વલ્લભભાઈએ રાજેન્દ્રપ્રસાદને લખ્યું, "તેની (સુભાષ) જોડે કામ કરવું આપણા માટે અશક્ય છે, કારણ કે હકીકતમાં તો તે પોતાની રીતે જ કામ કરવા માગે છે." ગાંધીજી અને સરદારની સલાહ અનુસાર કોંગ્રેસ કારોબારીના પંદરમાંથી બાર સભાસદોએ રાજીનામાં આપ્યાં. નર્મદાને કાંઠે ત્રિપુરી ગામમાં કોંગ્રેસનું અધિવેશન માર્ચ મહિનામાં મળ્યું, ત્યારે સુભાષ બોઝને ખૂબ તાવ આવતો હતો ગાંધીજી ત્રિપુરીમાં આવ્યા નહીં, કારણ કે તેમણે રાજકોટમાં ઉપવાસ આદર્યા હતા. કોંગ્રેસનું બાવનમું અધિવેશન હોવાથી બાવન હાથીઓના રથમાં સુભાષનું સરઘસ કાઢવાનું હતું, પણ રથમાં માત્ર તેમનો ફોટો મૂકવો પડ્યો. પ્રમુખ તરીકેનું તેમનું ભાષણ તેમના મોટા ભાઈ સરત બોઝે વાંચી સંભળાવ્યું. આ ભાષણમાં અંગ્રેજ સરકાર સામે સામૂહિક સત્યાગ્રહ શરુ કરવાની ધમકી ઉચ્ચારવામાં આવી હતી.

ત્રિપુરીમાં વલ્લભભાઈનો આશય મુખ્યત્વે સુભાષને બંધારણીય વડાની મર્યાદામાં સીમિત કરવાનો હતો. આને કારણે ભંગાણ આવી પડે તો તે માટે પોતે તૈયાર હતા. આ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે ઠરાવ કરવામાં આવ્યો કે " પ્રમુખે મહાત્મા ગાંધીની મરજી પ્રમાણે કારોબારીની રચના કરવી." વલ્લભભાઈએ આ ઠરાવ ઘડ્યો ન હતો અને તેના સમર્થનમાં કશું બોલ્યા પણ નહીં. સાચી વાત તો એ છે કે ત્રિપુરીમાં તેમણે સંભાળપૂર્વક બોલવાનું ટાળ્યું. પોતે ભજવેલા પાઠમાં નહીં, પણ પોતાનો ઉદ્દેશ સાધવામાં તેમને રસ હતો. આઝાદી માટેની લડત, સામાજિક ન્યાય અને હિંદુ-મુસ્લિમ એકતા સંબંધે જેમની છાપ ખરાબ કરવામાં આવી છે, તેવા ત્રેસઠ વરસના આગેવાન અને વિજયી નીવડેલા બળવાખોર યુવાન વચ્ચે ત્રિપુરીમાં સ્પર્ધા થાય તો બોઝ બંધુઓની ચાલબાજીને લાભ થાય તેવું તે સમજતા હતા. આ ઠરાવ મુખ્યત્વે રાજાજીએ ઘડ્યો અને પંતે રજૂ કર્યો. આ ઠરાવને ટેકો આપતા પ્રવચનમાં રાજાજીએ પોતા વતી અને વલ્લભભાઈ વતી હર પ્રકારના સમાધાનને સખત શબ્દોમાં નકારી કાઢ્યું:



-ટીમ સરદારધામ

# GPBS-2022 પ્રમોશનલ પ્રોગ્રામ-૬ રાજકોટ

સરદારધામ સમસ્ત પાટીદાર યુવા બિઝનેસમેનને પોતાની કંપનીના માર્કેટિંગ, બ્રાન્ડિંગ તથા પ્રચાર - પ્રસાર માટે સરદારધામ દર બે વર્ષે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટના આયોજન કરે છે. આગામી GPBS - ૨૦૨૨ ઇન્ટરનેશનલ એક્ઝિબિશન સેન્ટર, સરસાણા સુરત ખાતે તા. ૨૬-૨૭-૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ દરમિયાન યોજાનાર છે. આ સમિટમાં વધારેમાં વધારે બિઝનેસમેન જોડાય તે માટે તેમને માહિતગાર કરવા માટે સરદારધામ ગુજરાતના અલગ-અલગ શહેરોમાં પ્રમોશનલ પ્રોગ્રામનું આયોજન કરે છે. તેના ભાગરૂપે સૌરાષ્ટ્રના હૃદયસમા રાજકોટમાં તા.૨૬-૧૧-૨૦૨૧ ને શુક્રવારના રોજ હેમુ ગઢવી હૉલમાં પ્રમોશનલ પ્રોગ્રામનું આયોજન સરદારધામ સૌરાષ્ટ્ર ઝોન તેમજ GPBS-૨૦૨૨ ની કોર કમિટીના સહયોગથી કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી ટીમ સરદારધામના હોદ્દેદારો, સ્થાપક ટ્રસ્ટીશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ અને અગ્રણી બિઝનેસમેન, યુવા તેજ-તેજસ્વિનીના હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

સમગ્ર વિશ્વમાં અદ્વિતીય કહી શકાય તેવી રીતે આ કાર્યક્રમમાં રામ-લખનની જોડી સમાન સરદારધામના ઉપપ્રમુખ અને સ્થાપક ટ્રસ્ટી શ્રી પરેશભાઇ ગજેરા અને સૌરાષ્ટ્ર ઝોનના મંત્રીશ્રી તથા ટ્રસ્ટી મહેન્દ્રભાઇ ફળદુએ



સંયુક્ત રીતે શબ્દ પુષ્પોથી ઉપસ્થિત સૌ મહાનુભવોનું સ્વાગત કર્યું.

ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૨ના કન્વીનર મનિષભાઇ કાપડિયાએ સુરત ખાતે યોજાનાર સમિટમાં ઉપસ્થિત સૌ ઔદ્યોગિક-વ્યાપારી મિત્રોને મોટી સંખ્યામાં જોડાવા માટે આમંત્રણ આપ્યું. આ સમિટ સૌ ઔદ્યોગિક મિત્રોને પોતાના બિઝનેસના વિકાસ માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. મંથનભાઇ ડઢાણિયાએ GPBS-૨૦૨૨ માં જોડાવા માટે ઉપસ્થિત સૌને આમંત્રણ આપ્યું. ખાસ મહિલા, એગ્રીકલ્ચર તથા ડેરી ઉદ્યોગ માટે, ડોમમાં એક્ઝિબિશન માટે અલગ વ્યવસ્થા કરેલ છે. જેમાં ૫૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. તેમાં સૌને જોડાઇને પોતાના બિઝનેસના માર્કેટિંગ માટે જોડાવા આહ્‌વાન કર્યું. આ કાર્યક્રમ દરમ્યાન સરદારધામના વિચારોથી પ્રેરિત થઈને શ્રી જયંતિભાઇ સરધારા, સ્થાપક ટ્રસ્ટી તરીકે શ્રી મહેંદ્રભાઇ



ફળદુ, સંજયભાઇ ટીલારા (હાઇબોન્ડ) ટ્રસ્ટી તરીકે સરદારધામની વૈચારિકયાત્રામાં જોડાયાં. તેમનું ખેસ અને સરદારસાહેબની પ્રતિમા અર્પણ કરી સન્માન કરાયું. GPBS-૨૦૨૨ના ડોમ સ્પોન્સર્સનું સન્માન કરવામાં આવ્યું. સરદારધામનાં ટ્રસ્ટી શ્રી ડૉ.ભરતભાઇ બોઘરાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌને GPBS -૨૦૨૨ની સમિટમાં સ્પોન્સર, સ્ટોલ ધારક તરીકે જોડાવા માટે આમંત્રણ આપ્યું. સાથોસાથ સરદારધામની પ્રવૃતિઓથી સૌને વાકેફ કરી ટીમ સરદારધામને અભિનંદન આપ્યા.

ચૈતન્યભૂમિ, રાજસ્વી રાજકોટના હેમુ ગઢવી હૉલમાં સરદારધામના પ્રમુખ સેવકશ્રી ગગજી સુતરિયાએ ઉપસ્થિત સૌને અભિનંદન પાઠવી શાયરી સાથે એક આગવા અંદાજમાં પોતાના વક્તવ્યની શરૂઆત કરી સરદાર સાહેબના વારસદાર એવા સમસ્ત પાટીદારના સૌ ભાઇ-બહેનોને આવકારી સરદારધામના પાંચ લક્ષ્યબિંદુઓ વિશે સૌને






માહિતગાર કર્યા. તેમાંનું એક લક્ષ્યબિંદુ GPBS - ૨૦૨૨ ની સમિટના યુવા હોદ્દેદારોને આવકાર્યા અને અભિનંદન આપ્યા. સરદારધામનાં અલગ-અલગ કાર્યક્રમમાં ઉચ્ચકક્ષાનું સંચાલન કરતા એવા શ્રી શૈલેષભાઈ સગપરિયાને અભિનંદન પાઠવી પાટીદાર સમાજના યુવાશક્તિના ઉજ્જવળ ભવિષ્ય માટે વિશ્વમાં પોતાની આગવી ઓળખ ઊભી કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડતા સરદારધામ વિશે સૌને માહિતી આપી. સંસ્થામાં વિદ્યાર્થીઓને રહેવા, જમવા, તાલીમ માટેની ફીનું માળખું દીકરીઓ માટે વાર્ષિક રૂ.૧ ના ટોકન દરે તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. સમય સાથે સમાજની જરૂરિયાતોને પૂરી પાડવા માટે એક આર્થિક ઐતિહાસિક અભિયાન શરૂ કર્યુ છે. તેના ભાગરૂપે દર બે વર્ષે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનું આયોજન કરવામાં આવે છે. ૨૦૨૨ની સમિટ સુરત ખાતે યોજાનાર છે. સરદારધામ દ્વારા યોજાતી સમિટના આયોજનમાંથી પ્રેરણા લઈને અન્ય સમાજે પણ આ રીતે સમિટના આયોજન કરવાનું શરૂ કર્યું છે. જે બતાવે છે કે આપણે સાચા રસ્તે આગળ વધી રહ્યા છીએ. આમ સરદારધામ



દ્વારા જે કેડી કંડારવામાં આવે છે તે કેડી ઉપર અન્ય સમાજ અને સમાજની સંસ્થાઓ ચાલે છે. ૧ હજાર કરોડના ખર્ચે ૧૦ હજાર દીકરા-દીકરીઓ માટે પરવડે તેવા છાત્રાલયનું નિર્માણ કરવું. તેમજ હાલ નિર્માણધીન પ્રોજેક્ટ વિશે માહિતી આપતા વડોદરા, ભાવનગર, ભુજ તથા દિલ્હી ખાતેના સિવિલ સર્વિસ કેન્દ્ર વિશે માહિતી આપી. તેના માધ્યમથી ૨૦૨૬ સુધીમાં ૧૦ હજાર દીકરા-દીકરીઓને સરકારી વહીવટી સેવામાં મોકલવાના છે. આ આપણું એક લક્ષ્ય છે. આપણે ૨૦૨૬ સુધીમાં જે પ્રવૃતિ દ્વારા સમાજનો વિકાસ કરવો છે તેનો રોડ મેપ નક્કી કર્યો છે. આ માટે ૨૦૨૪ માં રાજકોટ ખાતે તેમજ ૨૦૨૬માં જીછ ખાતે ૅમ્જી નું આયોજન કરવાનું નક્કી કરેલ છે. સમિટમાં સ્ટોલ લેવાથી તથા સ્પોન્સર થવાથી કંપનીનું બ્રાન્ડિંગ તેમજ માર્કેટિંગ થાય છે. માટે આપ સૌ આ સમિટમાં જોડાઈને સમાજના યુવાશક્તિના વિકાસમાં ઉપયોગી થઈએ. સરદારધામના વિચારો ગુજરાતના દરેક પરિવાર સુધી પહોંચાડવા તેમજ સમાજને સંગઠિત કરવા માટે સરદારધામના યુવા તેજ-તેજસ્વિની કાર્યકરો તથા

હોદ્દેદારો સુધી તમારી વિગત પહોંચાડવા પ્રયત્ન કરશો તેમ જણાવી સમાજને ઉપયોગી થવા માટે આહવાન કર્યું. તથા પાટીદાર સમાજના પ્રથમ હરોળના અગ્રણી સામાજિક આગેવાનોએ એક થઈને ચિંતન શિબિર કરી સમાજ માટે આવતા ૧૦ વર્ષ માટે રોડ મેપ તૈયાર કરવો. આ રીતે પાટીદાર સમાજના યુવા શક્તિની તકદીર, તસ્વીર અને તાસીર બદલી શકાય. સરદારધામ યુવા તેજસ્વિનીના કન્વીનર શ્રીમતી શર્મિલાબેન બાંભણિયાએ સરદારધામની દીકરી સ્વાવલંબન યોજનામાં સહભાગી થઈને પાટીદાર સમાજની દીકરીને અભ્યાસમાં ઉપયોગી થવા માટે યુવા તેજ-તેજસ્વિનીના તમામ સભ્યોને હાકલ કરી. ટીપે ટીપે સરોવર ભરી શકાય તે આ કાર્યક્રમથી સિધ્ધ થઈ શકે છે. સૌને ખોટા ખર્ચા અને અંધશ્રધ્ધામાંથી બહાર આવીને સમાજને ઉપયોગી થવા માટે આહવાન કર્યું. વ્યક્તિ દીઠ રોજ ૧ રૂપિયો બચાવીને દીકરીઓને દત્તક લઈ સ્વાવલંબી બનાવવાની યોજનામાં સહભાગી થવા જણાવ્યુ. વક્તા દિપાલીબેન પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં ઉપસ્થિત આવનારા સમયમાં સમસ્ત પાટીદાર સમાજના યુવાનોને ઉપયોગી થવા માટે સરદારધામની વૈચારિકયાત્રામાં સિધ્ધાંતોના મૂર્તિમંત કરવા તથા ઉપયોગી થવા આહવાન કર્યુ. સરદાર સાહેબના સિધ્ધાંતોને અનુસરીને ઉપયોગી થવું જોઈએ. આજે વિશ્વભરમાં પાટીદારોએ સાહસથી પોતાની એક અલગ બ્રાન્ડ ઊભી કરી છે. સરદારધામ આયોજિત GPBS-૨૦૨૨ માં આપણે જોડાવું જોઈએ. આપણે સૌએ ખૂબ ઉમંગ અને ઉત્સાહથી આવી પ્રવૃતિઓમાં જોડાવું જોઈએ. સંકેતભાઈએ GPBO માં





સૌ યુવા ઔદ્યોગિક સાહસિકોને જોડાવા માટે સૌને આહ્‌વાન કર્યું. GPBO ના કારણે જોડાયેલા બિઝનેસમેનને જે ફાયદાઓ થાય છે તે જણાવ્યા. અંતમાં GPBOનું ગીત ગાઈને પોતાનું વકતવ્ય પૂર્ણ કર્યું. યતિનભાઈ રોકડે યુવાનોને સરદારધામ યુવાતેજમાં જોડાવા આહ્‌વાન કરી સરદારધામની પ્રવૃતિઓમાં સહભાગી થવા જણાવ્યું. ૨૦૨૪ની સમિટ પહેલા સૌરાષ્ટ્રમાં યુવા તેજ-તેજસ્વિનીના સંગઠનમાં ૨-૨ લાખ સભ્યોનું સંગઠન તૈયાર હશે તેમ જણાવ્યું. પ્રસંગોચિત ઉદબોધનમાં સિદસર ઉમિયાધામના પ્રમુખ શ્રી જેરામભાઈ વાંસજળિયાએ પાટીદાર સમાજે કરેલી પ્રગતિને બિરદાવી હજુ આગળ વધવા માટે સંગઠિત થવાની સૌને હાકલ કરી સંગઠિત થઈ સૌએ સાથે મળી સંકલ્પ કરી સમાજના વિકાસમાં જોડાવું જોઈએ. સરદારધામમાં સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણનાં ગોલમાં જોડાવું જોઈએ. સરદાર સાહેબનાં સીધી લીટીના વારસદાર હોવાને નાતે તેમના વિચારોમાંથી પ્રેરણા લઈ આગળ વધવું જોઈએ. ૨૬ નવેમ્બર ૧૯૪૯ના બંધારણ દિવસ ઐતિહાસિક દિવસે સરદાર સાહેબે સ્વીકાર્યું તથા તેમના સપનાં પૂરા કરીને આર્થિક માપદંડથી વિશ્વગુરુ બનવા જણાવ્યું. સૌરાષ્ટ્ર ઝોનના કન્વીનર કૌશિકભાઈ રાબડિયાએ ઉપસ્થિત સૌનો હૃદયપૂર્વક આભાર માની કાર્યક્ર્મની


## સરદારધામ મેગેઝિનના વાચકો જોગ

સરદારધામ ઈ મેગેઝિનના વાચકોએ
મેગેઝિન અંગેના પોતાના પ્રતિભાવો
magazine.sardardham@gmail.com
ઉપર મોકલવા વિનંતી.

-ટીમ સરદારધામ

# નૂતનવર્ષ સ્નેહમિલન અને GPBS-2022 પ્રમોશનલ પ્રોગ્રામ-૮ અંકલેશ્વર

મિશન-૨૦૨૬ અંતર્ગત ૫ લક્ષ્યબિંદુઓ પૈકીનું ૧ લક્ષ્યબિંદુ એટલે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ. સરદારધામ પાટીદાર વ્યાપારી-ઔદ્યોગિક મિત્રોને પોતાની કંપનીના બ્રાન્ડિંગ તેમજ માર્કેટિંગ માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે. તેના ભાગરૂપે દર બે વર્ષે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનું આયોજન કરે છે. આગામી સમિટ ૨૬-૨૭-૨૮ ફેબ્રુઆરી -૨૦૨૨ દરમિયાન ઈન્ટરનેશનલ એક્ઝિબિશન સેન્ટર, સરસાણા, સુરત ખાતે યોજાનાર છે. આ સમિટનો ૮ મો પ્રમોશનલ પ્રોગ્રામનું તા. ૧૮-૧૨-૨૧ ને શનિવારના રોજ ડાયમંડ ચિલ્ડ્રન થિયેટર, GIDC અંકલેશ્વર ખાતે સરદાર પટેલ સોશિયલ ગ્રુપ દ્વારા આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના મંત્રીઓ શ્રી રાઘવજીભાઇ પટેલ તથા શ્રી જિતુભાઇ વાઘાણી, ધારાસભ્ય શ્રી દુષ્યંતભાઇ પટેલ, સરદારધામના પ્રમુખસેવક શ્રી ગગજીભાઇ સુતરિયા, ઉપપ્રમુખ શ્રી પારુલભાઇ કાકડિયા, મધ્ય ગુજરાત સરદારધામના સંકુલ નામકરણદાતા શ્રી દુષ્યંતભાઇ પટેલ, ભૂમિદાતા શ્રી રમેશભાઇ પટેલ, શ્રી વિપુલભાઇ ગજેરા, મંત્રી શ્રી હસમુખભાઇ કોઠિયા, શ્રી ભુપતભાઇ રામોલિયા, શ્રી વિનુભાઇ ડોબરિયા, શ્રી ચંદુભાઇ કોઠિયા શ્રી સુરેશભાઇ ભીંગરાડિયા તથા અન્ય સ્થાપક ટ્રસ્ટીઓ, ટ્રસ્ટીઓ અંકલેશ્વર GIDCના ઔદ્યોગિક મિત્રો ઉપસ્થિત રહ્યા.

સરદારધામના મધ્ય ગુજરાતના ભૂમિદાતા એવમ્ સ્થાપક ટ્રસ્ટી શ્રી વિપુલભાઇ ગજેરાએ ઉપસ્થિત સૌનું વાણીપુષ્પથી સ્વાગત કર્યુ. નૂતન વર્ષ સ્નેહમિલન અને GPBS-૨૦૨૨ પ્રમોશનલ પ્રોગ્રામ-૮માં સરદારધામના પ્રમુખ સેવક શ્રી ગગજીભાઇ સુતરિયાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં ઉપસ્થિત સૌને આવકાર્યા. મિશન-૨૦૨૬ અંતર્ગત સરદારધામના મિશન, વિઝન અને ગોલ્સ વિશે માહિતી આપતાં જણાવ્યું કે સરદારધામના સમસ્ત પાટીદાર સમાજના યુવાશક્તિના સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે.



અંકલેશ્વરે ૨૪ જેટલા ટ્રસ્ટીઓ તેમજ સ્થાપક ટ્રસ્ટીઓ આપ્યા છે તે બદલ સૌને અભિનંદન પાઠવ્યા. અંકલેશ્વરમાં જે ઔદ્યોગિક મિત્રો છે તેમને સરદારધામ સાથેના જોડાણ માટે અભિનંદન પાઠવી, ભરૂચ તેમજ વડોદરાના ઔદ્યોગિક તેમજ વ્યાપારી મિત્રોને યાદ કરી અભિનંદન પાઠવ્યા. પાટીદાર સમાજનો નવો ઈતિહાસ કે ગાથા લખવા માટે સરદારધામ દ્વારા પાંચ લક્ષ્યબિંદુઓ અંતર્ગત કામ થઈ રહ્યું છે. તેમાનું મુખ્ય લક્ષ્યબિંદુ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ છે જે સરકારની કક્ષાની હોય છે. ૨૦૧૮ તથા ૨૦૨૦ ની સમિટ વિશે માહિતી આપી. આ સમિટનો હેતુ સમજાવતા જણાવ્યું કે આ સમિટ ઔદ્યોગિક-વ્યાપારિક મિત્રોને જોડાવા માટેનું માધ્યમ છે. તેમાં વિશ્વભરનાં બિઝનેસમેન જોડાય છે. તેમાંથી તેમને અનેક સામાજિક ફાયદા પણ થાય છે. મધ્ય ગુજરાત, દ.ગુજરાતના તમામ ઔદ્યોગિક મિત્રો જોડાઇ શકે તે હેતુથી સુરત ખાતે આગામી ૨૬-૨૭-૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ દરમ્યાન યોજાનાર સમિટ્માં જોડાવા માટે આમંત્રણ આપ્યું. આ સમિટના આયોજન માટે ૪૫ વર્ષથી ઓછી ઉંમરના યુવાનોને જવાબદારી સોંપી છે. તેમને બિરદાવી કાર્યક્રમના યજમાનોને પણ બિરદાવ્યા. ૧ હજાર કરોડના ખર્ચે ૧૦ હજાર દીકરા-દીકરીઓને રહેવા માટે પરવડે તેવા છાત્રાલયના નિર્માણ કરવાની માહિતી આપી. હાલ કામ ચાલુ છે તેવા પ્રોજેક્ટ તથા આવનાર સમયમાં સુરત તથા રાજકોટ ખાતે પ્રોજેક્ટનું કામ ચાલુ થશે. અત્યાર સુધીમાં સરદારધામ તથા કેળવણીધામ દ્વારા ૯૦૦ થી વધારે પાટીદાર સમાજના દીકરા-દીકરીઓને તાલીમ આપી સરકારી વહીવટીતંત્રમાં મોકલ્યા. તાજેતરમાં UPSC-GPSCના આવેલ પરિણામોથી સૌને વાકેફ કર્યા. GPBO ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઇઝેશન તથા યુવા તેજ-તેજસ્વિનીની કામગીરી સૌને જણાવી. સરદારધામ તમામ સમાજને સાથે લઈને ચાલે છે. અન્ય સમાજોથી પણ આપણી સમિટને જોઇને પોતાના સમાજ દ્વારા આ પ્રકારની સમિટનું આયોજન કરવાનું શરૂ કર્યું છે. સમાજના યુવાધનને વ્યવસ્થા અને પ્લેટફોર્મ પૂરું પાડવાથી દુનિયાના કોઈપણ ખૂણે પડેલી તકને તેઓ ઝડપી શકશે. સરદારધામની આ પ્રવૃતિઓમાં આપ તન.મન, ધનથી જોડાઓ તેવી અપીલ કરી. સરદારધામ ગુજરાતના કોઈપણ ખૂણેથી ભણવા માટે આવે તો તેને વ્યવસ્થા પૂરી પાડી શકાય તે માટે આપ સૌ સ્થાપક ટ્રસ્ટી તેમજ ટ્રસ્ટી તરીકે જોડાઓ. આજ સુધીમાં ૫૧૯ સ્થાપક ટ્રસ્ટી, ટ્રસ્ટી તેમજ દાતાઓ સરદારધામની વૈચારિકયાત્રામાં જોડાઇ ચૂક્યા છે આપ પણ જોડાઓ, આપણે ૧ હજાર ટ્રસ્ટીઓ જોડવા છે. ૧૦ હજાર બિઝનેસમેનને આપણે સરદારધામમાં જોડવા છે. તેનાથી યુવા બિઝનેસમેનને ઉપયોગી થઈ શકાય. સરદારધામના વિચારો અને પ્રવૃતિથી પ્રેરિત થઈને શ્રી કિશોરભાઇ કાછડિયા, કૌશિકભાઇ એમ.પટેલ, કલ્પેશભાઇ એમ. કોઠિયા, સુરેશભાઇ એમ. પટેલ ટ્રસ્ટી તરીકે જોડાયા તેમનું સન્માન કરવામાં આવ્યું. ૨૦૨૨ ના સમિટના ડોમ સ્પોન્સર બનેલા શ્રી ભૂપતભાઇ રામોલિયા, ધનલક્ષ્મી ગ્રુપ, શ્રી બાબુભાઇ, શ્રી ઘનશ્યામભાઇ, શ્રી વાસુદેવભાઇ-નીલકંઠ ગ્રુપ ઑફ ઈન્ડસ્ટ્રીઝનું સન્માન કરવામાં આવ્યું. ૨૦૨૨ ની સમિટમાં સ્ટોલ બુકિંગ કરાવનાર વ્યાપારિક ઔદ્યોગિક મિત્રોને સન્માનિત કરવામાં આવ્યા.

GPBS-૨૦૨૨ ના કન્વીનર શ્રી મનીષભાઇ કાપડિયાએ ઉપસ્થિત સૌ મહાનુભવોને આવકારી સમિટ વિશે માહિતી આપતા જણાવ્યું કે આ એક્ઝિબિશન દક્ષિણ ગુજરાતનું સૌથી મોટું અક્ઝિબિશન હશે. ૧૦૦૦થી વધારે સ્ટોલ્સ અને ડોમનું ૧૧ આયોજન કરેલ છે. ૫૦ થી વધારે સ્ટોલ્સ તથા ૨૫ સ્પોન્સર્સ બુક થયા છે. ૧ લાખથી વધુ વિઝિટર્સ ઓનલાઇન બુક થયા છે. સુરતમાં ગુજરાતના તમામ તલુકાના પાટીદારો વસે છે. એગ્રી, ડેરી તથા મહિલાઓ માટે ૫૦ % ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું છે. પાટીદારો પોતાની બ્રાન્ડ ડેવલપ કરીને આર્થિક રીતે આગળ વધે તે માટે આ સમિટ ઉપયોગી થશે. આમ સૌને આ સમિટમાં જોડાવા માટે અપીલ કરું છું. આ સમિટમાં એમણે શૂન્યમાંથી સર્જન કર્યુ છે તેવા અનુભવી બિઝનેસમેનને વક્તા તરીકે આમંત્રણ આપવામાં આવ્યું છે.

સરદારધામના ઉપપ્રમુખ તથા મધ્ય ગુજરાતના ભૂમિદાતા શ્રી પારૂલભાઇ કાકડિયા એ મધ્ય ગુજરાત સરદારધામના પ્રોજેક્ટ વિશે માહિતી આપી સૌને ચૅમ્જી-૨૦૨૨માં જોડાવા માટે આમંત્રણ આપ્યું. ડૉ. કિરણભાઇ પટેલ ૧૦ વીઘા જેટલી જમીનમાં સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરનો અંદાજે ૩૫ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ બનાવી આપણને સંચાલન કરવા માટે સોંપશે. તે પ્રોજેક્ટ વિશે માહિતી આપી પોતાની કંપની લક્ષ્ય ગ્રુપ ડોમ સ્પોન્સર તરીકે જોડાવા માટે જાહેરાત કરી. સૌને આ સમિટમાં જોડાવા માટે અપીલ કરી.

ભરુચના ધારાસભ્ય શ્રી દુષ્યંતભાઇ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું તેઓ સ્થાપક ટ્રસ્ટી તરીકે સરદારધામની વૈચારિક યાત્રામાં જોડાયા. અંકલેશ્વર તથા ભરુચમાં આવેલી ઇન્ડસ્ટ્રીયલ એસોસીએશનમાં આપેલી અલગ-અલગ પ્રકારની ઇન્ડસ્ટ્રીઝ વિશે માહિતી આપી તેમાં આગળ વધવા માટે રહેલી સંભાવનાઓ વિશે જણાવ્યું. આપણી સમિટમાં સૌ સાથે મળીશું ત્યારે એકબીજાને મદદરૂપ થઈ શકીશું. અંકલેશ્વરમાં પાટીદાર બિઝનેસમેન ખૂબ મોટી સંખ્યામાં સ્થાયી થયા છે. આજે યુવાનો માટે સૌથી મોટી જરૂરીયાત સ્કિલ ડેવલપમેન્ટ છે.

ગુજરાત સરકારના કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલે સમાજના સર્વાંગી વિકાસ માટે સરદારધામે સેવાયજ્ઞ આરંભ્યો છે અને સમાજનો તમામ વિકાસ થાય તે માટે ગગજીભાઇ તથા તેમની ટીમને અભિનંદન પાઠવ્યા. આર્થિક સહયોગ મળી રહે તે માટે સમિટ યોજી સમાજના યુવાનોને બિઝનેસ ક્ષેત્રે વૈશ્વિક ફલક ઉપર મુકવાનો પ્રયાસ આ સમિટના માધ્યમથી થઈ રહ્યો છે. સમાજને તમામ રીતે આગળ લઈ જવાના પ્રયત્નો કરવા બદલ ટીમ સરદારધામને હું ખૂબ અભિનંદન આપું છું. ઉપસ્થિત સૌને ૨૦૨૨ની સમિટની ભવ્ય સફળતા માટે શુભેચ્છા પાઠવી. મારા ખાતા અને રાજ્ય સરકાર તરફથી પૂરતો સાથ સહકાર મળી રહેશે. સૌને આ સમિટમાં જોડાવા માટે અપીલ કરી.

ગુજરાતના શિક્ષણમંત્રી અને સરદારધામના સ્થાપક ટ્રસ્ટી શ્રી જીતુભાઇ વાઘાણીએ પ્રમોશનલ પ્રોગ્રામમાં ઉપસ્થિત સૌને આવકાર્યા. GPBS-૨૦૨૨ની ટીમને અભિનંદન આપ્યા. સમિટમાં પાટીદાર બહેનો પણ ભાગ લઈ રહી છે તે માટે સરદારધામની ટીમને અભિનંદન આપું છું. વિકાસની બીજી પરિભાષા ઉદ્યોગ, બિઝનેસ કે વેપાર છે. પ્લેટફોર્મ અને એક્સપ્લોઝર આપવાનું કામ આ સમાજ કરી રહ્યો છે. આ આઠમા પ્રમોશનલ પ્રોગ્રામ માટે અભિનંદન આપું છું. મને વિશ્વાસ છે કે આવતા ૧૦ વર્ષમાં આ બિઝનેસ સમિટથી આપણા વેપારીઓને ખૂબ મોટો ફાયદો થશે. વિદ્યાર્થીઓને સિવિલ સર્વિસ માટે યુવાનોને બિઝનેસના વિકાસ માટેનું કામ તથા બહેનો માટેનું ખૂબ મોટું કામ આ સરદારધામ કરી રહ્યું છે. વિદેશ જવા માટે પણ ખૂબ જ મદદ મળશે. ૨૦૨૬ સુધીના નક્કી કરેલા ગોલ મુજબ કામગીરી થઈ રહી છે. આખા ગુજરાતના લોકોએ સમિટની મુલાકાત લેવી જોઇએ. સ્કિલ ડેવલપમેન્ટ માટે સરકાર તમને ઉપયોગી થશે. વડોદરા માટે સરકાર અને સરદારધામ સાથે મળીને કામ કરે તો રાજ્ય અને સમાજને ફાયદો થશે. નેશનલ તથા ઇન્ટરનેશનલ કક્ષાની સમિટમાં અમારે મદદ કરવી જોઇએ. સ્ટાર્ટઅપ માટે જરૂર પડ્યે સ્ટોલ રાખીશું. ભારત તથા ગુજરાત આત્મનિર્ભર બને તે માટે અમારા પ્રયત્નો છે. આગામી સમિટમાં આવનારા ભવિષ્ય માટે અચિવમેન્ટ માટે મુલાકાત લઈએ. આપણે સૌ આમાં જોડાઇએ તેવી શુભેચ્છા વ્યક્ત કરી. આપણે લીડરશીપ લઈને સરદાર પટેલના વંશજ તરીકે એક નવો ઇતિહાસ રચીએ.

કાર્યક્રમના અંતે દિનેશભાઇ પટેલે આ કાર્યકર્મમાં ઉપસ્થિત સૌ રાજસ્વી મહાનુભવો, ઔદ્યોગિક —વ્યાપારી મિત્રો, કાર્યકરો GPBS-૨૦૨૨ની કોર ટીમ, મધ્ય ગુજરાતની ટીમ અંકલેશ્વરની ટીમ, સરદાર પટેલ સોશિયલ ગ્રુપ, યજમાનશ્રીઓ વિપુલભાઇ ગજેરા, હસમુખભાઇ કોઠિયા, વિનુભાઇ ડોબરિયા, રમણભાઇ નાકરાણી વગેરેનો આભાર માની કાર્યક્રમની પૂર્ણાહૂતિ જાહેર કરી. કાર્યક્રમનું સ્ટેજ સંચાલન મનોજભાઇ પટેલ અને જલ્પાબેન પટેલે ખૂબ સરસ રીતે કર્યું.

# લોકોપયોગી માર્ગદર્શન



**એચ. એસ. પટેલ**
આઇ.એ.એસ.(નિ.)
સી.ઈ.ઓ., સરદારધામ

## જાહેર સંસ્થા / ટ્રસ્ટોએ ધારણ કરેલ જમીનમાં ગણોતધારાની કલમ-૮૮ બી હેઠળ મુક્તિ મેળવેલ હોય તેમાં ગણોતિયાના હક્કો ઉપસ્થિત થતા નથી.

ભારતને સ્વતંત્રતા – ૧૯૪૭માં મળ્યા બાદ, સૌથી પ્રથમ જમીન સુધારા કાયદાઓ ઘડવામાં આવ્યા તેનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે ''ખેડે તેને જમીન''નો અભિગમ હતો અને તે અંતર્ગત મુંબઈ રાજ્યમાં કે જેમાં હાલના ગુજરાતનો સમાવેશ થાય છે તેમાં મુંબઈ ગણોત વહીવટ અને ખેતી જમીનનો કાયદો – ૧૯૪૮ ઘડવામાં આવ્યો. આ કાયદામાં જે કાયમી સંરક્ષિત ગણોતિયા હતા તેઓને ગણોતહક્કે ખરીદનાર Deemed Purchaser Tenan તરીકે ઠરાવવામાં આવ્યાં. આ કાયદામાં ગણોતધારાની કલમ-૬૩ હેઠળ કોઈ બિનખેડૂત વ્યક્તિ ખેતીની જમીન ધારણ કરી શક્તો નથી તેવી જોગવાઈ છે. આ કાયદાના અમલીકરણ પહેલાં ખેતીની જમીન ધારણ કરવા ઉપરના કોઈ નિયંત્રણો ન હતા કારણ કે મોટાભાગની જમીનોના માલિકી રાજાઓ કે ગિરાસદારો હતા અને બ્રિટિશ હકૂમત સિવાય જમીન મહેસૂલની પ્રથા પણ જુદા જુદા પ્રકારની હતી. ગણોતધારા કાયદાનો અમલ-૧૯૪૮થી શરૂ થવાથી જુદી જુદી સંસ્થાઓ જેવી કે પાંજરાપોળ, આશ્રમ, ખેતીવાડી ફાર્મ, જાહેર સાર્વજનિક ટ્રસ્ટો વિગેરે જે તે સમયે આવી સંસ્થાઓએ ધારણ કરેલ ખેતીની જમીન કોઈને ગણોતથી ખેડવા માટે કે ભાડાપટ્ટે આપતા હતા અને આવી જમીનો ઉપરના ગણોતહક્કે ખેડતા ગણોતિયાઓએ પણ તેમને કબજેદાર ઠરાવવાના માટેના કેસો ઉપસ્થિત થયા અને જેથી ગણોત કાયદામાં કલમ-૮૮ બી હેઠળ ગણોત હક્કમાંથી અને ગણોતની જોગવાઈઓમાંથી મુક્તિ આપવાનું પ્રમાણપત્ર આપવાની જોગવાઈ કરવામાં આવી અને આ પ્રમાણપત્ર આપવાની સત્તા મામલતદાર અને કૃષિપંચને આપવામાં આવી. ગુજરાત રાજ્યમાં ઘણી સંસ્થાઓ છે. ખાસ કરીને ગૌશાળા, પાંજરાપોળ, કૃષિફાર્મ, ધાર્મિક સંસ્થા, જાહેર ટ્રસ્ટ વિગેરે. આવા ટ્રસ્ટોએ / સંસ્થાઓએ ધારણ કરેલ જમીનમાં જમીન સુધારા કાયદાઓ અન્વયે ઘડાયેલ ખેત જમીન ટોચ મર્યાદા ધારામાં પણ ટોચ મર્યાદા કરતાં વધારે



ધારણ કરેલ જમીનમાંથી પણ મુક્તિ આપવાની જોગવાઈ છે. આ સંસ્થાઓએ ધારણ કરેલ જમીનમાં ગણોતકાયદાની કલમ-૮૮ બી હેઠળ પ્રમાણપત્ર મેળવ્યું હોય તો ગણોતિયાનો હક્ક ઉપસ્થિત થતો નથી.

આજના લેખમાં ગુજરાત હાઈકોર્ટના સેકન્ડ અપીલ નં. ૧૭૮/૨૦૧૩ તા. ૨૯-૧-૨૦૧૪ના રોજ આપવામાં આવેલ ચુકાદો કે જે સાબરમતી આશ્રમ ગૌશાળા ટ્રસ્ટે ધારણ કરેલ ખેતીની જમીનમાં ભાઈલાલભાઈ નાનાભાઈના કેસમાં નિર્ણય આપેલ છે તે ગણોતધારાની કલમ-૮૮ બીના સંદર્ભમાં આપેલ છે એટલે તમામ જાહેર સંસ્થાઓ / ટ્રસ્ટો માટે મહત્વનો છે. આ કેસમાં સાબરમતી આશ્રમ હેઠળ જુદી જુદી પ્રવૃત્તિઓ માટે ધારણ કરેલ જમીન કે જેમાં ગૌશાળા માટે ખેડા જિલ્લામાં માતરમાં જમીન છે. તેમાં ભાઈલાલભાઈ અને બીજી વ્યક્તિઓને ગૌશાળા હસ્તકની જમીન ખેતી માટે ખેડતા હતા. આ ઈસમોએ મામલતદાર અને કૃષિપંચ સમક્ષ કાયમી ગણોતિયા હોવાને નાતે આ જમીન ઉપર ગણોતિયા ઠરાવી કલમ-૩૨ જી હેઠળની કાર્યવાહી માટે રજૂઆતો કરેલ. પરંતુ આ પ્રશ્ન હેઠળની જમીનમાં મામલતદાર અને કૃષિપંચ દ્વારા સાબરમતી આશ્રમ ગૌશાળાને ગણોતધારાની કલમ-૮૮ બી હેઠળ ગણોતધારા હેઠળ મુક્તિ આપવામાં આવેલ હતી. પરંતુ સાબરમતી આશ્રમને આ જમીનનો કબજો મેળવવા માટે નાયબ કલેક્ટર સમક્ષ અપીલ કરવામાં આવેલ. પરંતુ નાયબ કલેક્ટરે આ જમીનનો શાંત અને પ્રત્યક્ષ કબજો મેળવવા માટે સિવિલ કોર્ટ પાસેથી દાદ મેળવવા માટે સુચવતા સાબરમતી આશ્રમે સિવિલ કોર્ટમાં દાદ માંગતા જુનીયર ડિવિઝન કોર્ટ (માતર) સંસ્થાની તરફેણમાં ચુકાદો આપેલ તે સામે સામાવાળાઓએ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં અપીલ કરતાં તેઓએ જે દાવામાં મુદ્દાઓ ઉપસ્થિત કરેલ તે અન્વયે નિર્ણય આપેલ તે સામે ગુજરાત હાઈકોર્ટમાં સેકન્ડ અપીલ સ્વરૂપે દાખલ કરવામાં આવેલ. જેમાં ગુજરાત હાઈકોર્ટ અપીલ નં. ૧૭૮ / ૨૦૧૩ તા. ૨૯-૧-૨૦૧૪ના ચુકાદામાં જે અવલોકનો કરેલ છે તે અગત્યનાં છે. આ કેસમાં ભાઈલાલભાઈ અને બીજાઓએ જે દલીલો કરેલ તેમાં જણાવેલ કે ગણોતધારા હેઠળ સિવિલ કોર્ટને હકૂમત નથી એટલે કે Bar of Jurisdiction of Civil Court છે. આ હકીકત સાચી છે અને તે પાછળનું હાર્દ પણ એ છે કે જે તે સમયે જમીન સુધારા કાયદા અન્વયે જમીનદારોની જમીન ઉપર ગણોતિયાના હક્કો ઝડપથી કબજેદાર તરીકે આપવાના હતા એટલે સિવિલ કોર્ટને હકૂમત આપવામાં આવે તો લાંબો સમય જાય. પરંતુ આ સવાલવાળી જમીનમાં પાયાની બાબત અર્થઘટનની દ્રષ્ટિએ મહત્વનું એ છે કે જાહેર સંસ્થા તરીકે અને પબ્લિક ટ્રસ્ટ હેઠળ નોંધાયેલ સંસ્થા હોવાને કારણે કલમ-૮૮ બી હેઠળ મુક્તિનું પ્રમાણપત્ર હતું. પરંતુ પ્રશ્ન એ હતો કે ગણોતિયા પાસેથી જમીનનો શાંત અને પ્રત્યક્ષ કબજો મેળવવાનો હતો એટલે કબજો મેળવવાના ભાગરૂપે સિવિલ કોર્ટમાંથી દાદ મેળવવામાં આવેલ. આ કેસના પ્રતિવાદીઓએ એક તબક્કે એવી પણ રજૂઆત કરી હતી કે આ કેસમાં પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ ચેરિટી કમિશનરે કાર્યવાહી કરવી જોઈએ. પરંતુ ગણોતધારાની કલમ – ૮૮ બી ઉપર ચેરીટી કમિશ્નરને પણ કાર્યક્ષેત્ર પહોંચતું નથી. ચેરિટી કમિશનરે ફક્ત ટ્રસ્ટે ધારણ કરેલ જમીનમાં ગેરરીતી થઈ હોય તો કાર્યવાહી કરી શકે. આ કેસમાં તો સાબરમતી આશ્રમ ગૌશાળાની જમીનનો કબજો પરત મેળવવાનો હતો. આમ ગુજરાત હાઈકોર્ટે ગણોતધારા હેઠળ કલમ-૮૮ બી મુજબ અપાયેલ મુક્તિ પ્રમાણપત્ર અન્વયે સિવિલ કોર્ટે કબજો આપવાના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો. જયુડિશિયલ મેજિસ્ટ્રેટની કાર્યવાહીને પણ માન્ય કરવામાં આવેલ. આમ જે સંસ્થાઓએ ગણોતધારા હેઠળ કલમ-૮૮ બીનું પ્રમાણપત્ર મેળવેલ હોય તેમાં ગણોતિયાના હક્કો પ્રસ્થાપિત થતા નથી. રાજ્યમાં ઘણી સંસ્થાઓએ ખાસ કરીને પાંજરાપોળ તેમજ અન્ય સંસ્થાઓએ ધારણ કરેલ મોટાભાગની જમીનો અંદરખાને વેચાઈ ગઈ છે જે શરતભંગને પાત્ર થાય છે અને આવી જમીનોમાં ખેત જમીન ટોચ મર્યાદામાં મુક્તિ આપી છે તે પણ રદ કરવાપાત્ર થાય.

“ગણોતધારા / ટોચ મર્યાદા હેઠળ અપાયેલ મુક્તિની જમીનોના વેચાણ ગેરકાયદેસર ઠરી શકે.”

વૃંદા મનજીત
જાણીતા લેખિકા

# સંકલ્પોનો નવો વેરિયન્ટ

પ્રત્યેક નવું વર્ષ કેટલીક નવી ઉમીદો, આશાઓ લઈને આવે છે અને અનેક લોકો દર નવા વર્ષે નવા સંકલ્પો કરે છે, પરંતુ તેમાંના મોટા ભાગના સંકલ્પો તૂટી જાય છે. આ માટે પણ કેટલાક શોધ કર્તાઓ કહે છે કે ક-મને કરેલા સંકલ્પો માત્ર બોલવા, વાંચવા કે કહેવા માટેના રહી જાય છે તેથી તે ક્યારેય કાયમ નથી રહેતા. આપણે ભારતીયો ખૂબ જ ઈમ્પલ્સીવ હોઈએ છીએ. બીજાનું સુખી, નિયમિત અને સંયમિત જીવન જોઈને તેમના જેવા થવા માટે નિયમિત મંદિર જવા, સવારે વહેલાં ઉઠવા, મોર્નિંગ વૉક કે યોગાભ્યાસ, રોજેરોજ વાંચન કરવા, વધુ બચત કરવા, ખર્ચ ઓછો કરવા, સાત્વિક જીવન જીવવા પ્રમોશન મેળવવા કે આનાથી વધુ વેતન વાળી નોકરી લેવા માટે કોઈ નવી સ્કિલ ડેવલપ કરવા જેવા સંકલ્પો લઈ નાખીએ છીએ. સિગારેટ કે તમાકુ છોડવાના સંકલ્પો તો દર વર્ષે લેવામાં આવે છે. આ બધું કરવા માટે પરિવારજનોની સહમતી, પોતાના મનમાં દ્રઢ નિશ્ચય અને ક્રિટિસિઝમ સહન કરવાની આત્મશક્તિની જરૂરિયાત હોય છે. અને આ બધુંય મળી જાય તો પણ વધુ કરીને આ સંકલ્પોનું જીવન છ મહિનાથી વધુ જોવા મળ્યું નથી.

છેલ્લા ત્રણેક વર્ષ દરમિયાન કોરોના સામે લડાઈ કરી રહી દુનિયા આવનારા વર્ષોમાં કઈ સ્થિતિમાં હશે એ વિચાર શરીરમાં કંપકંપી લાવી દે છે. રાત-દિવસ સૂતાં-જાગતાં એક જ વિચાર આવે છે કે આપણું અને આપણા સ્વજનોનું ભવિષ્ય શું હશે? પોતાની અને મિત્રો તેમજ સ્વજનોની નોકરી હશે કે નહીં? કેટલાંય સેલ્ફ એમ્પ્લોઈડ મિત્રો છે જેમને આવનારા વર્ષ બે વર્ષ દરમિયાન, પહેલાંની જેમ રૂપિયા મળતાં રહેશે કે નહી એ પ્રશ્ન આંખો સામે ફર્યા કરે છે.

સમાજમાં ક્યાં સુધી માનવતા અને સેવાના તાણાવાણા વણાયેલા હશે? સરકાર અને સમાજ બંને મળીને નવા વાઈરસને ક્યાં સુધી સંભાળશે? દયા અને કરુણાની જ્યોત ક્યાં સુધી પ્રગટેલી રહેશે? તે પ્રશ્નો મનમાં ડંખ્યા કરે છે. પરંતુ આનો કોઈ સ્પષ્ટ, સુઘડ અને સુરક્ષિત ઉપાય શોધવો જ રહ્યો. એ સમય થોડો યાદ કરીએ, જ્યારે આ કપરા સમયની શરૂઆત થઈ અને પછી થોડું ચિંતન કરીએ કે ભવિષ્યમાં આપણે આ પ્રકારના વિષમ સમય સામે કેવી રીતે સાથે



મળીને લડત આપવી અને તેમાંથી કઈ રીતે બહાર નીકળવું.



૨૪મી માર્ચ ૨૦૨૦ – પ્રથમ લૉકડાઉનની ઘોષણા – પ્રત્યેક વ્યક્તિ, બાળકથી માંડીને જૈફ વયના સુધીના બધાં પોતપોતાના ઘરમાં બંધ થઈ ગયાં. કોઈને ખબર નહોતી કે આવી સ્થિતિ ક્યાં સુધી રહેશે. દરેકની આંખોમાં પ્રશ્નો, આશ્ચર્ય અને અનિશ્ચિતતાની ચિંતા વર્તાતી હતી.

તમને યાદ હશે, લૉકડાઉનના સમયગાળા દરમિયાન ડેઈલી વેજીસ પર કાર્યરત અથવા કોઈ ફેક્ટરીમાં મહેનત કરનારા લોકોનું જીવન એકદમ અનિશ્ચિત થઈ ગયું. આનું એક કારણ એ કે તેઓનું કામ બંધ થઈ ગયું તેથી તેમની રોજી પણ બંધ થઈ ગઈ. જે મોટી ફેક્ટરી બંધ હતી તેમનું પ્રોડક્શન બંધ થઈ ગયું તેથી સપ્લાય પણ બંધ થયો અને તેઓ તેમના સ્ટાફ માટે ગમે તેટલી ચિંતા કરે અથવા તેમને થોડો સમય ચાલે એટલું અનાજ આપવાની ઈચ્છા રાખે પરંતુ સ્થિતિ એવી હતી કે એક હદથી વધુ તે કરી શકે તેમ નહોતા.

અનેક મંદિરો, ગુરુદ્વારા, આશ્રમો દ્વારા અને વ્યક્તિગત રીતે પણ લોકોએ સેવા યજ્ઞ શરૂ કરી દીધો હતો. પરંતુ કેટલાયની નોકરી નહોતી, ઘણાયના નાના ઉદ્યોગો પણ ઠપ પડી ગયા હતા ઉપરથી સતત ઘરમાં રહેવાથી એક પ્રકારનું ફ્રસ્ટ્રેશન થતું હતું. માત્ર નિમ્ન અને મધ્યમ વર્ગીય પરિવારોમાં જ નહીં પરંતુ મોટા પગાર વાળી નોકરી કરનારા લોકોને પણ એ ચિંતા થતી હતી કે બેંકમાંથી મોટી લોન લીધી હોય તેના હપ્તા ભરવાના, બિઝનેસને આગળ વધારવા માટે મહત્વપૂર્ણ મિટિંગ થઈ શકતી ન હોય તેથી બધું સ્ટેન્ડસ્ટીલ થઈ ગયું હોય. આ એક કપરો સમય હતો. કહી ન શકાય અને સહી ન શકાય એવી સ્થિતિ હતી.




આપણે ઈચ્છીએ કે આવો સમય ફરીવાર ન આવે પણ કાલ કોણે જોઈ છે!!! ભવિષ્યમાં આવા સંજોગોનો સામનો કરવો હોય તો તે માટે કઈ રીતે તૈયાર રહેવાય તે વિશે જાણવું સમજવું અત્યંત જરૂરી છે. તો મિત્રો, આજે આપણે એ વાત કરીએ કે જીવનમાં મોજ-મસ્તી, આનંદ-ખુશી જરૂરી છે પરંતુ સાથે સાથે આવનારા કપરા સમયની તૈયારી કરીને રાખવી પણ તેટલી જ આવશ્યક છે. કોરોનાનો નવો વેરિયન્ટ આવી ગયો છે એટલે હવે આપણે આપણા જીવનમાં સંકલ્પોનો નવો વેરિયન્ટ લાવવાની શરૂઆત કરી જ દેવી જોઈએ.

**તમસો મા જ્યોતિર્ગમય**

ઉપરોક્ત સૂત્ર પ્રમાણે કેળવણી અજ્ઞાનરૂપી અંધકારા માંથી માનવને જ્ઞાનપ્રકાશ તરફ ગમન કરવા પ્રેરે છે. શિક્ષણ એ નબળાઈને શક્તિમાં ફેરવવાની ચાવી છે. તે આપણી આગળ રહેલી સમસ્યાઓને સમજવા માટે વિવિધ સાધનો અને રીતો પ્રદાન કરે છે અને તેને ઉકેલવામાં મદદ કરે છે. વધુ મહત્ત્વની વાત એ છે કે, શિક્ષણ આપણને યોગ્ય નિર્ણયો લેવા માટે નોંધપાત્ર માનસિક ચપળતા પ્રદાન કરે છે અને જ્યારે જરૂર પડે ત્યારે ક્રિયામાં આવે છે. ઘણા પ્રકારનાં સંશોધનો દર્શાવે છે કે શિક્ષિત મહિલાઓ Gender bias (સ્ત્રી-પુરુષ વચ્ચે ભેદભાવ) અને ઘરેલુ હિંસા સામે વધુ સરળતાથી ઊભી રહી શકે છે કારણ કે તેઓએ તેમની નિર્ણય લેવાની ક્ષમતામાં સુધારો કર્યો છે. ભારતમાં ૨૦૨૧ની ગણતરી પ્રમાણે ૭૪.૦૪ ટકા સાક્ષરતા છે તેની સામે ગુજરાતમાં સાક્ષરતા ૭૮.૦૩ ટકા છે.

સંકલ્પઃ આપણે પ્રણ લઈએ કે દેશના છેવાડાના માણસને શિક્ષણ મળે. તે શિક્ષણ મેળવી પોતાના નિર્ણયો કરવા માટે સક્ષમ થાય અને પોતાનું ઉત્થાન કરે અને દેશની પ્રગતિમાં પોતાનો ફાળો આપે. આવું એકલી સરકાર ન કરી શકે કે આપણે કોઈ બે ચાર જણા પણ ન કરી શકીએ. આ માટે સૌએ એક જ કામ કરવું જોઈએ કે

પોતાની આસપાસ, પોતાની પહોંચ પ્રમાણે, ઘરમાં કામ કરવા આવતા લોકોના ઘરમાં યથાશક્તિ ચોપડી, નોટબુક, પેન્સિલ, રબર વગેરે આપવાં. જો બની શકે તો આપણી નજીકમાં કોઈ સ્લમ એરિયા હોય ત્યાં માત્ર રવિવારે બે કલાક ભણાવવા જવું. ઉમદા વિચારો ધરાવતી ચાર-પાંચ વ્યક્તિઓ ભેગી થઈને આ કાર્ય હાથમાં લઈ લે તો ઠેર ઠેર જ્ઞાનના દીવા પ્રગટશે.



**પહેલું સુખ તે જાતે નર્યા**

આજકાલ 'ઈમ્યુનિટી' શબ્દ ખૂબ પ્રચલિત થયો છે. ઈમ્યુનિટી એટલે રોગપ્રતિકારક શક્તિ. ઈમ્યુનિટી પ્રાપ્ત કરવા માટે દરેક વ્યક્તિએ મોંઘું નહીં પરંતુ નિયમિત તાજું અને પૌષ્ટિક ભોજન લેવું જોઈએ. યોગ્ય પ્રમાણમાં વ્યાયામ અને આરામ બંને કરવા જોઈએ. આપણા દેશમાં જે ગરીબ છે તે ગરીબ છે તેને બે સમય પેટ ભરાય તેટલું પણ ભોજન મળતું નથી અને બીજી તરફ જે તવંગર છે તેમના ઘરોમાં દર ૮-૧૦ દિવસે પાર્ટી થાય છે અને તપેલાં ભરીને ભોજન ડસ્ટબીનમાં જાય છે. આ તફાવતને આપણે દૂર કરવો છે.

સંકલ્પઃ સારું, તાજું અને પૌષ્ટિક ભોજન લેવું, ખોરાકનો બગાડ કરવો નહીં. વાર-તહેવારે ભોજન વધી ગયું હોય તો તે ગરીબોમાં વહેંચી દેવું. પોતાના ઘરમાં આવતા કુલ વેતનનો અમુક ભાગ જૂદો રાખવો જેના દ્વારા અનેક જરૂરિયાતમંદ લોકોના ઘરોમાં અનાજ, શાકભાજી વગેરે મોકલવા. ઉપરાંત, પોતાની આસપાસની દુકાનેથી અનાજ, શાક-ફળ અને અન્ય વસ્તુઓ ખરીદવી જેથી તેમની રોજીરોટી પણ ચાલતી રહે. ઓનલાઈન કે કોઈ મોટાં મૉલમાંથી ખરીદવાથી નાની દુકાનવાળાઓને મોટો ફટકો પડી શકે છે.

**પૈસો મારો પરમેશ્વર**

કેવી આપદા ક્યારે આવે તે આપણે જાણતાં નથી હોતાં. પરંતુ તે માટે તૈયારી કરી રાખવી અત્યંત જરૂરી બની જાય છે. આ વાત આપણને કોરોનાના આગમને શીખવી દીધી છે. મન શાંત રાખી કામ કરવું. જરૂરિયાત જેટલી વસ્તુ જ ખરીદવી તે સાથે બચત પણ કરવી. આ માટે સૌ પ્રથમ તો આપણા વેતનને કેવી રીતે ખર્ચ કરવો તે જાણવું અત્યંત જરૂરી બની જાય છે.

જેમ જેમ આવક વધે છે તેમ તેમ વ્યક્તિનું જીવનધોરણ પણ ઊંચું થાય છે. જે વસ્તુઓ એક સમયે લક્ઝરી હતી તે જરૂરિયાતમાં ફેરવાય છે. આ માનસિકતા એક સમસ્યા ઊભી કરે છે. આવક વધવાની સાથે વ્યક્તિનો અભિગમ પણ બદલાય છે. આજે ૬ મહિના પહેલાં ખરીદેલા ફોનને જૂના ગણવામાં આવે છે અને Ola અને Uberની નવી દુનિયાએ તરત ઉપલબ્ધ અને સસ્તાં જાહેર પરિવહનને અસર કરી છે. તો હવે જોઈએ, વેતનને યોગ્ય રીતે કેમ વાપરવું? ગઈ કાલની આપદાએ આપણને બદલાતા સમય માટે શી વ્યવસ્થા કરવી તે વિશે શીખવી દીધું. એટલે જ કહ્યું છે સારા નરસા સમય માટે 'પૈસો મારો પરમેશ્વર' છે એમ માની પહેલાં જ તેને બચાવવા, પૂજવા અને ખર્ચ ઓછો કરવા માટે સલાહ આપવામાં આવે છે. હવે તે એકદમ પાકું થઈ ગયું છે કે પૈસા હશે તો તમે તમારું ગુજરાન તો ચલાવી જ શકશો સાથે અન્યની સેવા પણ કરી શકશો.

સંકલ્પઃ તમારા વેતનના પાંચ ભાગ કરી દો. તમારા રોજિંદા ખર્ચ માટે જો વેતનના ૫૦ ટકા વાપરતા હો તો તેને ૪૦ ટકા કરી દો. તેમાંથી ૨૫ ટકા જીવનશૈલી માટે ખર્ચ કરો જેમ કે કોઈને મોબાઈલ લેવો હોય, વાહન રીપેર કરાવવું હોય કોઈ પડદા-ચાદર ફાટી ગયાં હોય તો તે લેવાં હોય કે પછી કોઈ કીચનની વસ્તુ લેવી હોય તે માટે વાપરો પરંતુ જરૂર



ન હોય તો તેટલા રૂપિયા જૂદા જ મૂકી દો. ઉપરાંત ૧૫-૧૫ ટકા એમ બે અને પાંચ ટકા એક જગ્યાએ જુદા કરો. આમાંથી ૧૫ ટકા તો સીધા બચતમાં મૂકી દો, બીજા ૧૫ ટકા ઈમર્જન્સી ફંડ તરીકે રાખો અને પાંચ ટકા ઘરમાં રહેલા જૈફ વયના લોકો માટે રાખો – ક્યારેક તેમની દવાની જરૂરિયાત પડતી હોય છે અથવા નાનાં બાળકો હોય તો તેમને રમતાં રમતાં ક્યાંક વાગી જાય તો તેમનો પણ ઉપચાર કરવો પડે છે. જો એમાંથી પણ કોઈ વાર એ ફંડનો ઉપયોગ ન થાય તો તેને ગમે ત્યાં વાપરી ન નાખો, તેને કોઈ ચેરિટીમાં વાપરવા અથવા તેને એમ ને એમ રાખી રકમ વધારતાં રહો.

બચત કરવા માટેના સંકલ્પ: સૌ પ્રથમ તો બચત કરવાનું શરૂ કરી દો. તે માટે બેંકમાં એફડી કરી શકાય, મ્યુચ્યુઅલ ફંડમાં નિયમિત ભરી શકાય, જુદા જુદા પ્રકારની પૉલિસી લઈ શકાય, પરિવારના બધાં સભ્યો માટે મેડિકલ પૉલિસી લેવી. ઉપરાંત ક્રેડિટ કાર્ડનો ઉપયોગ ઓછો કરવો, અને જો કર્યો હોય તો તેના પૂરા રૂપિયા તરત જ ભરી દેવા. ઘરની જરૂરિયાતની વસ્તુઓ કે પછી રાચરચીલું કે કપડાં-શ્રૃંગારની વસ્તુઓ લેવા જવાનું થાય તો સૌ પ્રથમ લિસ્ટ બનાવી દો. જેથી દુકાનની ઝાકઝમાળથી લલચાઈને ન જોઈતી વસ્તુ ખરીદીને વધારાનો ખર્ચ ન થઈ જાય. બહારનું ભોજન ખાવાના શોખીન હો તો એવો નિયમ બનાવવો કે મહિનામાં એક કે બે વાર બધાં માટે બહારથી દરેકની પસંદગીનું ભોજન મંગાવવામાં આવશે. આમ કરવાથી એક તો પરિવારજનો સાથે બેસીને જમશે અને વધારાનો ખર્ચ નહી થાય.




જેમ ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં એવું શીખવાડવામાં આવે છે કે જ્યારે કોઈ આપદા આવે ત્યારે – તે સમયે તેનો સામનો કઈ રીતે કરવો તે ખૂબ મહત્વનું છે. તે જ રીતે જ્યારે કોઈ મહામારી આવે, ભૂકંપ કે પૂર આવે અથવા કોઈ એવાં સંજોગો આવે કે તેનો સૌએ મળીને સામનો કરવાનો હોય તો તે સમયે લોકોનો જીવ બચાવવા, ફરીવાર એકડે એકથી જીવનની શરૂઆત કરવા માટે રૂપિયાની જરૂર તો પડશે જ. તેથી આ માટે બે ત્રણ વસ્તુઓ ખાસ કરવાની રહે છે.

સૌ પ્રથમ તો જો તમે નોકરી કરતાં હો તો યોગ્ય રીતે રૂપિયાનું મેનેજમેન્ટ કરો. બીજું, જો તમે બિઝનેસમાં હો તો અથવા નવેસરથી બિઝનેસ શરૂ કર્યો હોય તો તેમાં કેટલાં લોકો (પરિવારો નોકરી દ્વારા) જોડાય છે તે ખૂબ મહત્વનું છે. એક રીતે જોઈએ તો તેઓ તમારી જવાબદારી જ ગણાય. તેથી અમુક ફંડ એવું રાખવું કે વિપરીત પરિસ્થિતિમાં પોતાનું તેમ જ તે જોડાયેલાં દરેક પરિવારનું ગુજરાન સારી રીતે ચાલી શકે. ત્રીજી ખાસ વાત એ છે કે આજકાલ ઓનલાઈન શોપિંગ કરવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. આના કારણે ન જોઈતી વસ્તુઓ ઘરમાં આવી જાય છે. વધારાનો ખર્ચ ભોગવવો પડે છે. તે સાથે આપણી સોસાયટીની આસપાસ આવેલી લોકલ દુકાનો પરથી આપણે કંઈ પણ ખરીદતાં નથી. તેથી તેમને મોટો ફટકો પડે છે. માત્ર કરિયાણું કે શાક-ફ્રૂટ જ નહી પરંતુ દરેક વસ્તુ માટે જો તમે દુકાનમાં જઈને ખરીદો તો તમે લોકલ વ્યક્તિઓને ખાસ્સો મોટો સપોર્ટ કરો છો અને તમને ગમતી વસ્તુ પણ લાવી શકો છો.

સંકલ્પ: પરિવારમાં જેમ જેમ સંખ્યા વધતી જાય એટલે કે દાદા દાદી, મમ્મી પપ્પા, દીકરો દીકરી કે આગળ તેમના સંતાનો હોય તો દરેકની એક એક ઈન્શ્યોરન્સ પૉલિસી, મેડિકલ પૉલિસી લઈ લેવી. આમ કરવાથી એક તો નિયમિત રીતે બચત તો થાય જ છે સાથે દરેકનું જીવન સુરક્ષિત રહે છે. ઘરમાં રહેતી દરેક વ્યક્તિને પૈસાનું મહત્વ બાળપણથી જ શીખવો અને તેમના પૉકેટ મની કેવી રીતે મેનેજ કરવા તે વિશે સમજાવો. વળી ઘણી વાર સંતાન કૉલેજમાં આવે ત્યારથી જ તેઓ પોતાની જવાબદારી સમજીને નાની મોટી નોકરી કે કોઈ સ્ટાર્ટઅપ શરૂ કરી કમાવાનું શરૂ કરી દે છે. તેમને જો બચત વિશે જ્ઞાન આપ્યું હશે તો તેઓ બચત પણ

કરશે અને પોતાના ખર્ચને જવાબદારીપૂર્વક મેનેજ કરતાં શીખશે. ઉપરાંત તેમની મનપસંદ વસ્તુ પોતાના પૈસે ખરીદી તેઓ આત્મનિર્ભર બનશે. આમ, આવનારી પેઢીનું જીવન સુરક્ષિત થશે. તમને જાણીને નવાઈ લાગશે કે ગુજરાતના મોટાં શહેરોમાં નવરાત્રિમાં નવેનવ દિવસ નવા અને એક્સક્લુસિવ ટ્રેડિશનલ ડ્રેસ બનાવવા યુવાન-યુવતીઓ આખું વર્ષ કામ કરે છે, બચત કરે છે અને ૧૦૦૦૦થી માંડીને ૫૦૦૦૦ સુધીના ડ્રેસ પોતાના પૈસે ખરીદે છે.

અહીં વધુ બે-ત્રણ મુદ્દા છે જે વિશે સંકલ્પ લેવાની જરૂરિયાત છે. એક તો પાણી બચાવો. આજે સ્થિતિ એ જોવા મળે છે કે એક વિસ્તાર એવો છે જ્યાં ભરપૂર પાણી મળે છે. અને બીજો એ જ્યાં પીવા માટે શુદ્ધ પાણી ઉપલબ્ધ નથી હોતું. જ્યાં ભરપૂર પાણી હોય છે તેઓ પાણીનો બગાડ પણ કરે છે. દરેક વ્યક્તિએ એવું વિચારવું જોઈએ કે કુદરતી સ્રોતોનું આપણે અતિશય દોહન કરી લીધું છે જેના કારણે આપણી આવનારી પેઢીને આપણે જોઈ તો નહી શકીએ પરંતુ તેમણે પાણીના અભાવનો જબરજસ્ત સામનો કરવો પડશે. બીજું એ કે પર્યાવરણ બચાવવા માટે એટલે કે આજે જે ક્લાઈમેટ ચેન્જની સમસ્યા વિશે સાંભળવામાં આવે છે તેમાં ઋતુમાં બદલાવ આવવાનું કારણ પણ પર્યાવરણમાં અસંતુલન છે. કોંક્રિટના જંગલો તો બનાવ્યા પણ હવે તેમાંજ ક્યાંક થોડી જગ્યા કરીને હરિયાળી લાવવાનું શરૂ કરી દો. તુલસી, મની પ્લાન્ટ તેમજ અન્ય ઈનડોર પ્લાન્ટ્સ ઉગાડો, ઘરની અંદર કે ટેરેસ ગાર્ડન બનાવી તમારા ઘરનું વાતાવરણ સુધારો. જો આપણે આટલું જ કરીશું તો 'ટીપે ટીપે સરોવર ભરાય' એ તર્જે પર્યાવરણમાં ઠંડક જરૂર લાવી શકીશું, અને ઋતુનું ચક્ર સુચારુ બનશે ઉપરાંત પોલિથીન કે પ્લાસ્ટિક ન વાપરવા માટે પણ પ્રણ લેવું રહ્યું. ઘરમાં જૂની ચાદરો, પડદા કે કોટનના દુપટ્ટા હોય તેમાંથી થેલીઓ બનાવીને બજાર જતી વખતે એ થેલી લઈને જઈએ તો પોલિથીન ઘરમાં નહી આવે.

**હવે થોડી નાની ટિપ્સ જોઈએ**

- બને ત્યાં સુધી નજીકની દુકાનેથી વસ્તુ ખરીદવાનો આગ્રહ રાખો
- ઘરની બહાર નીકળો તો માસ્ક પહેરીને નીકળો અને સોશિયલ ડિસ્ટન્સિંગ રાખો
- ખરીદી કરવા જતાં પહેલાં જરૂરિયાતની વસ્તુનું લિસ્ટ બનાવો જેથી વધારાની વસ્તુઓ જમા ન થાય
- દુકાનમાં ડિજિટલ પેમેન્ટ કરો
- ઘણી બધી વસ્તુઓ સામટી ન ખરીદો, જેટલી જરૂરિયાત હોય તેટલો જ સ્ટૉક ભેગો કરો
- જો તમે બિઝનેસ કરતાં હો અને તમારી ઑફિસમાં અનેક લોકો કામ કરતાં હોય તેમની જરૂરિયાતોને જાણો અને તેમને મદદ કરો
- જો તમે આર્થિક રીતે સક્ષમ હશો તો અન્યને પણ મદદ કરી શકશો
- પોતાની અને પરિવારજનોની જરૂરિયાત જેટલી મર્યાદિત રાખશો એટલું તમારું ભવિષ્ય સુરક્ષિત રહેશે
- પાણી બચાવવા માટેના જેટલા બને એટલા પ્રયત્નો કરવાનું શરૂ કરી દો
- પર્યાવરણ બચાવવા માટે ટેરેસ પર, બાલ્કનીમાં, ગેલેરીમાં, રસોડામાં જ્યાં યોગ્ય સ્થાન મળે ત્યાં છોડ વાવવાનું શરૂ કરી દો
- જ્યાં સુધી શક્ય હોય પોલિથીન અને પ્લાસ્ટિક વાપરવાનું બંધ કરી દો અને તેના બદલે કોટનની થેલી વાપરવાનું રાખો
- તે સાથે આપણે સૌ જવાબદાર નાગરિક બનીએ, એકબીજાને કામ આવીએ અને જો ક્યાંક એવું કામ નજરે પડે જે માટે સરકારને સૂચન કરવું જરૂરી હોય તો તે પણ બધાંએ મળીને કરવું જોઈએ.
- પોતાના ઘરની આસપાસ, ઑફિસમાં કે અન્ય જે સ્થાને જતાં હો ત્યાં સાફસફાઈનું ધ્યાન જરૂર રાખો. જ્યાં સ્વચ્છતા હશે ત્યાં ઈશ્વરનો વાસ હશે અને ત્યાં જ સ્વાસ્થ્ય હશે.

હાલમાં જ જાણવા મળી રહ્યું છે કે કોરોનાનો નવો વેરિયન્ટ આવી ગયો છે અને તે ખૂબ ઝડપથી ફેલાય છે. આવા સમયે મનમાં કોઈપણ પ્રકારનો ડર રાખ્યા વગર સંકલ્પના આ નવા વેરિયન્ટને અપનાવવો રહ્યો. 'ખૂબ કમાઓ અને ખૂબ બચાવો' આ નિયમ અપનાવવાથી આવનારું જીવન સુખમય વીતશે.



સમસ્ત પાટીદારની એકતાનું ધામ

# સરદારધામ

વિશ્વ પાટીદાર સમાજ

## તમામ ઔદ્યોગિક-વેપારી મિત્રો માટે સોનેરી અવસર

GPBS (ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૧૮/૨૦૨૦) ની ભવ્ય સફળતા બાદ સમાજના પ્રથમ હરોળના ૧૦૦૦૦ તેમજ ૧૫૦૦૦ જેટલાં નાના - મધ્યમ બિઝનેસમેન, સમાજના વિવિધ પ્રોફેશનલ અંગો અને સરદારધામ યુવા તેજ-તેજસ્વીની (૧ લાખ સંગઠન) મળીને લાખો લોકો સુધી આપની કંપનીની પ્રોડક્ટના માર્કેટિંગ, બ્રાન્ડિંગ અને લોન્ચિંગ માટેનું ઉત્તમ પ્લેટફોર્મ એટલે “સરદારધામ-એક વિચાર” ઇ-મેગેઝિન.

તો આવો મિત્રો...સાંપ્રત પરિસ્થિતિ તેમજ આજના ટેકનોલોજીના યુગમાં સમયની સાથે તાલ મિલાવવા **પરવડે તેવા જાહેરાતના નવા દર** સાથેના અજોડ માધ્યમ એવા “સરદારધામ-એક વિચાર” ઇ-મેગેઝિનમાં જાહેરાત આપી સરદારધામ વેબસાઈટ – સોશિયલ મીડિયા, ફેસબુકના માધ્યમથી આપણાં બિઝનેસનો બહોળો પ્રચાર કરી સફળતાના શિખરો સર કરીએ...જય સરદાર...

## “સરદારધામ-એક વિચાર” - ઇ-મેગેઝિન માટે જાહેરાતના નવા દર

**જાહેરાતના દર**
**(તારીખ :- ૦૧-૦૮-૨૦ થી લાગુ)**

વાર્ષિક (માસિક કુલ-૧૨ અંક)

બીજું ટાઇટલ (અંદરનું)
રૂા. ૧,૦૦,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.

મેગેઝિનની અંદરના કોઈપણ એક ક્વાર્ટર પેજ માટે રૂા.૧૫,૦૦૦/- એ-૪ સાઇઝનું ક્વાર્ટર પેજ
GST INCL.

ત્રીજું ટાઇટલ (અંદરનું)
રૂા. ૭૫,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.



મેગેઝિનની અંદરના કોઈપણ એક હાફ પેજ માટે રૂા.૨૫,૦૦૦/- A-4 સાઇઝનું હાફ પેજ
GST INCL.

ચોથું ટાઇટલ (બહારનું)
રૂા. ૬૦,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.

મેગેઝિનની અંદરના કોઈપણ એક ફુલ પેજ માટે
રૂા.૫૦,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.

મેગેઝિનમાં ઓછામાં ઓછા ૧ વર્ષ માટે જાહેરાત આપવી જરૂરી છે.

મેગેઝિનમાં આપની કંપનીની જાહેરાત માટે ડિઝાઇન આપના તરફથી આપવાની રહેશે.

૧ વર્ષની જાહેરાતની રકમનો ચેક અને ડિઝાઇન એડવાન્સમાં એક સાથે મોકલી આપવાના રહેશે.

**મેગેઝિનમાં જાહેરાત માટે કે અન્ય કોઇ માહિતી માટે ૯૮૭૯૯૯૪૯૬૭ / ૭૫૭૫૦૦૧૫૯૬ પર સંપર્ક કરવો.**

સરદારધામ, વૈષ્ણોદેવી સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૪૨૧

/Sardardham1 • /sardardham_ • www.sardardham.org • info.sardardham@gmail.com
+91 7575001548 • @sardardham_ • Sardardham_Info • /Sardardham



સ્વામી સચ્ચિદાનંદ
દેશના આધુનિક અને વ્યવહારિક આવિષ્કારોને સમર્થન આપતા સંત

# અહિંસા



બ્રહ્મચર્યની માફક અહિંસા પણ અકુદરતી છે. કુદરતી વ્યવસ્થામાં ચારે તરફ હિંસા જ હિંસા છે. ‘ જીવો જીવસ્ય ભક્ષણમ' પ્રમાણે થોડાક અપવાદ સિવાય બધા જ જીવો એકબીજાનું ભક્ષણ કરીને જીવે છે. માંસાહારી પ્રાણીઓ તો ઠીક, શાકાહારી પક્ષીઓ પણ ઈયળ, કીડા વગેરેનું ભક્ષણ કરે છે અને એ અન્ન – શાકાદિના છોડવામાં જીવ માનવામાં આવે તો શાકાહારીઓના ભોજન માટે પણ કેટ-કેટલાનો નાશ થાય છે ! એક પણ જંતુનો ઘાત કર્યા વિના જીવન જ શક્ય નથી. માનો કે તમારે અનાજ જોઈએ છે તો ખેતી કરવી જ પડશે. ખેતી કરશો એટલે જંતુ–પ્રતિકારક અને જંતુનાશક દવાઓ છાંટવી જ પડશે. આ બધામાં અસંખ્ય જીવ જંતુઓનો નાશ થવાનો જ. આવી રીતે નાના-મોટા ઉદ્યોગો કરશો તો તેમાં પણ જીવહિંસા થવાની જ. અનાજનો વ્યાપાર કરો તો તેમાં પણ અસંખ્ય જીવ-જંતુઓનો નાશ થવાનો જ. આવી રીતે નાના-મોટા ઉદ્યોગો કરશો તો તેમાં પણ જીવહિંસા થવાની જ અનાજનો વ્યાપાર કરો તો તેમાં પણ અસંખ્ય જીવો પડીને નષ્ટ થવાના. આમ ચારે તરફ હિંસા કર્યા વિના જીવવું શક્ય દેખાતું નથી. જો કોઈ એમ માને કે અમે ખેતી ન કરીએ, માત્ર અનાજ જ ખાઈએ, એટલે અમને પાપ ન લાગે. જે ખેતી કરે તેને પાપ લાગે. તો જો આવું જ હોય તો પશુહત્યા કરનાર કસાઈને જ પાપ લાગે, ખાનારને ન લાગે.(બૌદ્ધ ભિક્ષુઓ આવું માનીને ભિક્ષામાં માંસ મળ્યું હોય તો તે પણ ખાઈ લે છે.) પોતાના નિમિત્તે શાકાહારી રસોઈ રાંધી હોય તોપણ ખાનારને પાપ લાગે તેવું માનનારા પણ છે જ. આવી જ રીતે કૂવા, તળાવ કે પાણીના બીજા સ્રોતો બનાવ્યા વિના પાણીનો પ્રશ્ન ઉકલી શકે નહિ. તમે કોઈ પણ નાનું-મોટું કાર્ય કરો, તેમાં હિંસા તો થવાની જ. ઉકાળેલું પાણી પીનારને પણ પાણી ઉકાળતી વખતે પાણીનાં અસંખ્ય જંતુઓ તથા અગ્નિના કારણે વાયુ વગેરેનાં જંતુઓ નષ્ટ થવાનું પાપ તો લાગે જ લાગે. એક પણ જીવની હિંસા ન કરવી હોય તેણે તો ખાવું-પીવું-ચાલવું તો ઠીક, શ્વાસ લેવાનું પણ બંધ કરી દેવું પડે. સંપૂર્ણ અહિંસા શક્ય જ નથી. કુદરતે જ આવી વ્યવસ્થા નથી કરી. જો હઠ કરીને તમે આવી અહિંસા પાળવાનો પ્રયત્ન કરો તો પોતાની જાતને, રાષ્ટ્રને અને લોકોને હાનિ પહોંચાડતા થઇ જાઓ.

માનો કે તમારા રાષ્ટ્રની રક્ષા માટે સૈનિકોની જરૂર છે. સૈનિકોનું કામ શત્રુઓની હિંસા કરવાનું છે. શત્રુ રાષ્ટ્ર ઉપર અણુ બોમ્બ ફેંકનાર લાખો માણસોની હિંસાથી થથરી જાય તો તે બોમ્બ ફેંકી ન શકે. તો શત્રુ રાષ્ટ્ર તમારો નાશ કરી નાખે. આ રીતે રાષ્ટ્રરક્ષા માટે વિકરાળ પરાક્રમી યોદ્ધાઓની જરૂર પડતી જ હોય છે. જેણે કદી લોહીનું ટીપું પણ જોયું નથી તે યુદ્ધની વિભીષિકા જોઈ ન શકે. આવી નમાલી પ્રજા રાષ્ટ્રને પણ નમાલું જ બનાવે. કોઈ કહે કે ‘ના...ના... મહાત્મા ગાંધીએ આ દેશને અહિંસાની

મહાશક્તિથી સ્વતંત્ર કરાવ્યો. અંગ્રેજોની મોટી સલ્તનત પણ ઉચાળા ભરીને ચાલી ગઈ, એટલે અહિંસામાં મહાન શક્તિ છે, તે તો માનવું જ પડશે.' પ્રથમ તો આ વાત પૂરી સાચી નથી. મહાત્મા ગાંધીજીએ અહિંસા દ્વારા નહિ પણ 'અસહયોગ' દ્વારા અંગ્રેજોને હંફાવ્યા હતા. અંગ્રેજો કાયદાના રાજ્યમાં માનનારા હતા એટલે તેમને લાગ્યું કે હવે આ દેશ ઉપર રાજ્ય કરી શકાશે નહિ, એટલે માનભેર વિદાય થવામાં જ ડહાપણ છે. તેઓ વિદાય થયા. પણ જો આવાં ભગીરથ કાર્યો અહિંસાથી જ થઇ શકતાં હોય તો જુનાગઢ, નિઝામ-હૈદરાબાદ, ગોવા, બાંગ્લાદેશ વગેરે અનેક રાજ્યો અહિંસાથી કેમ ન લઇ શકાયાં? જૂનાગઢની આરઝી હકૂમતની હિંસક કાર્યવાહી વખતે તો મહાત્માજી જીવતા હતા. આજે પંજાબ, કાશ્મીર, પૂર્વોત્તર ભારત, વગેરે સ્થળે ભયંકર હિંસાકાંડ ચાલી રહ્યો છે. કેમ કોઈ અહિંસાવાદી તેને રોકવા આગળ આવતો નથી? આપણા હજારો જુવાનો આતંકવાદના અગ્નિમાં શેકાઈ રહ્યા છે કેમ કોઈ અહિંસાપ્રેમી આ આતંકવાદના અગ્નિને બુઝાવી શકતો નથી? ભારતની પ્રજાને જેટલા વૈચારિક ભ્રમો વળગાડવામાં આવ્યા છે, તેમાં આ અહિંસાવાદ પણ એક મોટો ભ્રમ છે. જેમજેમ આ ભ્રમમાં પ્રજા વધુ ને વધુ રાચતી થઇ તેમતેમ શત્રુઓને લાભ પહોંચતો રહ્યો છે. પ્રજાને વીર-બહાદુર-શસ્ત્રધારી બનાવવી જોઈએ, જેવી ગુરુ ગોવિંદસિંહજીએ બનાવી અને શત્રુઓના દાંત ખાટા કરી નાખ્યા. જે વિચારોથી કે જે સિદ્ધાંતોથી પ્રજા પારેવડાં જેવી થતી હોય તે રાષ્ટ્રને ગુલામી આપનારા વિચારો ગણાવા જોઈએ.

શાસ્ત્રીય રીતે હિન્દુ પ્રજા અહિંસાવાદી નથી તેમ હિંસાવાદી પણ નથી. રામ-કૃષ્ણ-ગીતા ન્યાય માટે, રાષ્ટ્ર માટે જીવનભર યુદ્ધ કરતાં રહ્યાં છે. બધાં જ દેવ-દેવીઓ શસ્ત્રધારી છે. અસુરોના વિનાશથી ભરેલું લોહીનું ખપ્પર દુર્ગા ધારણ કરે છે. આવી પ્રજાને વૈચારિક ભ્રમમાં નાખીને પ્રયત્નપૂર્વક નમાલી બનાવવામાં આવી. જેથી તે ગુલામ થઇ અને આજે આઝાદી મળ્યા છતાં દુર્બળ પ્રજા તરીકે દબાયેલું જીવન જીવે છે. જરૂર છે વાસ્તવવાદની. જે નિર્દોષ છે, જે નિરુપદ્રવી છે, તેમને અભય આપવું જ જોઈએ. પણ જે આતતાયી છે તેમના અત્યાચારથી પ્રજાને મુક્તિ અપાવવી એ સાચો ધર્મ છે.

શાકાહાર ઉત્તમ આહાર છે. બને ત્યાં સુધી સૌએ શાકાહારી થવું જોઈએ, પણ માંસાહારીઓ પ્રત્યે ઘૃણા ન કરવી જોઈએ. શાકાહાર કરવા માત્રથી કોઈ દેવ નથી થઇ



જતો અને માંસાહાર કરવા માત્રથી કોઈ રાક્ષસ નથી થઇ જતો. અત્યારે આ દેશના બે મોટા શત્રુઓ છેઃ એક આર.ડી.એક્સ. વાળા મોટા ભાગે માંસાહારી લોકો છે, જેઓ બોમ્બ ફોડીને પાંચ-પચીસ નિર્દોષ માણસોને મારી નાખે છે. બીજી તરફ બેંકોમાં ગોટાળા કરનારા મોટા ભાગે શાકાહારી – અરે, ચુસ્ત શાકાહારીઓ છે, જે પૂરા દેશને મારી રહ્યા છે. આ બન્નેમાં સૌથી વધુ ભયંકર તો બેંકના ગોટાળાવાળા છે. આ મહારાક્ષસોને હજી પણ લોકો શાહુકાર તરીકે ઓળખે છે. કચ્છના ધરતીકંપમાં મેં જોયું હતું કે વિશ્વભરના માંસાહારીઓ લાખો-કરોડોની સહાયતા લઈને તરત જ દોડી આવ્યા હતા, જયારે ચુસ્ત શાકાહારીઓ પોતાના સિવાય બીજા કોઈને રોટલાનો ટુકડો આપવા પણ તૈયાર ન હતા. કહેવાનો ભાવ આટલો છે કે શાકાહાર ઉત્તમ છે, પણ શાકાહારી હોવા માત્રથી કોઈ દેવતા નથી થઇ જતો અને માંસાહારી હોવા માત્રથી કોઈ રાક્ષસ નથી થઇ જતો. મૂળ પ્રશ્ન માનવતાનો તથા રાષ્ટ્રવાદનો છે.

હરતાંફરતાં, ઉઠતાં-બેસતાં બને ત્યાં સુધી કોઈ પણ નાનામોટા જીવને હાનિ ન થાય તેની કાળજી રાખવાની જ. અકારણ જીવોને સતાવવા તે પાપ છે. તેનાથી બચવું જોઈએ. પણ હાનિકારક જંતુઓ વગેરેથી પ્રજા, રાષ્ટ્ર તથા ઉત્પાદનને બચાવવાં પણ જરૂરી છે.અકારણ અથવા અલ્પકારણે હિંસા ન કરવી જોઈએ. યથાસંભવ હિંસાને નિવારવી જોઈએ. પણ જ્યાં અનિવાર્ય જરૂર જણાય ત્યાં વેદિયાવેડા પણ ન કરવા જોઈએ. કર્તવ્ય બજાવવું જ જોઈએ.

ભારત સિવાય પૂરા વિશ્વમાં ક્યાંય અહિંસાવાદ નથી. હવે કેટલાક લોકો શાકાહારી થવા માંડ્યા છે, પણ તે હિંસાના કારણે નહિ પણ આરોગ્યના કારણે, કારણ કે એ લોકો પશુ-પક્ષીઓમાં જીવાત્મ-તત્વને સ્વીકારતા જ નથી. કદાચ હોય તોપણ માર્યા પછી તે માણસ વગેરે થશે તેવો પુનર્જન્મવાદ પણ માનતા નથી. ભગવાને એ બધાંને મનુષ્યો માટે બનાવ્યાં છે તેવી ધાર્મિક માન્યતાએ તેમનો માર્ગ સરળ થઈ ગયો છે. આપણે પ્રાણીઘાતને મહાપાપ





માનીએ છીએ. એ ઠીક પણ છે. અનાવશ્યક રીતે નિર્દોષ પ્રાણીઓનો ઘાત કરવો યોગ્ય ન જ કહેવાય. પણ પાપ-પુણ્યની વ્યાખ્યા કરવી ઘણી કઠિન છે. પશ્ચિમમાં અને ખાસ કરીને અમેરિકામાં પૂરી પ્રજા માંસાહારી છે. તેમનો મુખ્ય ખોરાક જ માંસ છે. આ માટે પ્રતિદિન હજારો નહિ, લાખો પશુઓ વગેરે (મુખ્યતઃ ગાયો) કપાય છે. સેંકડો વર્ષોથી આ ક્રમ ચાલી રહ્યો છે. તેમ છતાં આ દેશની પ્રજા આપણા કરતાં વધારે સુખી કેમ છે? પાપનાં ફળ તેમને નહિ મળતાં હોય? એક સજ્જને કહ્યું કે 'અત્યારે જે સુખી છે તે ગયા જન્મના પુણ્યે સુખી છે, અને હવે આવતા જન્મે દુઃખી થશે.' જો આવું જ હોય તો બધાં પુણ્યાત્માઓ અમેરિકામાં જન્મે છે અને બધા પાપાત્માઓ ભારત વગેરે દેશોમાં જન્મે છે, તેવું થયું ને ! બ્રિટને હમણાં લાખો ગાયોને મગજની બીમારીના કારણે મારીને બાળી નાખી. આવું મહાપાપ કર્યું હોવા છતાં ત્યાં તો ધરતીકંપ ન થયો અને અહીં ગુજરાત-કચ્છમાં થયો. શું તેમનું કર્મફળ કચ્છને ભોગવવાનું થયું ? તો કર્મનો સિદ્ધાંત ક્યાં રહ્યો? આવા બધાં અનેક પ્રશ્નોના ઉત્તરો આપણે વાસ્તવવાદની ધરતી ઉપર ઊભા રહીને મેળવવાના છે. કલ્પના અને પૂર્વગ્રહોથી સત્ય નહિ, ભ્રમ જ હાથમાં આવશે. એટલે મેં હિંસાવાદનો નહિ તેમ અહિંસાવાદનો પણ નહિ, પણ વસ્તવવાદનો પ્રચાર કર્યો છે. હું આ-લોક-વાદી છું એટલે આ લોકના પ્રશ્નો પ્રત્યે ધ્યાન દોરું છું. આપણે વાસ્તવવાદી થઈશું તો જ પ્રશ્નોને સાચી રીતે ઉકેલી શકીશું.


## સરદારધામ મેગેઝિનના વાચકો જોગ

સરદારધામ ઈ મેગેઝિનના વાચકોએ
મેગેઝિન અંગેના પોતાના પ્રતિભાવો
magazine.sardardham@gmail.com
ઉપર મોકલવા વિનંતી.

મિશન ૨૦૨૬ અંતર્ગત
સરદારધામ
આયોજિત

એકતા સે સમૃદ્ધિ કી ઓર...

# ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ

**26 27 28 ફેબ્રુઆરી 2022**

**SIECC (સરસાણા) - સુરત**

# GPBS 2022

## મુખ્ય ઉદ્દેશો

- વ્યવસાયમાં વૃદ્ધિ
- નેટવર્કિંગ દ્વારા વેપાર-ઉદ્યોગનું પરસ્પર જોડાણ
- આર્થિક તથા સામાજીક ઉત્થાન દ્વારા સફળતાના દ્વાર ખોલવા

## એક્ઝિબિશન

- **૯૫૦+ સ્ટોલ્સ અને ૧૨+ વિવિધ બિઝનેસ સેક્ટર**
- **૨૦૦૦+ એક્ઝિબિટર્સ**
- **૩૦,૦૦૦ Sq Mtrs નું ભવ્ય એક્ઝિબિશન**
- **૩૦,૦૦૦+ ઉત્પાદન (પ્રોડક્ટ્સ)**
- **બહોળી સંખ્યામાં વિઝિટર્સ ઉપસ્થિત રહેશે**
- **વ્યવસાયિક જરૂરિયાતો માટે એક અનન્ય પ્લેટફોર્મ**

## GPBS 2018 & 2020 ની ખાસિયતો

- ૧૨૦૦+ સ્ટોલ્સ
- ૭,૦૦,૦૦૦+ વિઝિટર્સ
- ૨૦+ પ્રભાવશાળી મહાનુભાવો
- વિવિધ સેમિનાર અને અન્ય આયોજનો
- ૧૦૦૦+ સફળ વ્યવસાયિકો અને ઉદ્યમીઓની પ્રેરણાદાયી હાજરી
- રેકોર્ડ બ્રેકીંગ **B2B** મિટિંગ




## પાટીદાર ઉદ્યોગ રત્ન એવોર્ડ

**ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ દરમ્યાન 'પાટીદાર ઉદ્યોગ રત્ન' એવોર્ડ સમારંભ યોજવામાં આવશે. આ પ્રસંગે 'પાટીદાર ઉદ્યોગ રત્ન' ના શીર્ષક હેઠળ એક કોફી ટેબલ બુકનું વિમોચન થશે, જેમાં તમામ એવોર્ડ વિજેતાઓની માહિતી સભર પ્રોફાઈલ સામેલ કરવામાં આવશે.**






## વિશેષતાઓ

- **દેશ-વિદેશ માંથી અનેક પ્રતિનિધીઓની ઉપસ્થિતિ**
- **ઉદ્યોગજગતના અગ્રણીઓની ઉપસ્થિતિ**
- **કૃષિ, ડેરી અને મહિલા ઉદ્યોગ સાહસિકો માટે એક્ઝિબિશન સ્ટોલમાં ખાસ ૫૦% ડિસ્કાઉન્ટ**
- **સામાજીક સમરસતાના ભાગરૂપે અન્ય સમાજના ઉદ્યોગ સાહસિકો માટે ૧૦% એક્ઝિબિશન સ્ટોલની ફાળવણી**
- **એક્ઝિબિટર્સ માટે કોમ્પ્લીમેન્ટ્રી B2B મીટીંગ સ્પેસ**

## કન્વેન્શન


- **આર્થિક પાસાઓને અનુલક્ષીને આયોજીત કરવામાં આવેલું દેશનું સર્વપ્રથમ સમાજલક્ષી કન્વેન્શન**
- **આર્થિક વિકાસના મુદ્દાઓ ઉપર અનુભવી ઉદ્યોગપતિઓનું માર્ગદર્શન અને પ્રેરણાદાયક વક્તવ્યો**
- **કોર્પોરેટર જગત સાથે ચર્ચા-વિચારણા કરવાની અમૂલ્ય તક**
- **બિઝનેસ મેનેજમેન્ટ અને ટેકનોલોજી અંગે ખાસ સેશન**



# GPBS 2022

## SURAT INTERNATIONAL EXHIBITION AND CONVENTION CENTRE (SIECC)- SARSANA

### OVERALL LAYOUT




## yurક્ઝીબિશન સ્ટોલ ચાર્જીસ

- રૂા. ૬૦૦૦ પ્રતિ ચોરસ મીટર + ૧૮% GST
- ૩૧ ઓક્ટોબર પહેલા બુક કરાવનાર માટે ૧૦% ડિસ્કાઉન્ટ
- ડોમ 'A' માં કૃષિ, ડેરી અને મહિલા એક્ઝિબિટર્સ માટે ૫૦% ડિસ્કાઉન્ટ (મંજૂરીને આધિન)


## એક્ઝિબિટર્સ બેનિફિટ

- ગાલા ડિનર (૨૮.૦૨.૨૦૨૨)
- એક્ઝિબિટર કીટ અને મોમેન્ટો
- ૨ વ્યક્તિ માટે મધ્યાહ્ન ભોજન + હાઈ ટી (૩ દિવસ માટે)

## GPBS એપ્લિકેશન

- વિઝિટર્સની માહિતી
- વિઝિટર્સ રજીસ્ટ્રેશન
- ડિજિટલ વિઝિટિંગ કાર્ડ્સ (ડાઉનલોડ)
- ઈ-ડિરેક્ટરી-એક્ઝિબિટર્સની માહિતી

### ORGANIZED BY



સરદારધામ

વિશ્વ પાટીદાર સમાજ

સરદારધામ — સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ

### JOIN US ON SOCIAL MEDIA PLATFORMS

SardardhamOfficial | SardardhamOfficial | sardardham_official | +91 90690 34040 | sardardham_ | SardardhamOfficialGroup


**સરદારધામ મધ્યસ્થ કાર્યાલય**
સરદારધામ, વૈષ્ણોદેવી સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૪૮૧.
M: 7575001548
Email: info.sardardham@gmail.com

**સરદારધામ દક્ષિણ ગુજરાત કાર્યાલય**
ચોથો માળ, પ્રભુ પ્રસાદ, હિન્દુ મિલન મંદિરની સામે, કાંસાનગર ત્રણ રસ્તા, કાંસાનગર, કતારગામ, સુરત-૩૯૫૦૦૪.
M: 7575007186 | 9737777247
Email: sardardhamsurat@gmail.com

**સરદારધામ મધ્ય ગુજરાત કાર્યાલય**
L&T નોલેજ સીટીની બાજુમાં, વાઘોડીયા ક્રોસિંગ પાસે, નેશનલ હાઈવે 8A, વડોદરા-૩૯૦૦૨૦.
Mo: 7575033001
Email: sardardham.baroda@gmail.com

**સરદારધામ સૌરાષ્ટ્ર કાર્યાલય**
સરદારધામ સૌરાષ્ટ્ર, ઇન્દ્રપ્રસ્થ નગર-૧ કોર્નર, એસ. કે. પાઠક સ્કૂલ ની બાજુમાં, ભક્તિનગર રેલવેલાઈન પાસે, રાજકોટ ૩૬૦૦૦૧
M: 7575009796
Email: sardardham.rajkot@gmail.com

**સરદારધામ ઉત્તર ગુજરાત કાર્યાલય**
સરદારધામ GBPO હોલ, એપોલો આર્કેડ, વિશ્વકર્મા વાડી, મોઢેરા રોડ, મહેસાણા-૩૮૪૦૦૨
M: 76000 26642
Email: gpbomehsana@gmail.com

**સરદારધામ ભુજ કાર્યાલય**
સરદારધામ સુર્યા વરસાણી એકેડમી, સેનેટોરિયમ પાસે, ભુજ મુન્દ્રા હાઈવે, ભુજ - ૩૭૦૪૨૭
Mo - 7575001438
Email - bhuj@sardardham.org


### EVENT PARTNERS

PAL SOLUTIONS

609, Iscon Emporio, Nr. Star Bazaar, Jodhpur Cross Road, Satellite, Ahmedabad, Gujarat 380015
PH: 07948978435 M: +91 87994 59293

### એક્ઝિબિશન સ્ટોલ બુકિંગ અને સ્પોન્સરશીપ માટે સંપર્ક

M 90690 34040
91065 04699

E mail : gpbs2022@gmail.com | info@gpbs.in



## P2P નેટવર્ક

GPBO દ્વારા પ્રસ્થાપિત P2P ઓનલાઈન બિઝનેસ નેટવર્ક ગામથી લઈને શહેર અને દેશ-વિદેશના તમામ પાટીદાર ઉદ્યોગકારો માટે નેટવર્કિંગનું શ્રેષ્ઠ માધ્યમ બની રહેશે. જેમાં નાના વ્યાપારીઓથી લઈને મોટા ઉદ્યોગપતિઓ પોતાના વ્યવસાયનું રજિસ્ટ્રેશન કરાવી શકે છે.

P2P ઓનલાઈન નેટવર્ક આપના ઉત્પાદનો અને સેવાઓને પ્રમોટ કરવાનું શ્રેષ્ઠ પ્લેટફોર્મ પૂરું પાડશે. આ ઉપરાંત P2P ઓનલાઈન નેટવર્ક દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળો કાચો માલ મેળવી શકશો તેમજ અન્ય જરૂરીયાતો માટેના સપ્લાયર્સ સાથે આપ સીધો સંપર્ક કરી શકશો.

## જીપીબીઓ વિશે

સરદારધામ દ્વારા પ્રસ્થાપિત મિશન ૨૦૨૬ અંતર્ગત પ્રથમ હરોળના ૧૦,૦૦૦થી વધુ ઉદ્યોગપતિઓને સંગઠિત કરવા માટે ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશનની (GPBO) રચના કરવામાં આવી છે.

જીપીબીઓના નેટવર્કને જિલ્લા, રાજ્ય અને વિવિધ દેશોમાં વિસ્તારવાનું આયોજન કરવામાં આવ્યું છે. જીપીબીઓ દ્વારા ઉદ્યોગ જગત માટે ઉપયોગી એવા

- મોટીવેશનલ પ્રોગ્રામ
- ટ્રેઈનિંગ પ્રોગ્રામ
- સેક્ટર આધારિત B2B મીટિંગ્સ
- નવીન ટેક્નોલોજી અને આધુનિક ધંધાકીય અભિગમ માટેના આયોજનો કરવામાં આવે છે.

## મુખ્ય ઉદ્દેશ

- ☑ એકબીજા સાથે નેટવર્કિંગ દ્વારા વ્યાપાર ઉદ્યોગમાં પરસ્પર ઉપયોગી થવું
- ☑ સમાજમાં નવા ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવામાં ઉપયોગી થવું
- ☑ શિક્ષિત અને સક્ષમ યુવાઓને રોજગારીની તકો પુરી પાડવામાં ઉપયોગી થવું

## કોણ જોડાઈ શકે?

- ☑ નાના-મોટા બિઝનેસમેન
- ☑ પ્રોફેશનલ્સ
- ☑ સર્વિસ પ્રોવાઈડર્સ

## કેવી રીતે ઉપયોગી છે?

- ☑ પ્રોડક્ટ, સર્વિસ વિશેની માહિતી
- ☑ ઈ-મેઈલ અથવા ફોનથી સંપર્ક
- ☑ ધંધાકીય જોડાણ

## કઈ વિગતો અપલોડ કરી શકાય?

- ☑ કંપનીનું નામ તથા લોગો
- ☑ માલિકનું નામ તથા ફોટો
- ☑ સંપર્કની વિગતો
- ☑ કંપનીનું પ્રોડક્ટ લીસ્ટ તથા ફોટો
- ☑ કંપનીની પ્રોડક્ટ વિશે માહિતી
- ☑ કંપનીને જરૂરી રો-મટીરીયલ, સેવાઓ તથા જોબવર્કની વિગતો
- ☑ કંપનીને જરૂરી સ્ટાફની વિગતો



# ૧૦ લાખ
## બિઝનેસમેનનું જોડાણ



સમસ્ત પાટીદારની એક્તાનું ધામ
**સરદારધામ**
વિશ્વ પાટીદાર સમાજ
આયોજિત

**મિશન ૨૦૨૬ અંતર્ગત**
**ગ્લોબલ પાટીદાર**
**બિઝનેસ ઓર્ગેનાઈઝેશન**
**GPBO**

Register your Business in GPBO Network Application
Contact for More information Phone :-7575007183

www.gpbo.org GPBO



પદ્મશ્રી ગુણવંત શાહ
ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત કટાર લેખક

# ખળ ખળ વહેતી કવિતા

ઉછાળા મારતા જલતત્ત્વની હૃદયંગમ કવિતા એટલે અલકાનંદા, એ ક્યાંક પહોંચવા માટે અધીરી થઈને વહેતી રહે છે. એને નિરાંતે સાંભળવી હોય તો બદરીનાથના મંદિર આગળ એકઠી થતી ભીડથી બચવું પડે. શું હું એને પહેલી વાર મળી રહ્યો હતો ? કદાચ અલકનંદા સાથેનો યુગોયુગોનો પરિચય તાજો કરવા માટે જ હિમાલય જવાનું બન્યું હતું. હિમાલયથી પાછો ફર્યો તોય એ તો મનમાંથી ખસવાનું નામ જ નથી લેતી.

પ્રત્યેક નદીને પોતાનું સ્ટેટસ હોય છે. એ સ્ટેટસ એને માણસ તરફથી મળેલું હોય છે. માણસના માપદંડો પણ માણસ જેવડા જ ને ! જે નદી ખૂબ લાંબી અને પહોળી હોય એનું સ્ટેટસ વધારે, કારણ કે એની ઉપયોગિતા વધારે. ભારતની લોકમાતાઓમાં સૌથી વધારે મરતબો ગંગાનો રહ્યો છે. આપણે ત્યાં નદીને ઉપયોગી જ નહીં પવિત્ર ગણવામાં આવે છે. એક કરતાં વધારે રાજ્યોમાં થઈને વહેતી નદીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સીમા-વિવાદોથી પર હોય છે. માણસ નદીઓને નિમિત્તે પણ ઝગડી લે છે. આફ્રિકામાં ઝાંબિયા અને ઝિમ્બાબ્વે દેશોની સરહદ પર વહેતી ઝામ્બેજી નદી લિવિંગ્સ્ટન આગળ ધોધરૂપે વહે છે. આ વિક્ટોરિયા ધોધનેય બે રાષ્ટ્રોએ વહેંચી લીધો છે અને નદી પર બંધાયેલા પુલ પર બે રંગીન રેખાઓ દોરીને રાષ્ટ્રોની સીમાઓ બતાવી છે. નદી પર બંધાયેલા પુલ પર બે રંગીન રેખાઓ દોરીને રાષ્ટ્રોની સીમાઓ બતાવી છે. નદી પર બાંધેલો સેતુ બે



કાંઠાને જોડે કે જુદા પાડે?



ગુજરાતના નકશા પર સ્થાન પામી છે એવી નદીઓ ઘણી પરંતુ નકશા પર ન જડે એવી નદીઓની સંખ્યા તેથીય વધારે. નર્મદા તો 'દર્શને પાપનાશિની' ગણાય છે. સૂર્યપુત્રી તાપીને કિનારે તો હજી મારું શૈશવ બધી મુગ્ધતાને સાચવીને બેઠું છે. વડોદરામાં વહેતી વિશ્વામિત્રી ઉદ્યોગોના ઉત્સર્ગને વહી જતી ગટર બની રહી તેથી એની પાસેથી પસાર થતી વખતે મન નિર્વેદથી ભરાઇ જાય. ગુજરાતની બીજી કેટલીક નદીઓ સાથે દૂરની ઓળખાણ ખરી પણ ઘરોબો નહીં. બનાસ, સરસ્વતી, લૂણી, કનકાવતી, ભોગાવો, ભાદર, મહી, અંબિકા, શેત્રુંજી, ઢાંઢર, હાથમતી, રૂકમાવતી, રૂપેણ, ઉમરદાસી, મેશ્વો, માજમ, કાળુભાર,સીંગવડી, આજી, રંગમતિ, નાગમતિ, માલણ, હિરણ, મચ્છુન્દ્રી, જીણ, ઘેલો, ખારોદ, નગ, સુવી, રાવલ, ઓઝત, ઉબેણ, સુકભાદર, સિપુ, સિંહણ, વરતુ અને મચ્છુ જેવી નદીઓનાં નામો સાભળેલાં અને વળી ક્યારેક એમાંથી કેટલીકને અલપઝલપ મળવાનુંય થયેલું.

ગુજરાતમાં બીજી એવી કેટલીય નદીઓ છે જેમને વિષે ગુજરાતીઓ ઝાઝું જાણતા નથી. કેટલીયે નદીઓ એવી કે માત્ર નામ સાંભળીયે તો મરકી ઊઠીએ. જામનગરથી દ્વારકા જતાં જામ-ખંભાળિયા પાસેથી ઘી નદી વહે છે અને ખંભાલિયાથી થોડેક દૂર આવેલી ટેકરી પરથી તેલી નદી વહે છે. પ્રાચીન મૈત્રકકાલીન નગરી વલભીપુર (વળા) આગળથી પસાર થતી વખતે ક.મા. મુનશીનું સ્મરણ થાય. ત્યાંથી અમદાવાદ જતાં બરવાળા પહોંચો ત્યાં સુધીમાં બે નદીઓ આવે; ઉતાવળી અને ખળખળિયા. નદી ખળખળ વહે એવું તો ઘણી વાર બોલાય અને લખાય પરંતુ કોઈ નદીને આવું સુંદર ધ્વન્યાત્મક



(ફોનેટિક) નામ મળ્યાનું જાણ્યું નથી.

સોમનાથના ઓવારા ભણીથી વહી આવતી નર્મદાને કરનાળી અને માંડવાની વચ્ચે ઑર નદી મળે છે. એ સંગમને ઑર-સંગમ કહે છે. અહીં હોડીમાં જવાનું થાય ત્યારે સ્વ.કિશનસિંહ ચાવડાનું અને એમની વહાલી બહેન અમૃતા(અમુ) નું સ્મરણ થાય. કિશનસિંહે; અમાસના તારા' માં અમુનું કેવું સ્મરણીય ચિત્ર દોર્યુ છે! અંકલેશ્વર અને સુરત વચ્ચે કિમ નદી વહે છે (આ નામને કોરિયા સાથે કોઈ સંબંધ નહીં હોય! કોરિયામાં રસ્તા પર ઊભા રહીને ઢેફું ફેંકો તો એ કોઈ કિમ નામના માણસને વાગે એવો સંભવ છે.) મઢીથી થોડેક દૂર વહેતી એક નદીને ગાભણી કહે છે. વડોદરાથી થોડેક દૂર સુખી નદી વહે છે. કોસંબાથી ઉમરપાડા જતાં મોટા મિયાં માંગરોળ આગળ ભૂખી નદી વહે છે. આ નદીના ઘૂંટણ પૂર પાણીમાં સ્નાન કરવાનો લ્હાવો લીધેલો તેથી નામ યાદ રહી ગયું. કાવેરી દક્ષિણ ભારતમાં વહે એ ખરું; પણ બીજી કાવેરી બિલિમોરા પાસે પણ વહે છે. નવસારી પાસે પૂર્ણા અને બારડોલી આગળ મિંઢોળા વહે છે. બારડોલીની લડતની રજેરજ માહિતી મિંઢોળાએ સાચવી રાખી છે. દક્ષિણપથના પુરાણ-પુરાતન વાલોડ પાસે વાલ્મીકિ (ઝાંખરી) વહે છે અને થોડેક દૂર બહેજ પાસે પૂર્ણા અને વાલ્મિકીનો સંગમ થાય છે.

'વનાંચલ' માં જયંત પાઠકે જે નદીને ખૂબ સંભારી અને નામ પાડ્યા વગર જેના પર અનેક કાવ્યો લખ્યાં એ નદીનું નામ છે, 'કરા.' વડોદરા અને દાહોદ વચ્ચે કરડ, ગોમા, હડબ નદીઓ આવેલી છે. પંચમહાલનાં બાળકોનેય પરિચિત ન હોય એવાં નદીવાંધા તો વળી જુદાં. થોડાંક નામ આ રહ્યાંઃ ડોશી, વાંકી, બેસણો અને સોગુણ.

દક્ષિણ ગુજરાતમાં પાર નદીએ દેસાઇઓનાય બે ભાગ



પાડ્યા. નદીની બંને બાજુએ વસતા દેસાઈઓ સામે પાર વસનારાઓને 'પેલાડિયા' કહે છે. દેસાઈઓની આવી રસમ જાણવા મળી ત્યારે કેન્ટ (ઇંગ્લેન્ડ) ની મેડવે નદીનું સ્મરણ થયું. એ નદી કેન્ટને પૂર્વ અને પશ્ચિમ એમ બે વિભાગોમાં વહેંચે છે. નદીની પૂર્વ બાજુએ રહેનારો ' Man of Kent` કહેવાય જ્યારે પશ્ચિમ બાજુ રહેનાર 'Kentish man` કહેવાય. દક્ષિણ ગુજરાતમાં ગંગાજી પણ છે. કોલક નદીને કાંઠે શ્રાવણી આઠમનો મેળો ભરાય છે. વાપીથી થોડેક છેટે દમણગંગા વહે છે. એ નદી પરનો રેલવે પુલ પૂરમાં એવો તણાયો કે જોનારને થાય કે અહીં પુલ હતો ખરો ! દમણગંગાથી તાપી સુધીનો વિસ્તાર 'પરશુરામની ભૂમિ' કહેવાય છે. દમણગંગા 'દાણચોરી' ના પર્યાય સમા દમણ ગામને બે ભાગમાં વહેંચે; નાની દમણ અમે મોટીદમણ. ઉમરગામ તાલુકામાં થઈને વરોળી વહે છે જેને કિનારે (પારસીઓએ પ્રથમવાર પગ મૂકેલો તે) સંજાણ બંદર આવેલું છે. ઉનાઈ પાસે અંબિકા, ચીખલી આગળ ખરેરા, ધરમપુર પાસે આસુરા વહે છે. વાસદ પાસે મહીસાગરની શાખા મેની વહે છે. ખેડા આગળ વાત્રક, શિહોર પાસે ગૌતમી, ધંધુકા તાલુકાના ભીમનાથ આગળ નીલકા વહે છે. અહીં ભીમનાથ મહાદેવનું મંદિર છે અને આસપાસનો વિસ્તાર 'હિડંબાવન' તરીકે જાણીતો હતો એમ કહેવાય છે. આ તાલુકાના ફેદરા ગામ પાસે ઓમ કાર નદી વહે છે. જેનો આકાર ઓમ જેવો છે. પૌરાણિક સંસ્કૃતિના અવશેષો મળી આવ્યા તે લોથલ અહીંથી ઝાઝું દૂર નથી. ગુજરાતના પાટનગરને અડપલું કરીને સરકતી સાબરમતી અમદાવાદ આગળ તો રેતીની રખેવાળ બની રહે છે. ભોગાવો બે રીતે ઓળખાય; વઢવાણનો ભોગાવો અને લીંબડીનો ભોગાવો. આપણે ત્યાં ક્યારેક નદીનેય નરજાતિમાં સંબોધવાનો રિવાજ ખરો. નાઈલને 'ફાધર નાઈલ' કહેવાનો રિવાજ છે અને વળી મિસિસિપીને પણ 'ફાધર ઑફ રિવર્સ' કહે છે.



વલસાડ આગળ વળી 'વાંકી' નદી વહે છે. સહ્યાદ્રીના ઓતરાદા ઢોળાવ પરથી નીકળતી આ નદી જંગલો વટાવતી વાંકીચૂંકી વહે છે. નદીની આ પ્રકારની અવળચંડાઈને કારણે ગિરિજનોએ એનું નામ વાંકી પાડ્યું. ધરમપુરની સ્વર્ગવાહિની વલસાડની વાંકીને મળે છે. પહાડમાંથી નાના ધોધ રૂપે નીકળી ખડકો પરથી ઊછળતી-કૂદતી, જંગલો વટાવતી અલ્લડ નારી જેવી આ વાંકી નદી તીથલ નજીક અરબી સમુદ્રને પામવા હોંશે હોંશે દોડે તો છે પરંતુ કોણ જાણે શુંય વાંકું પડ્યું તે છેક દરિયા નજીક જ છણકો કરીને આડી ફંટાઈ જાય છે અને ઘૂઘવાતા સમુદ્રને અંગૂઠો બતાવી નજીકમાં વહેતી ઔરંગા નદીને મળે છે.





રામનારાયણ વિ. પાઠક એક વાર તીથલ રહેલા ત્યારે વાંકો સેંથો પાડનારાં હીરાબહેનને મશ્કરીમાં કહેતા; તું આ વાંકી નદી જેવી છે ! ત્યારથી હીરાબહેને વાંકો સેંથો પાડવાનું છોડી દીધેલું પણ વાંકી તો હજી તેવી જ રહી છે !

હજી નામો ખૂટતાં નથી. પંચમહાલમાં સંતરોડ સ્ટેશને થઈને પાનમ વહે છે. ગોધરા જેને કાંઠે વસ્યું તે મેસરી, નડિયાદ જેને કાંઠે વસ્યું તે શેઢી. ગીરના જંગલમાં થઈને વહેતી હિરણ અને શિંગવાડો પણ કેમ ભુલાય ! જામજોધપુર પાસે ધ્રાફાના પાદરેથી વહેતી ફલકુ અને ઉપલેટા પાસે ભાદરમાં સમાઈ જતી મોજ પણ યાદ રાખવી રહી. સરધારની ધારમાં ઉદ્‌ભવી રાજકોટની તરસ છિપાવતી આજી, પડધરીનું પડખું શોભાવતી ઉંડ, જામનગરની નાગમતી અને હળવદથી થોડેદૂર વહેતી બ્રાહ્મણી પણ ધ્યાનમાં રાખવી પડે. મેઘાણીએ સોરઠની બે કાંઠે વહેતી નદીઓને લોકસંસ્કૃતિની વાર્તા સાથે વણી લીધી. હજી તો કેટલીય નદીઓ રહી ગઈ હશે,પણ થાય શું !

માનવજીવન, પ્રાણીજીવન અને વનસ્પતિજીવનને પયઃપાન કરાવતી પ્રત્યેક લોકમાતા મહાન ગણાય. માતા ઠીંગણી કે જાડી-પાતળી હોય તેથી બાળકને શો ફેર પડે ? માતા જીવનદાયિની છે તેથી મહાન છે. ગણતરીમાં ટીખળ અને વાઈટલ સ્ટેટિસ્ટિક્સની બેડોળ ત્રિરાશીથી માતા તો પર જ હોય. નદીનું મૂલ્ય એ કેટલા લાખ ક્યુસેક પાણી પૂરું પાડે, કેટલા હજાર હેક્ટરને સિંચાઈનો લાભ આપે અને કેટલા મેગાવૉટ વીજળી પૂરી પાડે તે બાબતો પરથી આંકવાનું ન હોય. નદીના અનંત ઉપકારોની પૂરી સમજ કેળવવાનું આપણું ગજું નહીં. સહરાના રણમાં વહેતી નાઈલ જીવનનો પર્યાય બની રહે છે.



પર્વતનું પિતૃત્વ અને ખીણનું માતૃત્વ એકબીજાંમાં ઓતપ્રોત બને ત્યારે નદી વહેતી થાય છે. પંજાબની પાંચે નદીઓનાં નામ ભૂગોળમાં પાકાં કરેલાં. સતલજ,(શતદ્રુ), ચિનાબ (ચંદ્રભાગા), બીઆસ (વિપાશા), જેલમ (વિતસ્તા) અને રાવી (ઇરાવતી), એમ પાંચ નદીઓનો પ્રદેશ તે પંચનાદ, એટલે કે પંજાબ, મનાલીમાં રમ્યઘોષા વિપાશાને કાંઠે રહેવાનું થયું. ઝડપભેર વહી જતા એના કોક જળબિંદુને ખબર પણ નહીં હોય કે પોતે ભારતમાં રહેશે કે પાકિસ્તાનમાં ! જળબિંદુને રાષ્ટ્રીયતા હોઈ શકે ? તરસને વળી નામ, રૂપ અને રાષ્ટ્ર સાથે શી લેવદેવા? જળ પર ઊછળતા અક્ષરો ઊકલતા નથી.

'નદી' નો અર્થ સમજવામાં શબ્દકોશ કામ ન લાગે કારણ કે એનો સંબંધ તો આપણા પંચકોશ સાથે છે. તપ કરીને ગંગાને સ્વર્ગમાંથી પૃથ્વી પર આણનાર સગરના પ્રપૌત્ર ભગીરથને ;નદી' એટલે શું તે થોડુંક સમજાયું હશે. નહેર ખોદવા માટે ચાંચવો ઉઠાવનાર પ્રત્યેક આદમી ભગીરથનો વંશજ ગણાય. સરિતા એટલે ખળખળ વહેતી કવિતા. બધી સંસ્કૃતિઓનું ઉપસ્થાન નદીઓ બની એ અકસ્માત નથી. કાલદેવતાની લીલા નદીકિનારે પાંગરેલી સંસ્કૃતિઓ થકી ચાલ્યા કરે છે. ક્યારેય કોઈ નદી સમુદ્રને મળતી નથી. એ તો સમુદ્રમાં વિલીન થાય છે. વિલીનીકરણ પછી નદી અદ્રશ્ય થાય છે અને કેવળ સમુદ્ર રહી જાય છે. ગીતાએ નદીના સમર્પણની નોંધ આ રીતે લીધી છે.

**સદા ભરાતા અચલપ્રતિષ્ઠ**
**સમુદ્રમાં નીર બધાં પ્રવેશે**
**આવું નિઃશેષ વિલીનીકરણ**
**એ જ તો છે નદીનું બ્રહ્મનિર્વાણ !**



સુધા મૂર્તિ
ચેરપર્સન, ઈન્ફોસિસ ફાઉન્ડેશન, બેંગલુરૂ
ભાવાનુવાદ સોનલ મોદી

# સુખ દુઃખ મનમાં ન આણીયે

મારાં અમ્મા(મમ્મી) ને ઘરે ગુગી નામની કામવાળી છે. અત્યંત ગરીબ અને જરૂરિયાતમંદ, પણ હંમેશ હસતી ને હસતી. કદીયે પોતાની અંગત વાત ન કરે. રોજ ધોયેલો અને ચોખ્ખો, સાદો સાલ્લો પહેરે, નાનો ચાંલ્લો કરે, હંમેશ માથામાં ધૂપેલ નાખી સરસ ચોટલો વાળે અને રોજ તાજાં ફૂલની વેણી નાખે, ગીતો ગણગણતી જાય અને કામ આટોપતી જાય. મોં પર હંમેશ સંતોષનો ભાવ હોય. ક્યારેય કોઈ કામની 'ના' નહીં, કચકચ કરવાની નહીં અને પોતાનાં રોદણાં રડવાનાં નહીં. એટલે જ બધાંની માનીતી.

ગુગીના અંગત જીવન વિષે મને એટલી જ ખબર હતી કે તે ત્યક્તા છે. ૮-૧૦ વર્ષના દીકરા સાથે અમારા આઉટ-હાઉસમાં રહે છે. પોતે ભણેલી નહીં એટલે રસોઈ અને બીજાં છૂટક કામો કરી ગુજરાન ચલાવે છે અને દીકરાને સારી શાળામાં ભણાવે છે. તેનો પતિ  ખુલ્લેઆમ બીજી સ્ત્રી સાથે રહે છે.

ગુગીને જોઉં ત્યારે હંમેશ અમારો કૉલેજકાળનો મિત્ર વસંત યાદ આવી જાય. બેંગ્લોરમાં જ રહે છે. એક મલ્ટિનેશનલ કંપનીમાં ઉચ્ચ હોદ્દો શોભાવે છે. વસંત ગમે ત્યારે અમારા ઘરે ચા-પાણી પીવા ટપકી પડે. તેને કંપની તરફથી પોશ વિસ્તારમાં ફર્નિશ્ડ ફ્લેટ, ગાડી, ડ્રાઈવર વગેરે સુવિધાઓ મળી છે. વસંત અમારા ઘરે કલાક બેસીને જાય એટલે, ઘરનું વાતાવરણ ગમગીન થઈ જાય. તેની વાતમાં અંગત જીવનની, કંપની વિષેની, ટ્રાફિકની કંઇ ને કંઇ ફરિયાદો હોય, હોય ને હોય જ.

એક દિવસ વસંત કહે, 'કંદર્પ બારમા ધોરણમાં છે પણ જોઈએ તેવી મહેનત નથી કરતો.'

મને ખબર કે, વસંતનો મોટો દીકરો કંદર્પ ખૂબ હોશિયાર અને મહેનતુ છે. પોતાની જવાબદારી સમજે તેવો અને ઠરેલ છે. વસંતને ફરિયાદ કરવાની કોઈ જરૂર જ નથી.

વસંત કહે,' આ મહેનતે IIT માં એડમિશન થોડું મળે? એને માટે તો દિવસ-રાત એક કરવા પડે.'

હવે આ વસંતને મારે શું કહેવું? આજકાલ દરેક ક્ષેત્રે સ્પર્ધા ખૂબ જ વધી ગઈ છે. લાખો વિદ્યાર્થીઓ IIT ની entrance test માં બેસે છે. આ પરીક્ષા અત્યંત સ્પર્ધાત્મક હોય છે. ટેન્શન કે અન્ય કારણસર વિદ્યાર્થીના પાંચ માર્ક પણ ઓછા આવે તો તેનો ક્રમાંક (Rank)  ખૂબ નીચે જાય. આપણે આપણા બાળકને ભણવા માટે ટોકી શકીએ પણ પ્રથમ ક્રમાંક લાવવા માટે દબાણ તો ન જ કરી શકીએ. આવા દબાણને કારણે અનેક વિદ્યાર્થીઓ ડિપ્રેશનના રોગી બની જાય છે.

અઠવાડિયા પછી વસંત ફરી આવ્યો. આ વખતે વધારે દુઃખી જણાયો. અમે બંનેએ પૂછ્યું, ' શું થયું વસંત?' જવાબ મળ્યો ' જુઓને, પાંચ વર્ષ પહેલાં મેં બ્રિગેડ રોડ



નજીક એક જમીન ખરીદી હતી. મને એમ કે પાંચ વર્ષમાં ભાવ બમણા થઈ જશે એટલે વેચી મારીશ અને ઘણો નફો થશે. હવે આજકાલના ભાવ મુજબ ખરીદભાવ કરતાં અર્ધા પૈસા આપવાય કોઈ તૈયાર નથી. જમીનોના બજારમાં તો ગજબની મંદી છે? 'હવે મારે આ વસંતને કેમ સમજાવવો કે આપણા દેશના લાખો લોકોએ જમીનોમાં અને ફ્લેટોમાં રોકેલા પૈસા ગુમાવ્યા છે. હજારો લોકોના પૈસા ભરાઇ ગયા છે. જ્યારે વૈશ્વિક મંદી પ્રસરેલી હોય ત્યારે તેની અસર બધાં પર થાય છે, પણ વસંતને તો એમ જ હતું કે તે એકલો જ દુઃખી દુઃખી થઈ ગયો, ભરાઇ ગયો, જમીનમાં છેતરાયો.



થોડા દિવસ પછી ઑફિસથી ઘેર જતાં થાકેલો, કંટાળેલો વસંત ફરી દેખાયો. ખુરશી પર ફસડાઇને પગ લાંબા કરીને, ટાઇ ઢીલી કરતાં કહે, 'આ બેંગલોરમાં પણ હવે પહેલાં જેવી મજા નથી. ક્યાં પહેલાનું બેંગ્લોર અને ક્યાં અત્યારનું!? સુધા, યાદ છે વીસ વર્ષ પહેલાં ઉનાળામાંય અહીં હિલસ્ટેશન જેવું લાગતું ! પંખાનીય જરૂર નહોતી પડતી. હવે એ.સી. વગર ચાલતું નથી. હવે તો એમ થાય છે કે બે દિવસની રજા હોય તો કુનુર કે કુર્ગ ભાગી જઇએ.'

અમારા આ મિત્રને કોણ સમજાવે કે સમગ્ર વિશ્વમાં અત્યારે Global Warming ની અસર વર્તાઈ રહી છે. જો ઉત્તર-ધ્રુવનો બરફ પણ વધારે પીગળતો હોય અમે સમગ્ર વિશ્વમાં ગરમી વધી હોય તો બેંગલોરમાં શું નવી નવાઈનું છે? ચા પીવાતી ગઈ ને વસંતની કચકચ ચાલતી રહી.

વસંત જાય ત્યારે હંમેશ મનોમન ગુગી સાથે તેની સરખામણી થઈ જાય. એક દિવસ અમ્માના ઘરે હું અને



ગુગી એકલાં હતાં. મેં તેને પૂછ્યું 'ગુગી, તારો વર ક્યાં છે ? કોક'વારેય તારી ખબર રાખે છે ખરો ? તારા દીકરા માટે કંઇ મોકલે ખરો ?

ઘડીભર ગુગી મારી સામે જોઈ રહી અને પછી ધીમેથી બોલી. ' બહેન, આ મૂવો પેલી જોડે હામેવાળાંને ત્યાં જ રહે સે. ઇમને ત્યાં ડાઇવર (ડ્રાઇવર) સે.'

હું અવાક થઈ ગઈ. રોજેરોજ બીજી સ્ત્રી સાથે પોતાના પતિને જોવો અને છતાંય ખુશખુશાલ રહેવું! મેં પૂછ્યું,'ગુગી, તને એની પર ગુસ્સો નથી આવતો?'

ગુગી કહે, 'બહેન, પે'લાં પે'લાં તો બહુયે ગુસ્સો આવતો પણ હવે મનમાંથી હંધુય કાઢી નાખ્યું. ભગવાને આ એકનો એક સોકરો આલ્યો સે, બહુ હુંશિયાર ને ડાહ્યો સે. આ ઇનો બાપ લંપટ ને હરામી સે, ઇટલે મારો દીકરો મારું બહુ ધ્યાન રાખે. ઇ ખરું બહેન કે બહુ સોકરાં હોત કે હું એકલી હોત ને મારો સોકરોય નાલાયક હોત તો ''પ્રોબ્લેસન'' થાત.( ગુગી અમારી જોડે રહીને ભાંગ્યું-તૂટ્યું ઇંગ્લિશ શીખી ગઈ છે.) ઉપરવાળો બહુ દયાળુ છે બહેન, મારી પર તો ઇના ચાર હાથ સે.'

'ગુગી, તને ભવિષ્યની ચિંતા નથી થતી ?' મારાથી પૂછાઇ ગયું.

'ના....રે બહેન, મારે હું ચિંત્યા ? ચિંત્યા કરે હું વળે? આ તમારી બાએ આ ઓરડી રહેવા આલી સે. આખો દિ'તો કોમમાં જ નીકળી જાય. કંઇ જરૂર હોય તો તમે બધાં છો જ ને ? અને બહેન, આ જરૂરનું તો હાળું એવું સે ને કે ઇનો અંત જ નો આવે. હું તો બહેન અંગૂઠાસાપ છું પણ ઇટલું હમજું કે કોઇની આગળ આપણાં રોદણાં રડ્યે કંઇ ફાયદો ન થાય. હસતાં-હસતાં કામ કરીએ તો હૌને વ્હાલાં થઇએ.'

મને તરત વસંત યાદ આવ્યો. તેની પાસે શું નથી, પોતે શું મેળવવા અસમર્થ છે, તે વિચારી વિચારીને હંમેશ દુઃખી રહેતો. બીજી બાજુ આ ગુગી હતી. જે દુઃખમાંય સુખની ક્ષણોને તારવીને હંમેશ આનંદ અને સંતોષથી હસતી રહેતી. આ સાદી સમજણ માટે કદાચ ઉચ્ચ શિક્ષણની જરૂર ન નથી.

- ગાંધીજી


# પ્રાંતિક ભાષાઓ

આપણી પોતાની માતૃભાષાઓના કરતાં અંગ્રેજી પર આપણે વધારે પ્રેમ રાખ્યો તેથી કેળવાયેલા તેમ જ રાજકીય દ્રષ્ટિથી જાગ્રત એવા ઉપલા વર્ગોના લોકોથી આમસમુદાય છેક વિખુટો પડી ગયો છે ને તે બંને વચ્ચે ઊંડી ખાઈ પડી ગઈ છે. વળી તે જ કારણે હિંદુસ્તાનની ભાષાઓ ગરીબ બની છે ને તેમને પૂરતું પોષણ મળ્યું નથી. અટપટા ને ઊંડા તાત્વિક વિચારો આપણી માતૃભાષામાં દર્શાવવાની ફોકટ મહેનત કરતી વખતે આપણે ગોથાં ખાઈએ છીએ. આપણી પાસે વિજ્ઞાનની ચોક્કસ પરિભાષા નથી. આ બધાંનું પરિણામ ખતરનાક આવ્યું છે. આપણી આમજનતા આધુનિક માનસથી; એટલે કે નવા જમાનાના વિચારોથી છેક અળગી રહી છે. હિંદુસ્તાનની મહાન ભાષાઓની જે અવગણના થઇ છે, ને તેને પરિણામે હિંદને જે પારાવાર નુકસાન થયું છે તેનું માપ આજે આપણાથી કાઢી શકાય તેમ નથી, કેમ કે આપણે એ બનાવની બહુ નજીક છીએ. પણ એટલી વાત તો સમજવી સહેલી છે કે આજ સુધી થયેલા નુકસાનનો ઈલાજ નહી થાય; એટલે કે ગયેલી ખોટ પૂરવાની મહેનત આપણે નહી કરીએ તો આપણી આમજનતાનું માનસ મુક્ત નહી થાય, તે રૂઢી ને વહેમોમાં પુરાયેલું રહેશે, અને આમસમુદાય સ્વરાજના ચણતરમાં કશો સંગીન ફાળો નહી



આપી શકે. અહિંસાના પાયા પર રચાયેલા સ્વરાજની વાતમાં એ વાત આવી જાય છે કે આપણો એકેએક માણસ આપણી સ્વતંત્રતાની લડતમાં પોતાનો સ્વતંત્ર સીધો ફાળો આપે. પણ આપણી આમજનતા લડતનું એકેએક પગથિયું જાણે નહીં અને તે દરેકમાં સમાયેલું રહસ્ય પૂરેપૂરું સમજે નહીં તો સ્વરાજના ઘડતરમાં પોતાનો ફાળો કેમ આપશે? અને આમજનતાની પોતાની બોલીમાં લડતના એકેએક પગથિયાની બરાબર સમજૂતી નહીં અપાય તો એ બનવાની આશા કેમ રખાય?

મારી માતૃભાષામાં ગમે તેવી ખામીઓ હોય છતાં મન દૂધથી તેમ તેનાથીયે હું કદી અળગો ન થાઉં, કેમ કે મારા શરીરને તેમ જ મનને બાંધનારું પોષણ એ વિના મને બીજી કોઈ રીતે મળવાનું નથી. પોતાને સ્થાને રહેતી હોય તો અંગ્રેજી પર મને પ્રેમ થાય. પણ તેનું હરગિજ નથી એવું સ્થાન તે પડાવી લેવા માગે તો હું તેનો કટ્ટર વિરોધી થાઉં. અંગ્રેજી આજે દુનિયાભરમાં વહેવાર માટેની ભાષા તરીકે સ્વીકારવામાં આવી છે.એટલે હું વિકલ્પે શીખવાની બીજી ભાષાનું સ્થાન તેને નિશાળના નહીં પણ કોલેજના અભ્યાસક્રમમાં આપું અને તે આપણા ઘડાતા નિશાળોમાં જતા લાખો વિધાર્થીને નહીં પણ નીવડેલા થોડા વિધાર્થીઓને શીખવવાની હોય. આજે મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કરવાનું પૈસાનું સાધન આપણી પાસે નથી ત્યાં સૌને અંગ્રેજી ભણાવવાની જોગવાઈ કરવાની કેવી? રશિયાએ વિજ્ઞાનમાં




કરેલી બધીયે પ્રગતિ અંગ્રેજી વગર કરી. આપણી મનની ગુલામી દશાને પરિણામે આપણને લાગ્યા કરે છે કે અંગ્રેજી વગર આપણને કેમ ચાલશે! કોઈ પણ જાતની કોશિશ કરવાનો વિચાર સરખો કર્યા વિના આગળથી હારી બેસવાની આ વ્રુતિમાં હું કદી સામેલ નહીં થાઉં.

સરકારો અને તેમનાં સેક્રેટરિયેટો એટલે કે, દફતરો સાવધ નહીં રહે તો સંભવ છે કે અંગ્રેજી ભાષા હિન્દુસ્તાનીનું સ્થાન પડાવી લેશે. હિંદના કરોડોની વસ્તીને એથી મોટું નુકસાન થશે, કેમ કે તે વસ્તી કદી અંગ્રેજી સમજી શકવાની નથી. રાજવહીવટને લગતા લખાણનો બધો વહેવાર પ્રાંતિક ભાષાઓમાં અને મારા અભિપ્રાય પ્રમાણે ઉર્દૂ અગર નાગરી લિપિમાં લખાતી જે હિન્દુસ્તાની દ્વારા જ પ્રાંત પ્રાંત વચ્ચેનો વહેવાર થઇ શકે તે બોલીમાં ચલાવવાની શક્તિવાળાં માણસો પ્રાંતિક સરકારો સહેલાઈથી ખસૂસ મેળવી શકે.

આ જરૂરી ફેરફાર કરવામાં જેટલા દિવસની ઢીલ થાય એટલું રાષ્ટ્રને સંસ્કૃતિની દ્રષ્ટીએ નુકસાન થાય. સૌથી પહેલાં હિંદને જે સમૃધ્ધ પ્રાંતિક ભાષાઓની કુદરતી બક્ષિસ મળેલી છે તે બધીનો વહેવાર ફરી ચાલુ કરવાની જરૂર છે. આપણી અદાલતોમાં, આપણી શાળાઓમાં અને આપણી સરકારી કોઠીઓમાં પણ આ ફેરફાર કરતાં થોડો વખત બલકે સંભવ છે કે થોડાં વરસ નીકળી જશે એવી દલીલ કરવામાં માનસિક અથવા બુદ્ધિની મંદતા સિવાય બીજું કશું નથી.

ભાષાને ધોરણે પ્રાંતોના પ્રદેશોની ફરી વહેંચણી નહીં થાય ત્યાં સુધી અલબત્ત, આને અંગે મુંબઈ ને મદ્રાસ જેવા ઝાઝી ભાષા બોલનારા લોકોના બનેલા પ્રાંતોને થોડી મુશ્કેલી રેહશે. પણ એવા પ્રાંતોની પ્રજાને પણ લાગવા માંડે કે હવે આપણા હકનું આપણને મળી ગયું છે તેટલા ખાતર તે તે પ્રાંતોની સરકારો કોઈ ને કોઈ પદ્ધતિ જરૂર યોજી શકે. અને પ્રાંતો પ્રાંતો વચ્ચેના વહેવારને માટે નાગરી ને ઉર્દૂમાં લખાતી હિંદુસ્તાની રાખવી કે કેવળ નાગરીમાં લખાતી હિંદી રાખવી એ સવાલનો નિર્ણય યુનિયન સરકાર ન કરે ત્યાં સુધી ઈસ્ટ ફેરફાર કરવામાં પ્રાંતિક સરકારોએ હાથપગ જોડીને બેસી રેહવાની કશી જરૂર નથી. એ એક તદ્દન બિનજરૂરી વાદાવાદ છે અને સંભવ છે કે હિંદને અપાર તેમ જ કાયમની નામોશીમાં ડુબાડી દેવાને અંગ્રેજી એ વાદાવાદના બારામાંથી ઘૂસી જશે. રાજકાજના વહેવારમાં બધાં ખાતાંઓને અંગે પ્રાંતિક ભાષાઓનું ચલન શરૂ કરી દેવાનું પહેલું તાબડતોબ લેવામાં આવશે તો પ્રાંત પ્રાંત વચ્ચેના વહેવારની ભાષાને અંગેનું પગલું એની મેળે તેની પાછળ આપોઆપ ઝટ લેવાશે. પ્રાંતોને વડી સરકાર સાથે કામ લેવાનું રહેશે. અને કોઈ પણ પક્ષ અગર વિભાગને દુભાવવાનું કારણ આપ્યા વિના જે બોલી સહેજે હિંદભરમાં સામાન્ય થઇ શકે એવી છે તે ન શીખી લેવા જેટલા થોડા ખોબા જેટલા હિંદીઓ આળસુ હોય તેટલા ખાતર આખા રાષ્ટ્રને માથે સંસ્કૃતિની દ્રષ્ટીએ ખોટો બોઝ નાંખી તેને નુકસાન કરવામાં ડહાપણ નથી એ વડી સરકારને સમજાશે તેની સાથે પ્રાંતો પણ પોતાનો વહેવાર તે સરકારની જોડે અંગ્રેજીમાં કરવાની હિંમત નહી કરે. મારી દલીલ એટલી જ છે કે આપણી રાજસત્તા પડાવી લેનારા અંગ્રેજને જેમ આપણે ત્યાંથી રુખસદ આપી તેવી જ આપણી સંસ્કૃતિનું મહત્વનું કામ પડાવી લેનારી અંગ્રેજીમાં પણ આપી દઈએ. વેપાર અને આંતરરાષ્ટ્રીય રાજકારણને માટે પોતાનું સ્વાભાવિક સ્થાન સમૃદ્ધ અંગ્રેજી બોલી હંમેશાં ટકાવી રાખશે.



**સંસ્કૃતનું સ્થાન**

બધી હિંદુ ધાર્મિક ક્રિયામાં સંસ્કૃત હોવું જોઈએ એવો મારો અભિપ્રાય છે. તરજુમો ગમે તેટલો સરસ હોય તોપણ અમુક શબ્દોના ધ્વનિમાં જે રહસ્ય હોય છે તે તરજુમામાં મળતું નથી. વળી, હજારો વર્ષો થયાં જે ભાષા સંસ્કારી બની છે અને જે ભાષામાં અમુક મંત્રો બોલવામાં આવ્યા છે તે પ્રાકૃતમાં જ ઉતારવાથી અને તેટલેથી જ સંતુષ્ટ રહેવાથી તેનું ગાંભીર્ય ઓછું થાય છે. પણ દરેક મંત્રનો અને દરેક ક્રિયાનો અર્થ જેને સારુ તે મંત્રો બોલાતા હોય અથવા ક્રિયા થતી હોય તેઓને તેમની ભાષામાં સમજાવવો જ જોઈએ એ વિશે મારા મનમાં જરાય શંકા નથી. મારો એવો પણ અભિપ્રાય છે કે કોઈ પણ હિંદુની કેળવણી જ્યાં સુધી તેણે સંસ્કૃત ભાષાનાં મૂળતત્વોનું જ્ઞાન આપવામાં ન આવે ત્યાં સુધી અધૂરી જ છે. સંસ્કૃતના બહોળા પ્રમાણના જ્ઞાન વિના હિંદુ ધર્મની હસ્તી જ મારાથી કલ્પી શકાતી નથી. ભાષા કઠિન આપણે આપણા શિક્ષણક્રમે કરી મૂકી છે. વસ્તુતઃ એ કઠિન નથી. પણ જો કઠિન હોય તો ધર્મનું પાલન એથીય કઠિન છે. એટલે જેને ધર્મનું પાલન કરવું છે તેને તો એ પાલન કરવાને સારુ જે સાધનો આવશ્યક હોય તે કઠિન છતાં સહેલાં જ લાગવા જોઈએ.



**સમસ્ત પાટીદારની એકતાનું ધામ**

# સરદારધામ

**વિશ્વ પાટીદાર સમાજ**

**મિશન-૨૦૨૬ અંતર્ગત**

## સમસ્ત પાટીદાર સમાજના ભાઈ-બહેનો માટે મહેસૂલી, કાનૂની, સમાજસુરક્ષાને સંલગ્ન પ્રશ્નોના ઉકેલ માટે સરદારધામની આગવી પહેલ (initiative)

સમસ્ત પાટીદાર સમાજના ખેડૂત મિત્રો, રીઅલ એસ્ટેટ સાથે સંકળાયેલ ડેવલપર્સ, વ્યાપારી/ઔદ્યોગિક મિત્રો તેમજ સમાજસુરક્ષાને લગતા પ્રશ્નો અંગે તમામ ભાઈ-બહેનોને જણાવવાનું કે મહેસૂલી, કાનૂની તેમજ સમાજસુરક્ષાને લગતા પ્રશ્નોના ઉકેલ અને જરૂરી માર્ગદર્શન અર્થે **નિઃશુલ્ક માર્ગદર્શન કેન્દ્ર** શરૂ કરેલ છે, જેમાં નિવૃત્ત આઈ.એ.એસ. અધિકારીઓ, મહેસૂલી વિભાગના અનુભવી નિવૃત્ત અધિકારીઓ, નિવૃત્ત આઈ.પી.એસ. અધિકારીઓ, પોલીસ વિભાગના નિવૃત્ત અધિકારીઓ, ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ તેમજ કાયદાના તજજ્ઞોની સેવાઓ દ્વારા પ્રશ્નોના નિરાકરણ માટે સેવા આપવાનો નિર્ધાર કરેલ છે.

www.sardardham.org ઉપર ઉપલબ્ધ નિયત અરજી ફોર્મમાં અથવા સાદી અરજીમાં વિગતો દર્શાવી નીચેના સરનામે મોકલી આપવા વિનંતી. આપના પ્રશ્નોના નિરાકરણ માટે સંબંધિત ક્ષેત્રની ટીમ સમક્ષ આપને રૂબરૂ બોલાવવામાં આવશે, જેની સૌ સંબંધકર્તાએ નોંધ લેવા વિનંતી.

| ગગજી સુતરિયા | સી. એલ. મીના IAS (Retd) | એચ. એસ. પટેલ IAS (Retd) |
|---|---|---|
| પ્રમુખ સેવક | ડાયરેક્ટર, સિવિલ સર્વિસ | સી.ઈ.ઓ. |


**સરદારધામ**

વૈષ્ણોદેવી સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૪૨૧

www.sardardham.org • info.sardardham@gmail.com • 91 7575001428



સમસ્ત પાટીદારની એકતાનું ધામ

# સરદારધામ

વિશ્વ પાટીદાર સમાજ

સરદારધામ સમર્થ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ

## આપના વિચારો રજૂ કરવાની સુવર્ણ તક

નમસ્કાર અમારા આત્મીય પાટીદાર બંધુ-ભગિનીઓ,

સરદારધામ વિચારયાત્રામાં વધુ ને વધુ લોકો તન-મન-ધનથી જોડાય તેમજ લોકોને તેમના વિચારો રજૂ કરવાની તક મળે તેવા શુભ આશયથી **'સરદારધામ એક વિચાર ઇ-મેગેઝિન'**માં નીચેના વિષયો પર અસરકારક, ઉપયોગી, મુદ્દાસર લેખ મંગાવવાનું મેગેઝિન કમિટી તરફથી નક્કી કરેલ છે. આવેલ લેખમાંથી કમિટી દ્વારા પસંદ કરાયેલ લેખ જે તે વ્યક્તિના નામ અને ફોટા સાથે મેગેઝિનમાં પ્રકાશિત કરવામાં આવશે. લેખ મોકલવાની **છેલ્લી તારીખ દરેક મહિનાની ૨૦ તારીખ** રહેશે. ત્યારબાદ આવેલ લેખ જો પસંદ થશે તો આગામી અંકમાં પ્રકાશિત થશે.

આપનો લેખ magazine.sardardham@gmail.com પર Word ફોર્મેટમાં આપના નામ, નંબર, વિષય અને ફોટા સાથે મેઇલ કરવો.

**લેખ માટેના વિષય નીચે મુજબ રહેશે.**

૧) સ્ત્રીસશક્તિકરણ
૨) બિઝનેસ
૩) મોટીવેશનલ
૪) શિક્ષણ
૫) સરકારની આગામી યોજનાઓ
૬) ફેશન
૭) સક્સેસ સ્ટોરીઝ
૮) ભાવિ પડકારો
૯) તંદુરસ્તી
૧૦) પ્રવાસ
૧૧) પ્રશ્નોત્તરી - કાનુન / મહેસુલ / સમાજ / ખેતી / જનરલ
૧૨) પ્રાકૃતિક ખેતી (ઓર્ગેનિક ખેતી)
૧૩) સ્પોર્ટ્સ





**મેગેઝિનમાં લેખ માટે કે અન્ય કોઇ માહિતી માટે ૯૮૭૯૯૯૪૯૬૭/ ૭૫૭૫૦૦૧૫૯૬ પર સંપર્ક કરવો.**

સરદારધામ, વૈષ્ણોદેવી સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૪૨૧

/Sardardham1 • /sardardham_ • www.sardardham.org • info.sardardham@gmail.com
+91 7575001548 • @sardardham_ • Sardardham_Info • /Sardardham

# સરદારધામના ગૌરવવંતા ભામાશાશ્રીઓ



**શ્રી વિશ્રામભાઇ જે. પટેલ (વરસાણી)**
વિજય કન્સ્ટ્રક્શન - Seychelles - આફ્રિકા
સિવિલ સર્વિસ કેન્દ્ર ભુજ સંકુલ દાતાશ્રી
સરદારધામ તમામ ઝોન સ્પોર્ટસ એકેડમી દાતાશ્રી
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રી દુષ્યંતભાઈ આર. પટેલ**
એસ્ટ્રલ સ્ટેરીટેક પ્રા. લિ. - વડોદરા
સરદારધામ મધ્યગુજરાત સંકુલ દાતાશ્રી
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રી મફતલાલ વી. પટેલ**
પટેલ બ્રધર્સ - યુ.એસ.એ.
ફેઝ-૨ કન્યા છાત્રાલય ભવનદાતાશ્રી
ઓડિટોરિયમ હોલના દાતાશ્રી
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રી કાનજીભાઈ કે. પટણી**
નિશ્રીન ટ્રેડીંગ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ
ભૂમિદાતાશ્રી - નવી મુંબઈ
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રી ગોવિંદભાઈ એલ. ધોળકિયા**
શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટ - સુરત
ભવનદાતાશ્રી - સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રી નટુભાઈ એમ.પટેલ**
મેઘમણી ગ્રૂપ - અમદાવાદ
સમાજ સેતુ ભવન દાતાશ્રી
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રી લવજીભાઈ ડી. ડાલિયા (બાદશાહ)**
અવધ - GOPIN - સુરત
ભવનદાતાશ્રી - સ્થાપક ટ્રસ્ટીશ્રી



**સ્વ. શ્રી પોપટભાઈ એન. ડુંગરાણી**
જયફ્ન પાર્ક પ્રા. લિ. - સુરત
ભવનદાતાશ્રી



**CA વી. વી. પટેલ**
ચેરમેન - વી સ્ક્વેર ગ્રૂપ - અમદાવાદ
કન્યા છાત્રાલય ભવનદાતાશ્રી
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રીમતી વનિતાબેન પી. ભાલોડિયા**
ઓરપેટ ગ્રૂપ - મોરબી
ફેઝ-૨ કન્યા છાત્રાલય, ભવનદાતાશ્રી
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રી ધીરુભાઈ એમ. ભંડેરી**
ભંડેરી ગ્રૂપ - અમદાવાદ
ફેઝ-૨ કન્યા છાત્રાલય, ભવનદાતાશ્રી
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રી જશવંત એ. પટેલ**
શ્યામલ ડેવલપર્સ - અમદાવાદ
સિવિલ સર્વિસ કેન્દ્રના નામકરણના દાતાશ્રી
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રી અરજણભાઈ એલ. ધોળકીયા**



**શ્રી દિનેશભાઈ વી. નારોલા**

SRK Exports Pvt. Ltd. - સુરત
ભવન ઉદ્ઘાટકશ્રી - સ્થાપક ટ્રસ્ટીશ્રી




**શ્રી હિંમતભાઈ ડી. ધોળકિયા**



**શ્રીમતી મંજુલાબેન એચ. ધોળકિયા**

ધોળકિયા ફાઉન્ડેશન-હરિકૃષ્ણ ગ્રૂપ - સુરત
ફેઝ-૨ શિલાન્યાસ દાતાશ્રી

# સરદારધામના ગૌરવવંતા દાતાશ્રીઓ



**શ્રી રણછોડભાઈ જે. પટેલ**
રણજીત બિલ્ડકોન લિ. પરિવાર - અમદાવાદ
સરદાર સાહેબની પ્રતિમાના દાતાશ્રી
સ્થાપક ટ્રસ્ટીશ્રી




**શ્રી પારૂલભાઈ એલ. કાકડિયા**
નિશાંત એન્ટરપ્રાઈઝ પ્રા.લી. - વડોદરા
ભૂમિદાતાશ્રી મધ્ય ગુજરાત
સ્થાપક ટ્રસ્ટીશ્રી




**શ્રી રમેશભાઈ એ. પટેલ**
રમેશ પટેલ બિલ્ડર્સ પ્રા. લી. - વડોદરા
ભૂમિદાતાશ્રી મધ્ય ગુજરાત
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રી વિપુલભાઈ વી. ગજેરા**
નીલકંઠ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ, અંકલેશ્વર
ભૂમિદાતાશ્રી મધ્ય ગુજરાત
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રી પ્રભુલાલભાઈ એમ. ધોળુ**
પી. સી. પટેલ ઈન્ફ્રા પ્રા. લી.
ભૂમિદાતાશ્રી મધ્ય ગુજરાત
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રી રમેશભાઈ કે. બલર**
એરોસ્પેસ એન્જીનીયરીંગ - યુ.એસ.એ.
ભૂમિદાતાશ્રી મધ્ય ગુજરાત
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રી ભુપેન્દ્રભાઈ એ. પટેલ**
Rivian Automotive (Ditroit-USA)
ભૂમિદાતાશ્રી મધ્ય ગુજરાત
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રી દિયાળભાઈ કે. વાઘાણી**
કપુ જેમ્સ - મુંબઈ
ભૂમિદાતાશ્રી દક્ષિણ ગુજરાત
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રી કેશવભાઈ એચ. ગોટી**
ગ્લો સ્ટાર - સુરત
ભૂમિદાતાશ્રી દક્ષિણ ગુજરાત
સ્થાપક ટ્રસ્ટીશ્રી




**શ્રી મુકેશભાઇ એમ.પટેલ**
એમ.કે.ગ્રુપ - સુરત
ભૂમિદાતાશ્રી દક્ષિણ ગુજરાત
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રી અંકિતભાઈ એસ. પટેલ**
ઉમિયા ઓવરસીઝ
ફેઝ-૨ કન્યા છાત્રાલય
ભૂમિદાતાશ્રી - ગાંધીનગર



**ગગજી સુતરિયા**
પ્રમુખ સેવક-સરદારધામ
અમદાવાદ
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**ડો. ચિતરંજનભાઈ એ. પટેલ**
યુ.એસ.એ.
ઈ-લાઈબ્રેરીના દાતાશ્રી



**શ્રી લાલજીભાઈ ટી. પટેલ**
ધર્મનંદન ડાયમંડ - સુરત
મલ્ટીપર્પઝ હોલના દાતાશ્રી
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રી કાંતિભાઈ વી. ઉકાણી**
ભૂમિ ડેવલોપર્સ - અમદાવાદ
ડાઇનિંગ હોલના દાતાશ્રી
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રી માધવજીભાઈ ડી. માંગુકિયા**
લેન્ડ માર્ક - સુરત
કન્યા છાત્રાલય વિંગના દાતાશ્રી
ટ્રસ્ટીશ્રી



**શ્રી દર્શનભાઈ એન. પટેલ**
વિની કોસ્મેટીક્સ પ્રા. લી. - અમદાવાદ
મલ્ટીપર્પઝ હોલના દાતાશ્રી
ટ્રસ્ટીશ્રી




**શ્રી ચિંતનભાઇ જે. પટેલ**
ઓરેવા ગ્રુપ, અમદાવાદ,
જી.પી.બી.ઓ. હોલનાં દાતા શ્રી
સ્થાપક ટ્રસ્ટીશ્રી



**શ્રી રાકેશભાઈ એચ.દુધાત**
શ્રી હરિગ્રૂપ - આફ્રિકા
નામકરણના દાતાશ્રી
સ્થાપક ટ્રસ્ટીશ્રી

# સરદારધામના ગૌરવવંતા સ્થાપક ટ્રસ્ટીશ્રીઓ


શ્રી મૌલેષભાઈ ડી. ઉકાણી
બાન લેબ્સ લી.
રાજકોટ


શ્રી સવજીભાઈ ડી. ધોળકિયા
હરિક્રિશ્ના એક્સપોર્ટ પ્રા.લી.
સુરત


શ્રી નીતિન ભાઈ આર. પટેલ
ગાય છાપ બેસન
અમદાવાદ


શ્રી અરવિંદભાઈ ડી. તેજાણી
તેજાણી એન્ટરપ્રાઈઝ
સુરત


શ્રી આનંદભાઈ એ. પટેલ
એપોલો ગ્રૂપ
અમદાવાદ


શ્રી મનજીભાઈ પી. પટેલ
તાપ્તિ એક્સપોર્ટ
મુંબઈ


ડૉ. દશરથભાઈ વી. પટેલ
ગુજરાત મલ્ટીગેસ બેઝ
કેમિકલ્સ પ્રા.લિ., મહેસાણા


શ્રી જયસુખભાઈ ઓ. પટેલ
ઓરેવા ગ્રૂપ
અમદાવાદ


શ્રી એન. કે. પટેલ
સન બિલ્ડર્સ
અમદાવાદ


શ્રી પી. એસ. પટેલ
પી. એસ. પી. પ્રોજેક્ટ લી.
અમદાવાદ


શ્રી દશરથભાઈ એમ. પટેલ
સમર્થ ડાયમંડ
વિસનગર


શ્રી હંસરાજભાઈ એ. ગોંડલિયા
અલિન્દ્રા ગ્રૂપ
સુરત


શ્રી રણછોડભાઈ કે. દેત્રોજા
રત્નકલા એક્સપોર્ટ પ્રા.લી.
નવસારી


શ્રી ભુપતભાઈ પી. રામોલિયા
ધનવીન પીગમેન્ટસ પ્રા. લી.
અંકલેશ્વર


શ્રી ચિંતનકુમાર કે. ગોટી
ગ્લો સ્ટાર
સુરત


શ્રી હરેશભાઈ ડી. મોરડિયા
મહાદેવ ગ્રૂપ
અમદાવાદ



શ્રી ગણપતભાઈ આઈ. પટેલ
ગણપત યુનિવર્સિટી
યુ.એસ.એ.


શ્રીમતી મંજુલાબેન જી. પટેલ
ગણપત યુનિવર્સિટી
યુ.એસ.એ.


શ્રી પ્રમુખભાઈ ડી. પટેલ
શ્રીરંગ કોર્પોરેશન
અમદાવાદ


શ્રી કરશનભાઈ જી. પટેલ
આર. કે. સિન્થેસીસ લી.
અમદાવાદ


શ્રી કંચનભાઈ બી. પટેલ
કે. બી. જ્વેલર્સ
અમદાવાદ


શ્રી જીવરાજભાઈ એસ. ગાબાણી
મીરા જેમ્સ
સુરત


શ્રી કિશોરભાઈ વી. વિરમગામા
આયર્ન ટ્રાયેન્ગલ
અમદાવાદ



શ્રી રમેશભાઈ બી. મેશિયા
કર્ણાવતી ગ્રૂપ
અમદાવાદ


શ્રી પ્રવિણભાઈ એચ. લખાણી
યોગી ઈન્ટરમિડિયેટ્સ પ્રા.લી.
અમદાવાદ


ડૉ. કિરણભાઈ સી. પટેલ
યુ.એસ.એ.-ફ્લોરિડા


શ્રીમતી પલ્લવીબેન કે. પટેલ
યુ.એસ.એ.-ફ્લોરિડા


શ્રી બી. કે. પટેલ
ડાયનેમિક કલરીંગ લીવસ
અમદાવાદ


શ્રી મહેન્દ્રભાઈ એમ. પટેલ
અબુંજા ઈન્ટરમીડિયેટ્સ
કડી



શ્રી આશિષભાઈ એ. પટેલ
અવની સીડ્સ
અમદાવાદ


શ્રી અંબાલાલ એમ. પટેલ
અવની સીડ્સ લી.
અમદાવાદ


શ્રી રવજીભાઈ પી.વસાણી
વસાણી ગ્રૂપ
અમદાવાદ


શ્રી દિલીપભાઈ પી. પટેલ
રાજા ઈન્ડસ્ટ્રીઝ
કડી


શ્રી બાબુભાઈ એલ. નારોલા
નારોલા જેમ્સ
સુરત


શ્રી જીવણભાઈ જી. ગોવાણી
શુભજીવન બિલ્ડર્સ પ્રા.લિ.,
મુંબઈ


શ્રી ભરતભાઈ એચ. રાદડિયા
એચ.ઓ.એફ. ફર્નિચર
અમદાવાદ

Reg. Under RNI No.-GUJGUJ/2015/69143. Registered under postal Reg. No.-AHD-C/70/2021-23 valid upto 31st Dec.-2023
issued by the SSPOs Ahmedabad city Division Published on 1st Date of every month and
posted at Ahmedabad PSO on 2nd date of every month

# સરદારધામ અમદાવાદ




## આપણાં સૌનું સહિયારૂં લક્ષ્ય સરદારધામ મધ્ય ગુજરાત (વડોદરા) - ૨૦૨૨




**JOIN US ON SOCIAL MEDIA PLATFORM**

SardardhamOfficial | SardardhamOfficial | sardardham_official | +91 7575001428 | sardardham_ | SardardhamOfficialGroup

| સરદારધામ મધ્યસ્થ કાર્યાલય | સરદારધામ મધ્ય ગુજરાત કાર્યાલય | સરદારધામ ઉત્તર ગુજરાત કાર્યાલય |
|---|---|---|
| સરદારધામ, વૈષ્ણોદેવી સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૪૨૧<br>Mo – 7575001548 / 1596 / 1438<br>Email - info.sardardham@gmail.com<br>ટ્રસ્ટ રજી. નં. : ઈ/૨૦૯૨૪/અમદાવાદ | સરદારધામ મધ્ય ગુજરાત, એલ એન્ડ ટી નોલેજ સિટીની બાજુમાં, વાઘોડિયા ક્રોસિંગ પાસે, નેશનલ હાઈવે-8A, વડોદરા - ૩૯૦૦૨૦, Mo – 7575033001<br>Email - sardardham.baroda@gmail.com | સરદારધામ GPBO હોલ, એપોલો આર્કેડ, વિશ્વકર્મા વાડી સામે, મોઢેરા રોડ, મહેસાણા<br>Mo – 7575001774<br>Email - gpbomehsana@gmail.com |

| સરદારધામ દક્ષિણ ગુજરાત કાર્યાલય | સરદારધામ સૌરાષ્ટ્ર કાર્યાલય | સરદારધામ ભુજ કાર્યાલય |
|---|---|---|
| સરદારધામ દક્ષિણ ગુજરાત, ૪થો માળ , પ્રભુ પ્રસાદ, ન્યૂ SRK હાઉસની નજીક, હિન્દુ મિલન મંદિરની સામે, કાસાનગર ત્રણ રસ્તા, કાસા નગર, કતારગામ-૩૯૫૦૦૪<br>Mo- 7575007186 • Email - sardardhamsurat@gmail.com | સરદારધામ સૌરાષ્ટ્ર, ઇન્દ્રપ્રસ્થ નગર-૧ કોર્નર, એસ. કે. પાઠક સ્કૂલ ની બાજુમાં, ભક્તિનગર રેલવેલાઈન પાસે, રાજકોટ ૩૬૦૦૦૧<br>Mo – 7575009796<br>Email - sardardham.rajkot2019@gmail.com | સરદારધામ સુર્યા વરસાણી એકેડમી, સેનેટોરિયમ પાસે, ભુજ મુન્દ્રા હાઈવે, ભુજ - ૩૭૦૪૨૭<br>Mo – 7575001438<br>Email - bhuj@sardardham.org |

| | | |
|---|---|---|
| GPBO **અંગે માહિતી માટે** - 7575007183 | **યુવા તેજ તેજસ્વિની અંગે માહિતી માટે** - 7575001596 | **વિદ્યાર્થી દત્તક યોજના અંગે માહિતી માટે** - 7575001428 |
| **સિવિલ સર્વિસ કેન્દ્ર** - 7575008386 / 7184<br>Email - csc@sardardham.org | Website – www.sardardham.org | FCRA Regd. No. : 041910486/Dated 11-03-2019 |
| CSR Regd. No. : CSR00003148/Dated 22-04-2021<br>80(G) Regd. No. : AAPTS3354N/129/15-16/T-0398/80G(5)/Dated 09-09-2018 | PAN - AAPTS3354N | GSTIN : 24AAPTS3354N1ZU |

Printed, Published by **GAGJIBHAI G. Sutariya** on behalf of **SARDARDHAM** and Printed at Krishna Graphics and Printers, B/4, Anand mangal Complex, Opp. Omkar House Swastik Char Rasta, Navrangpura, Ahmedabad-380009 and **Published from** Near Royal Heights, S.P. Ring Road, Vaishnodevi Circle, Ahmedabad-382481 • **EDITOR : GAGJIBHAI G. SUTARIA**